# ॐसूर्यकान्त.ॐ

---

## વેદાન્ત જ્ઞાન દર્શન.

પ્રથમ ભાગ.

રચનાર,

## કવિ. હર્ષદરાય સુંદરલાલ મુનશી.

જે કે

(૧) અંગદવિષ્ટિ–(૨) કલિપ્રભાવ પચાસા, (૩) ગુરૂપ્રતાપ બત્રિશી, (૪) નાસકેતરી (૫) પદ્માકર સંવાદ દશક–(૬) રંગબત્રિસી, (૭) હરિ સુભાષિત, (૮) પૈશુન્યનની, (૯) આત્મબોધ, (૧૦) તત્વબોધ, (૧૧) ભૈરવપ્રતાપ બાવની, (૧૨) અનુરાગ રાસપીડી, (૧૩) સમિતશ્રેણી (૧૪) ગર્દભમહ. વિગેરે કવિત્વ કાવ્યના લેખક, તથા, (૧૫) અહોભાગ્યખંડ, (૧૬) ચક્રવિવાદ, (૧૭) નારદદર્પભજન, એ ગુજરાતી પદ્યાત્મક લખનાર તથા (૧૮) હરિશ્ચંદ્ર ભજન,(૧૯) પાખંડ ખંડન(૨૦) સુરવિરવિવાદ (૨૧) પ્ર. સંદ પ્રસાદ આગર. (૨૨) સુરંગનો મંડપ. (૨૩) વિદ્યાર્થીના ચરિત્ર, એ ઇંગ્લિશ ગદ્યના લખનાર, તથા (૨૪) મિત્રાંબા, (૨૫) રત્નમાલ (૨૬) સુંદરકાનું, એ નાટક નાટક લખનાર તથા (૨૭) રસિકપ્રિયા. (૨૮) વૈદ્યકલ્પ, (૨૯) દેહચિંતા, (૩૦) અલંકાર ચિંતામણી, એ પુસ્તકોની ટીકા કરનાર

અમદાવાદ.

અન્ત્યોદય પ્રેસમાં છાપ્યો.

કિમત ૪ રૂપીઆ.

श्लोक.

यावत्स्वस्थ मिदं शरीर मरुजं याव ज्जरा दूरतो
याव चेंद्रिय शक्तिर प्रतिहता यावत्क्षयो नायुषः
आत्म श्रेयसि तावदेव विदुषाःकार्य प्रयत्नो महान्
संदिप्ते भवने प्रकूप खननं प्रत्युद्यमःकीदृशः

॥ भर्तृहरी ॥

અર્થ.

જ્યાં સુધી આ શરીર રોગ ન થતાં સ્વસ્થ છે. ઘડપણ દુર રહ્યું છે, ઇંદ્રિયોની શક્તી જ્યાં સુધી નિર્બળ થઇ નથી અને આયુષ્યનો ક્ષય થયો નથી ત્યાં સુધી બુદ્ધિમાને પોતાના શ્રેય (કલ્યાણ) માટે સારો પ્રયત્ન કરી લેવો જોઇએ કારણ કે જ્યારે ઘરને આગ લાગે ત્યારે તે વખતે કુવો ખોદવાનો યત્ન કરવો એ કેવું!

અમદાવાદ

સત્યોદય પ્રેસમાં મુદ્રાંકિત કર્યું.

ॐ.

# ઇશ્વરોપાસના.

---

## કવિત મનહર.

મહિમા જાહેર તારો બાહેર અંતર મધ્ય,
કળિ ન શકાય એવા પૂર્ણ સુખ ધામ છો,
મરણ્ય અંજન ત્રિગુણથી રહિત તમે
સર્વ જ્ઞાન મંદિર પુનિત પ્રિય નામ છો,
ચિત્તનું કે હૃદયનું જ્ઞાન તને જાણવાને
માળવાને કોઈ ન સમર્થ એવા શ્યામ છો
સાહેબ સરવના મુકાબિલ સરવમાં છો
કારણનું કારણ મહંતના આરામ છો....૧

અજર અમર સદા એકરસ યાદ અંગ,
આનંદ પવિત્ર નાથ ધરીશ અપાર છો,
એક છો અખંડિત અલક્ષ નેક નામદાર
રાવતણા રાવ બાહાદુર ગુણાગાર છો
મહાભવાટવી રૂપ યદિ મુક્ત કરનાર
પંચભૂત ક્રિયારૂપ છાડે સરદાર છો
સાલનું પાલન કરનાર છોટા મોટાતણું
લાલ તણા લાડ સરવના હિતકાર છો....૨

જે કે આ જગત તેમ અનેક બ્રહ્માંડ રચ્યાં.
અનેક પ્રમાણે કરી પુરો ઓળખાય છે.
લોક ઉપયોગી કામ કરીને બતાવી કૃતિ
પોતાનુ પવિત્ર નામ એથી દરસાય છે.

એવો એક ઈશ્વર आ जगतमां उमर છે.
રાખ્યું છે બિરદ જેના ગુણ સહુ ગાય છે.
જેમણે ગાયા છે ગુણ તેમણે जे जे લખ્યું છે.
સુક્રત જાણીને મારૂં મન હરખાય છે,....૩

कार्य जे कर्यां છે તે અપાર અદભુત દીસે.
અહા एज एक रूपी धागने વિચારીયે
એવા રૂપ ભાગને समारयान होट એવો
માધુરી વાણીથી એ પ્રભુને ઉર ધારિયે
અહો माई पुरण उमंग वाळा મિત્ર સુણો
तेवां कार्य करवामां ઈશ્વર ઉચ્ચારીએ
જગત બનાવનાર उमंगी પ્રકાશી रहया,
એવા વિશ્વનાથને કદી નહિ વિસારિયે....૪

દના કદી કહું તો તું પુરવેશી તુંજ દિસે
અને तन पोते એમ કહું તોય તુંજ છે,
તેમનામાં તુંજ લોક कुळमा પે તુંજ વળિ
દિવસમાં તુજને મધ્યાન માંયે તુંજ છે.
પોતાનુ उत्तम દેહ જોઇએ તો તુંજ દીસે
कार्य शल्कारवाने તેમાં પણ તુંજ છે,
गर्दम चन्द्रा सज्जन માંય પણ તુંજ છો જી
तेमज सज्जन पुरुषोने મધ્ય તુંજ છે....૫

धान्नीमाने લખનાર કોઇ નથી રૂપ તારૂં
तेमना વિચાર તો रहयः છે ચિત્ત દ્વારમાં
दरिद्र हृदयमां निवास करवा वाळा છો
सायक છો તમે મનુષ્ય છો અધિકારમાં
परम આનંદ છો दरिद्र છો सुजान प्रभु

સંતોષની છાયા આપનાર દયાગાર છો
ઘાણીમાં વિનોદ આપનાર પુરેપુરી રીતે
મદદ દેનાર સુખકાર દયાગાર છો.....૬

આપી છે સુમતિ અહો વિશ્વનાથ તમે મને
તેથીઆપનો આભાર માની શિર ધરૂ છુ
યથામતિએ લખેલો અબુધ આ ગ્રંથ તેનો
આપનેજ અરપણ નમ્રતાથી કરૂં
ગતિ આપનાર શુભ માર્ગને બતાવનાર
તારૂ નામ નિશદિન મુખથી ઉચરૂ છું.
સરવનું શ્રેય કરનાર દયગાર વિભુ
શરણું તમારૂ ઝાલી શરણમાં રહુ છું.....૭



# अर्पण पत्रिका.



### મનહર છંદ

વિક્ષેપ રહિત જેનું હ્રદય સદય સદા
સ્વદેશ કલ્યાણ માટે હિમ્મતધરે છે જે
અનેક પ્રયત્ન કરી સારા સારા શોધ માટે
જન્મભૂમિ મુકીને પ્રદેશ વિચરે છે જે
સદા અભિરામ કામ અંતરમાહ્યમ અતિ
ઠામ ઠામ ઐકતા વધારવા ફરે છે જે
એવા સુખ દાયક સજ્જન મનરંજન તે
કવિ હર્ષદતણું હૃદય ઠરે છે તે

જેના અતરમાં નથી લેશ અભિમાન અંશ
ઉપકાર માટે યત્ન સદાય કરે છે જે
લોક અપવાદ કે નિરર્થક વિવાદ માટે
અપયશ કાજ નિજ દિલથી ડરે છે જે
ધનહિન જનને ઉદ્યોગમા લગાડવાને
વિદ્યાતણું દાન દઈ લાયક ઠરે છે જે
એવા સુખદાયક સજ્જન મનરંજન તે
કવિ હર્ષદ તણું હ્રદય ઠરે છે તે

પ્રમાદી પુરૂષોનો પ્રમાદનો વિશાદ હરે
ઉદ્યોગ નૌકામાં સૌને બે સારી તરે છે જે
વિજયનો નાદ ઠેર ઠેર ગરજાવી પછી
પ્રદેશનું દ્રવ્ય ખેંચી સ્વદેશ ભરે છે જે
સંપ જંપ આનંદનો સઘળે પ્રકાશ કરે
શાન્તતાની ચાદર પ્રયાસે પાથરે છે જે
એવા સુખદાયક સજ્જન મનરંજન તે

## અર્પણ પત્રિકા

કવિ હર્ષદ તણું હૃદય કરે છે તે

સદય હૃદય વાળા સત્યને સંભાળનાર
એવા ગુણ ગ્રાહી તણા ગુણ ઉચરૂં હું
જેઓ પરછિદ્રને તપાસનાર ખળ લોકો
એવા દુર્જન થકી અધિક ડરૂં હું
જેઓ રાગદ્વેષ કલેશ દંભથી રહિત એવા.
પંડિત સુજાણ માટે માથુ પાથરૂંછું હું
સાત્વિક સ્વભાવવાળા સજ્જનની સેવા માંહે
પુસ્તક મુકીને અભિવંદન કરૂં હું

---



## સવૈયો

ज्यौं रवि के प्रकट तिमिरादिक बेगिहि दौरत दूरहि भागे
त्यौं मति मद्ध पटंतर दूरत ज्ञानप्रकाश-प्रकासन लागे
ज्ञानन ते प्रगटे चित निर्मल सत्त्वप्रभाव यथा अनुरागे
सोई प्रसंगनतें कवि इष्ट सुरस्त कान्त धर्यौ प्रियआगे ॥

જેવી રીતે સૂર્યનો પ્રકાશ થવાથી અંધારૂં (તિમિરાદિક) જલદીથી નાશ પામે છે તેવી રીતે જ્ઞાનરૂપી સૂર્ય પ્રકાશ ઉદય થવાથી જીવાત્મા ઉપર અજ્ઞાન વૃત્તિ પટંતરનું જે આચ્છાદન તિમિરૂપી તે જલદી ખસી જાય છે; જ્યારે જ્ઞાન પ્રગટ થાય છે ત્યારે સાત્વિકગુણનો ઉદય અને તે ગુણ ઉપર પ્રેમ રહે છે;–એવા પ્રેમ વડે કરીને કવિ દર્શકે પ્રિય જનોના સન્મુખ સૂર્યકાન્ત મુકયો છે; જેઓનું ચિત્ત પરોપકાર કરવામાં ઉમંગવાળું છે, જેઓ સ્વદેશ સેવા બજાવવાને પોતાના દેહનો પણ ભોગ આપે છે, જેઓ સર્વના અંતઃકરણમાં વસીને સત્યવસ્તુને પાળનારા છે, જેઓ કળા અને વિદ્યામાં સંપૂર્ણ કુશળતા મેળવીને બ્રહ્મ જ્ઞાનના પારને પામેલા છે; જેઓના મસ્તક ઉપર સંસાર વ્યવહારનો અનહદ બોજ છતાં તે વેઠનારું સહન કરીને એકાગ્ર વૃત્તિ દ્વારાએ ચંચળ મનને વશ રાખ્યું છે તેવા સુઘડ અને ચતુર પુરુષને પ્રિય એવું નિવેદન કરાયું છે; આ શરીર અને તેમાં રહેલી વસ્તુ શી છ! તેમજ આ જગત અને જગતનો બનાવનાર તથા તેમાં અને સર્વમાં નિવાસ કરનાર કોણ છે! એ વિષયનો નિર્ણય કરવાને કોઇ શક્તિવાન થયું નથી, યદ્યપિ વેદ વાક્ય યથાર્થ છે એમ માનવામાં આવ્યું છે, સૃષ્ટિ ક્યારે ઉત્પન્ન થઇ, એ વિષે વેદ પણ ખુલ્લું કહ્યું નથી પણ તેના માટે વિધવિધરૂપી કલ્પનાઓ મનુષ્યના હૃદયમાં જેવા પ્રકારની થઇ તેવા પ્રકારની કલ્પનાનું ચિત્ર અંધ હેમ દ્વારાએજ સમજાઇ આવે છે; જે રીતે અનેક વનસ્પતિઓના જુદા જુદા રૂપ એકેક કોઇ દાહક તો કોઇ શીત, કોઇ તરશ્રગ તો

## અભિલાષીનો હેતુ

### सवैया

ज्यौंरविके प्रकटे तिमिरादिक वेगिहि होकर दूरहि भागे
त्यौंमति अज्ञ पटंतर छूटत ज्ञानप्रकाश-प्रकाशन लागे
ज्ञाननतें प्रगटे चित निर्मळ सत्वस्वभाव यथा अनुरागे
सोई प्रसंगनतें कवि हर्षद सूरज कान्त धर्यो प्रियआगे ॥

જેવી રીતેં સુર્યનો પ્રકાશ થવાથી અંધારૂં (તિમિરાદિક) જલદીથી નાશ પામે છે તેવી રીતે જ્ઞાનરૂપી સૂર્ય પ્રકાશ ઉદય થવાથી જીવાત્મા ઉપર અજ્ઞાન વૃત્તિ પટંતરનું જે આચ્છાદન તિમિરૂપી તે જલદી ખશિ જાય છે; જ્યારે જ્ઞાન પ્રગટ થાય છે ત્યારે સાત્વિકગુણનો ઉદય અને તે ગુણ ઉપર પ્રેમ રહે છે;–એવા પ્રસંગવડે કરીને કવિ હર્ષદે પ્રિય જનોના સન્મુખ સૂર્યકાન્ત મુકયો છે; જેઓનું ચિત્ત પરોપકાર કરવામાં ઉમંગવાળું છે, જેઓ સ્વદેશ સેવા બજાવવાને પોતાના દેહનો અંત આણે છે, જેઓ સર્વના અંતઃકરણમાં વસીને ધન્યવાદને પામેલા છે, જેઓ કળા અને વિદ્યામાં સંપૂર્ણ કુશળતા મેળવીને બ્રહ્મ જ્ઞાનના પારને પામેલા છે; જેઓના મસ્તક ઉપર સંસાર વ્યવહારનો અસહ્ય બોજ છતાં તે વેદનાનું સહન કરીને એકાગ્ર વૃત્તિ દ્વારાએ ચંચળ મનને વશ રાખ્યું છે તેવા સુઘડ અને ચતુર પુરૂષને પ્રિય એવું વિશેષણ લગાડયું છે; આ શરીર અને તેમાં રહેલી વસ્તુ શી છે! તેમજ આ જગત અને જગતનો બનાવનાર તથા તેમાં અને સર્વમાં નિવાસ કરનાર કોણ છે! એ વિષયનો નિર્ણય કરવાને કોઇ શકિતવાન થયું નથી, યદ્યપિ વેદ વાકય યથાર્થ છે એમ માનવામાં આવ્યું છે; સૃષ્ટિ કયારે ઉત્પન્ન થઇ, એ વિષે વેદ પણ ખુલાસો કરતું નથી પણ તેના માટે નિરનિરાળી કલ્પનાઓ મનુષ્યના હૃદયમાં જેવા પ્રકારની થઇ તેવા પ્રકારની કલ્પનાનું ચિત્ર ગ્રંથ લેખ દ્વારાએજ સમજાઇ આવે છે; જેવી રીતે અનેક વનસ્પતિયોના જુદા જુદા ગુણ એટલે કોઇ દાહક તો કોઇ શીત, કોઇ તરશરદ તો

કોઇ ગરમ, કોઇ કફ તો કોઇ ગ્રાહક, કોઇ પીતપ્ર તો કોઇ પિત્ત પ્રકોપ કરનાર, કોઇ કફ વધારનાર કોઇ માદક, એમ અનેક ગુણ જણાય છે. તેવી રીતે સૃષ્ટિની ઉત્પત્તિ સાથે ઉત્પન્ન થએલા માણસોની પણ પ્રકૃતિ ગુણ જુદા જુદા છે; તેવા અનેક ગુણવાળા પુરૂષો અનેક ગ્રંથ લખી ગયા છે જે ઉપરથી તેમના અંતઃકરણનું ચિત્ર અર્થાત તેનામાં કેવો ગુણ હોવો જોઇએ તે જણાઇ આવે છે; જો કે તે ગ્રંથનો લેખક નાશ પામ્યો છે પણ તે લેખકના હૃદયનું જે ચિત્ર છે તે એજ તેના હાથથી લખાયલું પુસ્તક છે,

એજ પ્રમાણે સત્વગુણ પ્રધાન સત્ શાસ્ત્રવેદ છે. અને તે વેદના લેખકનું હૃદય કેવું છે તે વેદ વાંચણીરૂપી ચિત્રથી સમજાઇ આવે છે; કારણે કરીને જેમ જેમ પૂર્વે તત્વવેત્તાઓ વિશેષ શોધ કરતા ગયા, તેમ તેમ કલ્પના દ્વારાએ જુદા જુદા અભિપ્રાય લખતા ગયા, જેને જેટલા પુરતો તત્વજ્ઞાન સબંધી અનુભવ મળ્યો તેણે તેટલા પુરતું લખીને આર્ય પ્રતાપોની શેત્રમાં પુસ્તકો ગુંથ્યાં છે; યદ્યપિ આ આર્ય ભુમિ ઉપર ચૈતન્યનું પ્રતિપાદન કરવાને અનેક મત ઉત્પન્ન થએલા છે, જેઓ પાંચ તત્વથીજ આ જગત ઉત્પન્ન થયું છે એવી કલ્પના સિદ્ધ કરીને જડવાદને પ્રતિપાદન કરે છે તેઓ પાંચ તત્વનેજ પ્રાધાન્ય રાખે છે; અર્થાત ઇશ્વર નથી એમ કહે છે. જડવાદ એટલે પ્રકૃતિ કાર્યને માનનારા અને ઇશ્વરવાદ અર્થાત વેદ વાક્યને માનનારા છે તેઓ બન્યે વચ્ચે એટલો બધો શંકા ભરેલો અદભૂત ભેદ છે કે એ બન્યેનું નિર્ણય પ્રથક પ્રથક કરી શકવાને હજુ સુધી કોઇ શક્તિવાન થયું નથી; છતાં એ વિષે જેટલા લેખકો પુર્વથી અત્યાર સુધીમાં થયા છે તે લેખકોના અંતઃકરણની જ્ઞાન સ્ફૂર્તી જોવા માત્ર લાભ રહેલો છે; જડવાદ પ્રતિપાદન કરનારા લેખકો નિશંક થઇને લખતા ગયા છે, અને એ આધાર ઉપરથી પ્રકૃતિને સ્ત્રીનું રૂપ આપીને આદ્યશક્તિ માની છે. અને તે આદ્યશક્તિમાંથી ત્રણ ગુણ ઉત્પન્ન થયા છે એમ ગણીને બ્રહ્મા, વિષ્ણુ, અને શિવ એવી રીતે દેવને પ્રગટ કરનારી પ્રકૃતિ દેવી કલ્પી છે,-જેના ઉપરથી શાક્ત માર્ગને પુષ્ટિ આપનારાં સેંકડો ગ્રંથ લખાઇ ગયા છે. તેને માટે આગમ અને

सवैया

ज्यौं रविके प्रकटे तिमिरादिक वेगिहि होकर दूरहि भागे
त्यौं मति अज्ञ पटंतर दूरत ज्ञानप्रकाश–प्रकाशन लागे
ज्ञानतें प्रगटे चित निर्मळ सत्त्वप्रभाव यथा अनुरागे
सोइ प्रसंगनतें कवि हर्षद सूरज कान्त धर्यो प्रियआगे ॥

જેવી રીતે સુર્યનો પ્રકાશ થવાથી અંધારૂં (તિમિરાદિક) જલદીથી નાશ પામે છે તેવી રીતે જ્ઞાનરૂપી સૂર્ય પ્રકાશ ઉદય થવાથી આત્મા ઉપર અજ્ઞાન વૃત્તિ પડંતરનું જે આચ્છાદન તિમિરરૂપી તે જલદી ખસી જાય છે; જ્યારે જ્ઞાન પ્રગટ થાય છે ત્યારે સાત્વિકગુણનો ઉદય અને તે ગુણ ઉપર પ્રેમ રહે છે;—એવા પ્રસંગવડે કરીને કવિ હર્ષદે પ્રિય જનોના સન્મુખ સૂર્યકાન્ત મુક્યો છે; જેઓનું ચિત્ત પરોપકાર કરવામાં ઉમંગવાળું છે, જેઓ સ્વદેશ સેવા બજાવવાને પોતાના દેહનો અંત આણ્યો છે, જેઓ સર્વના અંતઃકરણમાં વસીને ધન્યવાદને પામેલા છે, જેઓ કળા અને વિદ્યામાં સંપૂર્ણ કુશળતા મેળવીને બ્રહ્મ જ્ઞાનના પારને પામેલા છે; જેઓના મસ્તક ઉપર સંસાર વ્યવહારનો અસહ્ય બોજ છતાં તે પોતાનું સહન કરીને એકાગ્ર વૃત્તિ દ્વારાએ ચંચળ મનને વશ રાખ્યું છે તેવા સુજ્ઞ અને ચતુર પુરૂષને પ્રિય એવું વિશેષણ લગાડ્યું છે; આ શરીર અને તેમાં રહેલી વસ્તુ શી છે! તેમજ આ જગત અને જગતનો બનાવનાર તથા તેમાં અને સર્વમાં નિવાસ કરનાર કોણ છે! એ વિષયનો નિર્ણય કરવાને કોઇ શક્તિવાન થયું નથી, યદ્યપિ વેદ વાક્ય યથાર્થ છે એમ માનવામાં આવ્યું છે, સૃષ્ટિ ક્યારે ઉત્પન્ન થઇ, એ વિષે વેદ પણ ખુલાસો કર્યું નથી પણ તેના માટે નિરનિરાળી કલ્પનાઓ મનુષ્યના હૃદયમાં જેવા પ્રકારની થઇ તેવા પ્રકારની કલ્પનાનું ચિત્ર અંધ હોય દ્વારાએજ સમજાઇ આવે છે; જે રીતે અનેક વનસ્પતિઓના જુદા જુદા ગુણ એટલે કોઇ દાહક તો કોઇ શીત, કોઇ તરતમ તો

...કાર જુની હબનો જયપુરી છે કે કેવો ! તે વિષે ચિત્રને જાણનાર
જન પુરૂષો પરિક્ષા કરી શકશે, પણ—

### કવિત.

કોઈ તો એ ચિત્રનાં આકારે અંગ વાંકા જોશે
કોઈ વળી લાંબા લાંબા કાનને નિહાળશે
કોઈ એક ચિત્રમાંહુ એક આંખે કાણો જોશે
કોઈ જન કાણુ કાણુ ભુત જેવું જાણશે
કોઈ તો કહેશે એના મસ્તકમાં તાવ પડી
શુન્યમાં મળેલો તે સત્યાનાશ વાળશે
જેની જેની બુદ્ધિ તેવું ચિત્રને નિહાળી હેશે
અંધજન માણસ તણું આખુ માથું હારશે--

લાકડાંનો વેચનાર લાકડાના ભારા સાથે
ચળકતો પથ્થર જોઇને લટકાવશે
વાંદરાંનું ટોળું તો તે નિહાળતાં ભાગી જશે
વાંદરાનું ચિત્ર જોઈ દાંત કકડાવશે
કુકડાઓ બાર તણા દાંણાની પ્રતિત કરી
ઉંચા ઉંચા કુદી તેને ચાંચ મહી લાવશે
બ્હેરા અને લોભડાઓ હાથ કેરા ચાળા કરી
તાળીયો વગાડી આંગળીયેથી બતાવશે--

સુર્યકાન્ત મણી કેરા ચિત્રને નિહાળવાને
રૂપ ચિત્રકાર તણી આગળ ધરૂં છું હું
પ્રકૃતિ સ્વભાવ ગુણ હોય તે વિચારી જોઈ
એવા બુધ્ધિ જનનેજ વંદન કરૂં છું હું
ચરણીંદ શોધક, મહાંધ અહંસેઠીયેનાં
પ્રકાશ થવા સમીપ ફરૂં છું હું
નિ વિકારક પ્રકાશક સુજ્ઞાન પંથ-
દાયક રત્ન લઈને ફરૂં છું હું--

નિગમ શાસ્ત્ર વાંચવાથી ખાત્રી થશે કે શાકત ધર્મનાં સંખ્યાબંધ પુસ્તકો પુર્વે રચાઇ ગયાં છે;–અર્થાત ખરા લેખકો બીજા કોઇના વિચારની સ્પર્ધા ધરાવતા નથી; યદ્યપિ જ્ઞાની પુરૂષો લેખકના હૃદયનું ચિત્ર લેખ ઉપરથી આળોપી લે છે, મિમાંસા,-સાંખ્ય–ન્યાય વૈશેષિક કણાદ-પાતાંજળ, વેદ ઇત્યાદિક સત્વગુણ પ્રાધાન્ય ચિત્ર છે. અને અનેક ઇતિહાસ કે જેમાં રાજ્ય પ્રપંચ વૈભવ, બળ, પરાક્રમ, અને સત્તાનું દર્શાણ છે તે રાજસગુણના ચિત્રનું દર્શન છે.–જેમાં ક્રોધ ઉત્પન્ન થાય તેવાં કારણોનો સમુહ અદભુત રસ તથા રૌદ્ર રસનું ઉદ્દિપન હોય ત્યારે તેથી તામસ ગુણના ચિત્રનું દર્શાણ થાય છે; આ ત્રણ ગુણથી વેષ્ટિત થએલું તમામ જગત પશુ પક્ષી અને મનુષ્યાદિક છે,–જેને જ્ઞાની પુરૂષો ઓળખી લે છે અને તેના અનેક લેખ તરફ દ્રષ્ટી કરીને લેખકોના અંતઃકરણના ચિત્રને જોઇને આનંદ પામે છે.

હે પ્રિય સજ્જનો ! હું પણ તમે પવિત્ર મનના આનંદ જનક મિત્રોની શેવામાં આ સૂર્યકાન્ત રૂપી ચળકતો પથરો મુકુછું,એ પથ્થર મને વગર પ્રયાસે આ શરીરમાંથીજ જડયો છે; માટે તે જડ પદાર્થને તમે જોશો કે; તેમાં તે સૂર્યકાન્ત પથ્થરની શકિત પ્રમાણે ચળકતા પદાર્થને જોશો કે કેમ ! તેના માટે હું કંઇજ અભિલાશા રાખતો નથી કેમ કે તમે સુજ્ઞ પ્રિય સજ્જનો તમારી શુદ્ધ સત્વગુણની પરિશિમામાં આ પથ્થરને સુવર્ણની વીંટીમાંજ જડશો;

એ સૂર્યકાન્તને જ્યારે સૂર્યના કિરણ સામે ધરીને જોશો ત્યારે જુદા જુદા ગુણવાળા પુરૂષો જુદી જુદી આકૃતિ વાળુ જોશે–પણ શુદ્ધ સત્વ ગુણિ જ્ઞાની પુરૂષ તો કેવળ તેમાંના સ્વચ્છ પ્રકાશનેજ જોશે;

હજુ હું બ્રહ્મ વિદ્યાનું પેહેલું પગથિયું પણ જોવા પામ્યો નથી પણ ભ્રમ વિદ્યાના છપનમે પગથીએ ચઢિ ગએલો ઉંચે ઉંચાઇ ઉપર આવી ગયેલો છું જેમાં મને ભ્રમ જાળ ઘણા વિસ્તાર વાળી સર્વ જગોએ પરિપુર્ણ પથરાઇ ગએલી નજરે પડી છે; પણ તે ભ્રમ જાળનું ખંડન કરવાને સંત પુરૂષોએ જે વચન રૂપી શસ્ત્ર મુકેલાં છે તે નજરે જોઇને તે શસ્ત્રનું ચિત્ર સૂર્યકાન્ત મણી ઉપર ચીતરેલું છે, તે ચિત્રનો

વિચાર સુધી કયને જ્યપુરી છે કે કેવિ ! તે શિરે વિવને મજૂનર
કલ્પન કુદે રચિત કરી શકે. યથુ—

કવિત.

કેઈ તે એ વિવનાં અદરે અપરાંધ કરે
કેઇ વદે હાંસ હાંસ કાંને નિંદ્રા કરે
કેઇ એક વિવાદ એક આપે કહેઃ કરે
કેઇ અન કહુ કહુ જુન એવું અરે
કેઇ તે કહે એક મસ્તમાં વાત થઈ
ક્ષુલ્લકમાં અરેરે તે સમાપન યારે
એને એને બુદ્ધિ દેવુ વિવને નિંદારો દેરે
ઓધવ સાકર વડું આવુ મર્હુ હાદે—

ઉધરને વેરનાર ઉદરના ભાર નકે
સરાગે પાયર બેદને ઉદારાદે
વાંકાંદુ દેવું તે તે નિંદનાં બારે વરે
વાંકદું વિવ બેઠું દલ કકરારે
કુંદરને બાર વરૂ ચાંપુની પ્રીત કરી
ઉરિ કુરિ કુદે તેને સંગ લઈ ઉનરે
ભરેર અને બેભદને હાર કેર સાર કરી
વર્ણને વર્ણ અંતરવેરી અનારે—

સુરેચંદ્ર સહે કેર વિવને નિંદનાને
કુર વિચાર વસે અવન ધરે જુ હું
સ્તુતિ અનન કુવ કેટ તે વિશ્વે બેઠે
એક શ્રુવિ અનેક વેરે કહું હું
પશુવિ દેવ. અદેવ અહંકારિને
હરર સાર સર સર્વે કેરવું હું
કે મતિ વિસરે સાગર કુસન વશે—
ઉવરે ઉવરે એન ઉગે કહું હું—



# सुर्यकान्त.

प्रथम प्रवाह–परमार्थ.

# ॐ तत्सते नमः

## मङ्गलम्.

यस्माज्जातं जगत्सर्वं, यस्मिन्नेव विलीयते
येनेदं धार्यते चैव तस्मै विश्वात्मने नमः

शंकर,

જે થકી આ સર્વ જગત ઉત્પન્ન થાય છે; જેમાં લીન થાય છે. અને જેવું કરીને ધારણ કરાય છે, તે વિશ્વના અંતરયામીને નમસ્કાર હો,—

योदेवोऽग्नौयोऽप्सुयो विश्वं भुवनमाविवेश,
य ओषधीषु यो वनस्पतिषु तस्मै देवाय नमो नमः

श्वेताश्वतरोपनिषद्

જે દેવ અગ્નિ તથા જળમાં છે, જે સમસ્ત લોકમાં વ્યાપી રહ્યો છે, જે સર્વ ઔષધીમાં તથા વનસ્પતિમાં છે, તે દેવને વારંવાર નમસ્કાર હો;

ॐ नमस्ते सते ते जगत्कारणाय
नमस्ते चिते सर्व लोकाश्रयाय
नमो द्वैत तत्वाय मुक्ति प्रदाय,
नमो ब्रह्मणे व्यापिने शाश्वताय ॥

હે સત્ રૂપ, જગતના કારણ, જ્ઞાન સ્વરૂપ, સર્વ લોકના આશ્રય અદ્વિતીય, મુક્તિદાતા, નિત્ય તથા સર્વ વ્યાપી પરબ્રહ્મ તમને નમસ્કાર છે;

वयं त्वां स्मरामो वयं त्वां भजामो
वयं त्वां जगत्साक्षी रूपं नमामः
सदेकं निधानं निरालंब मीशं
भवांभोधि पोतं शरण्यं व्रजामः ।

જગતના સાક્ષીરૂપ તમને અમે યાદ કરીએ, ભજીએ તથા નમિયે છિએ, અને તમે સત્ય સ્વરૂપ વિશ્રાંતી, સ્થાન, નિરાલંબ ભવસાગર તરવાની નૌકા તથા રક્ષક એક ઇશને:શરણે છીએ;

विदुर्यं न चित्तेंद्रियाणिद्रियेशं
विजानाति यस्तानि नित्यं नियंता
जगत्सा क्षिणं व्यापकं विश्ववंद्यं
चिदानंद रुपं तमीशं मपद्ये-


જે ઇંદ્રિયના ઇશને મન તથા ઇંદ્રિયો જાણી શકતી નથી, પણ જે નિયંતા નિત્ય તેમને જાણે છે; તે જગતના સાક્ષી, વ્યાપક તથા વિશ્વને નમવા લાયક ચિદાનંદરૂપ ઇશને શરણુછું;

अणोरण्यणीया न्महद्भयो महीयान्
रविंदु ग्रह ज्याभ गोलादि कर्ता;
यईशोहि सृष्टयादि मध्यान्त संस्थ
श्चिदानंद रुपं तमीशं मपद्ये ॥

જે નાનાથી નાનો મોટાથી મોટો, સૂર્ય, ચંદ્ર, ગ્રહ, પૃથ્વિ, તથા નક્ષત્રાદિ ગોળનો કર્તા, નિયંતા અને સૃષ્ટીના આદી મધ્ય તથા અંતમાં રહેલો અનાદી. તે ચિદાનંદરૂપ ઇશને હું શરણ છું—

यशोपस्य विश्वं समस्तं सदास्ते
यदा भासतो भातियद्वै विचित्रम्
नजानंतियं तत्वतो योगी नोऽपि
चिदानंद रुपं तमीशं मपद्ये ॥

જેને સદા સમસ્ત સકળ વિશ્વ વશ છે; ને જેના આભાસથી એ વિચિત્ર વિશ્વ ભાસે છે; અને જેને યોગી પણ તત્વથી જાણી શકતા નથી, તે ચિદાનંદ ઇશને હું શરણ છું—



# —:सुर्यकान्त.:—

## प्रथम तरंग—परमार्थ.

સત્પુરુષના સહવાસથી કિંવા તેમની સેવા કરવાથી ઉત્તમ ગુણ ગ્રહણ કરનાર શિષ્યની કે મિત્રની વૃત્તિ સારે રસ્તે વળે છે. તેને માટે ભર્તૃહરીએ કહ્યું છે કે.

### वसंत तिलकवृत्त.

जाड्यंधियोहरति सिंचति वाचि सत्यं
मानोन्नतिं दिशति पापमपाकरोति
चेतः प्रसादयति दिक्षु तनोति कीर्तिं
सत्संगतिः कथय किं न करोति पुंसाम् ॥

भर्तृहरी.

અર્થ

[illegible]

ધન્ય છે એવા સત્પુરૂષોને કે જ્ઞાની પુરૂષોના અંતઃકરણમાં અજ્ઞાનરૂપી તિમિરનો નાશ કરીને તેના ચિત્તમાં જ્ઞાનરૂપી સુર્યકાન્ત (સુર્યમણી) સ્થાપન કરે છે; વિચારશક્તીને સરલ માર્ગે ચડાવે છે, ત્રિવિધી તાપને શમાવે છે, વીવેકની સાથે મૈત્રી કરાવે છે, સદબોધામૃતનુ પ્રાશન કરાવીને વિરાગનું દર્શણ કરાવે છે;-

એક બ્રહ્મવિદ્યાનો જાણનાર યોગાનુભવ જીવનમુક્ત સ્થિતિવાળો હીમાલય પ્રદેશના ગહન પર્વતોમા યોગાનંદ વાસ કરતો હતો તેની સેવામાં કેટલાક મુમુક્ષુ શિષ્ય રેહેતા હતા; તે શીષ્ય પેકી દેવશર્મા નામનો શિષ્ય હતો તેને જે જે પ્રકારની શંકાઓ પ્રગટ થતી હતી તે શંકાનું નિવારણ બ્રહ્મનિષ્ઠ દેવશર્માએ કર્યું હતું. તે પ્રસંગની કેટલી હકીકતો હંત કવાથી તથા સત્પુરૂષોના સમાગમથી સાંભળવામાં આવ્યાથી કાનને અને મનને રસીક લાગવાથી આ ગ્રંથમાં લખવામાં આવ્યું છે. જે વિષય સુજ્ઞ પુરૂષો વાંચીને આનંદ પામશે;

અત્યંત પરિશ્રમ કરીને ઉત્તમ રત્નની માળા રચી કનકથી જડીત્ર કરાવીને ઝવેરી હાર બનાવે છે તે હાર રત્નની કીંમતના જાણનારને માટેજ તૈયાર કરે છે પણ કાષ્ટ કાપનાર જંગલી લોકોને માટે તે રત્નનો હાર તૈયાર કરતા નથી, -

એક ઉકરડામા કુકડો પોતાની ચાચથી ભુમિને ખણી ખોતરીને જારના દાણા કિંવા બાજરીના દાણા, તથા જુવા વીગરે વીણી ખાતો હતો, તે કુકડાની ચાંચમાં અનાયને ભાવી બળયોગે અમુલ્ય માણીક્યનો દાણો ચાંચમાં આવ્યો, આ દાણો હજારોહજાર રૂપીયાની કીમતનો પ્રકાશ મારનો ગુણોજિત હતો છતા તે દાણાને ભુમિ ઉપર મુકીને તે પ્રત્યે કુકડો કહેવા લાગ્યો કે, અફસોસનું કે તું નકામો મારી ચાંચમાં આવી પડ્યો, તને એનાં તારામા બીજા પથ્થરના કાંકરા કરતાં અત્યંત તેજ પ્રકાશ નજરે પડે છે, પણ તે તમામ શા કામનુ! તારી કીમત જારના દાણા બરાબર હું ધારતો નથી. જો કે જારનો દાણો મારી ચાંચમાં આવ્યો હોત તો તેથી મારા પેટમાંનો જઠરાગ્રી કંઇક શાંત થાત, પણ તું તો કેવળ નીરૂપયોગી છે એમ કહીને તે

દાણાને લાત મારીને બાજુએ ફેંકી દીધો; તેજ પ્રમાણે જેઓ સા
જ્ઞાતા, જ્ઞાની, સજ્જન અને સત્યવક્તા પુરૂષો, સમદર્શી સ્વભાવના
તેઓ આ વિષયનો તત્વ અને રહસ્યને જોશે, ગુણરૂપી દુગ્ધનો સ્વિ
કરશે, તેને જમાવીને દહીં કરશે, તેને મથીને ઘ્રત કાઢશે, અને
ઘ્રતનો ઉપયોગ કરશે, તથાસ્તુ—



૬.



# પ્રથમ તરંગ-પરમાર્થ.

## પ્રથમ લહર.

### સંત સમાગમ ( સત્સંગ ) થી ઉત્તમફળ.

શ્લોક.

कोऽहं कथमिदं जातं को वै कर्तास्य विद्यते ।
उपादानं किमस्तीह विचारः सोऽयमीदृशः ॥

અર્થ

હું ( જીવ ) કોણ છું? આ ( જગત ) કેમ ઉપજ્યું છે? તેનો કર્તા કોણ છે? એવો સદ્વિચાર તેજ વિચાર છે; અર્થાત જીવ, જગત, ઈશ્વર, અને બ્રહ્મ વિવેક જ્ઞાનનું સાધન પ્રાપ્ત કરવામાં ઉદ્યોગ કરો. તેને પુરૂષાર્થ કહે છે.

आप्तदृष्टिर्गुरोर्वाक्यं, तृतीयश्चात्म निश्चय ।
त्रितयं विजानाती सम्यक् नास्ति संशय. ॥

અર્થ

શાસ્ત્રદ્રષ્ટી, ગુરૂનું વાક્ય, અને ત્રીજું આત્માનો નિશ્ચય એ ત્રણ પ્રકારે જે જે જાણે તે મુક્ત છે. એમાં કંઈજ સંશય નથી.

[illegible] [illegible] ગંગાનદિના ઉત્તમ પ્રવાહ ઉપર એક વૃક્ષ છાયામાં યોગાનંદદેવ મુનિ આનંદમાં બીરાજતા હતા. જેમના અંતઃકરણમાં કોઈ પ્રકારનો વિક્ષેપ રહેલો નહોતો, જેમનું મુખ નિરંતર બ્રહ્મવિચારથી પ્રસન્ન રહેતું છે, એવા પવિત્ર મુનિ

મુમુક્ષુ સ્થિતિને પોહોચેલો દેવશર્મા નામનો શિષ્ય પ્રશ્ન કરે છે કે હે ગુરૂ ! સંત સમાગમથીજ ઉત્તમ ફળ મળે છે તે વિષે કૃપા કરીને અમને વિવેચન સંભળાવશો તો આનંદ થશે.

શિષ્યનું વચન સાંભળી યોગાનંદ મુનિ અમૃત દ્રષ્ટી કરીને કહેવા લાગ્યા કે- હે ભાઇ ! જમીન ઉપર ધીરે ધીરે ચાલનારો શક્તી વિનાનો કીડો કે જેને સાધારણ હાથનો સ્પર્શ કરવાથી પણ મૃત્યુ પામે તેવા કીડાને ઉચકી લઇને ભમરો પોતાના દરમાં લઇ જાય છે, તે કીડા ઉપર બેશીને કેટલા દીવશ સુધી તેનું સેવન કરે છે; તેમ કર્યા પછી તે કીડો ભમરાના સત્સંગથી પાંખોવાળો શ્યામ રંગનો તેજસ્વી છતાં આકાશમાં ગમન કરનારો ભમરો થઇ જાય છે; પૂર્વે તે કીડો હતો, તે કીડો જમીન ઉપર માટીમાં તથા દુર્ગંધ જગોમાં પરાકાષ્ઠાએ બહુજ મંદગતીથી ચાલનારો તુરત વિનાશ પામે તેવી સ્થિતિવાળો હતો, તે ભમરારૂપી જ્ઞાન પ્રાપ્ત કરનાર અનેક પુષ્પના રસને ગ્રહણ કરનારો ભમર થયો; રોજ સદસંગથી અનહદ ગુંજારવ કરવાની શક્તીવાળો થયો, રોજ સત્સંગથી, પુષ્પના મકરંદોમાથી રસ ખેંચનારો થયો,—તિવ્રદંતથી કઠિણ વાંસમાં છિદ્ર કરી તેમાં પ્રવેશ કરનારો થયો, અર્થાત કઠિણ વાંસરૂપી મલિન અને કઠિણ વિભૂતિયોને છેદીને તેના દુર્ગુણ અવલોકન કરવાની શકતીરૂપ ભ્રમર થયો, મંજુલ ખીલાઇ ગએલા કમળમાં મગ્ન થઇને નિવાસ કરનારો થયો હે શિષ્ય તે કેવળ સાહીત્ય વિનાનો કીડો સત્પુરૂષ સત્સંગના યોગે કરી તેવુ ફળ પામ્યો. માટે સદબોધ પ્રાપ્ત થવાને જેઓ જીજ્ઞાસુ છે તેઓએ સત્પુરૂષોની સેવા કરવીજ જોઇએ.-

હે શિષ્ય ! તને આ દ્રષ્ટાંતમાં કદી એવી શંકા આવશે કે તે અજ્ઞાન કીડાને સત્પુરૂષ રૂપી ભ્રમર ઉચકી ગયો ત્યારેજ તે કીડો મટીને ભ્રમર રૂપ બન્યો આ દ્રષ્ટાંતમાં તે કીડાએ પોતાના હીતને માટે કાંઇજ પુરૂષાર્થ કર્યો નથી, આ પ્રકારની શંકામા પ્રત્યુત્તર એ છે કે સત્પુરૂષો પરમદયાળુ અને પરોપકારી હોય છે; જો કે અજ્ઞાનીજનો પોતાનુ શ્રેય કરવાને શકતીવાન હોતા નથી તેવા અજ્ઞાનીજનને

સત્પુરૂપો ઉત્તમ બોધ આપીને તેમનું જીવન સુધારે છે; અર્થાત આ દ્રષ્ટાંતમાં કીડારૂપી અજ્ઞાની પુરૂષ પોતાનું હીત જાણતા નથી, કિંવા સત્સંગ કરવો સમઝતા નથી. તેવ:ઓને પૂર્વ સંસ્કાર યોગે ભ્રમરરૂપ સત્પુરૂપો તેવા અજ્ઞાનીને પોતાના જેવા બનાવી દે છે;

હે શિષ્ય ! હું તને સંતના સમાગમથી કેવુ ફળ મળે છે ! તેની એક વાત કહું તે સાંભળ;

એક બ્રહ્મવેત્તા જ્ઞાની સાધુ આનંદમાં મગ્ન રહેતા વન ઉપવનમાં ફરતા ફરતા ગંગા કીનારા તરફ જતા હતા, રસ્તામાં એક વૃક્ષ ઉપર એક માણસ હાથમાં કેહોવાડો લઇને એક ડાળ કાપતો હતો; જે ડાળ કાપતો હતો તેજ ડાળ ઉપર પોતે ઉભો રહ્યો હતો, અર્થાત જે ડાળ કપાઇને ભુમિ ઉપર પડે તેજ ભાગ ઉપર ડાળ કાપનાર ઉભો રહી કેહોવાડાથી કાપવાનું કામ કરતો હતો; આવખતે તે વૃક્ષ પાસે થઇને બ્રહ્મવેતા જ્ઞાની સાધુ જતા હતા, તેમની સેજ સાજ નજર પેલા ડાળ કાપનાર તરફ જઇ પોંહોચી; આ અજ્ઞાની પુરૂપ ડાળ કાપતાંજ લાકડાની સાથેજ જમીન ઉપર પડીને પછડાઇજશે, કાંતો મૃત્યુ તુલ્ય થઇ જશે, અથવા તો તેને થોડી વ્યથા પણ થશેજ એમ વિચાર કરી તે પરોપકારી દયાળુ સાધુએ કાષ્ટ કાપનાર તરફ દ્રષ્ટી કરીને કહ્યું કે અલ્યા ઓહ ? તું આ વૃક્ષનું ડાળ કાપે છે ખરો પણ તે લાકડા સાથે તું જમીન ઉપર પડી જઇશ, જેથી તું મર્ણ તુલ્ય થઇશ અથવા પછડાઇને દુખી થઇશ;--સાધુનું વચન સાંભળી પેલા મુર્ખ માણસે સવાલ કર્યો કે તું એવો કેવો પરમેશ્વર છે કે પેહેલાંથી વાત કહી દેછે, તારા જેવા નેગટા લંગોટીયા ઘણાએ ભટકે છે માટે હું તારી વાત માનું નહી;—સાધુએ ઉતર આપ્યો કે તું પરમેશ્વરને ઓળખે છે કે ? તેના જવાબમાં મુર્ખ કડિયારાએ ઉત્તર આપ્યો કે ના, નથી ઓળખતો પણ બધા લોકો એમ કહે છે કે પરમેશ્વર હોએ એજ અગાઉથી સાચી વાત ભાંખે,

સાધુએ કહ્યું કે--ત્યારેતો હું તને અગાઉથીજ ભાંખુછું કે તું જમીન ઉપર જરૂર પડી જઇશ,--કઠીયારાએ કહ્યું કે તું કાંઇ પરમેશ્વર

નથી કે તારી વાત ખરી પડે,- કઠીયારાની જડબુદ્ધિ અને દુરાગ્રહ જોઈને સાધુ મહારાજ ત્યાંથી આગળ ચાલ્યા ગયા; થોડીકવાર થઈ એટલે ખરેખર તેમજ બન્યું; જે ડાળ ઉપર પેલો મુર્ખ કઠીયારો ઉભો રહ્યો હતો એજ ડાળ કડકડાટ કરતું જમીન ઉપર પડયું, તે પડતાની સાથેજ કઠીયારો પણ બાજુ ઉપર પડી ગયો, પણ એટલું સારૂં થયું કે તેને વિશેષ વ્યથા થઈ નહીં; કઠીયારો તુરત ઉભો થયો, તેણે પોતાનો કોહોવાડો અને લાકડાં બાંધવાનું દોરડું જમીન ઉપર પટકી દેઈને, પેલા અગમ ભાંખનાર પરમેશ્વરને શોધવા લાગ્યો. જેમ બને તેમ ઉતાવળો ઉતાવળો ચાલવા લાગ્યો; તેણે દૂરથી તે સાધુને જતો જોયો, એટલે કઠીયારે બુમ પાડીને હાંક મારવા માંડી, ઓ પરમેશ્વર! ઓ પરમેશ્વર! ઓ પરમેશ્વર! ઉભા રહો ઉભા રહો, પેલા સાધુ મહારાજે પાછળ જોયું ત્યારે જે વૃક્ષ ઉપર ડાળ કાપતો હતો તે માણસ દોટ મુકતો મુકતો પોતાની પાસે આવે છે જોયું જોયું; સાધુ મહારાજ શાંત વૃત્તિથી એક વૃક્ષ નીચે ઉભા રહ્યા, એટલામાં પેલો કઠિયારો નજીક આવી પોહોચ્યો, તેણે સાધુ મહારાજના ચરણકમળમાં મસ્તક મુકયું દંડવત પ્રણામ કરીને જમીન ઉપર લાંબો થઈને સુઈ રહ્યો, દયાળુ સાધુએ તેને આજ્ઞા કરી કે હે ભાઈ હવે તું ઉભો થા, તું શા માટે મારી પાછળ દોડતો દોડતો આવ્યો છું? તને શું કામ છે!

કઠીયારો-માહારાજ! તમેતો ખરેખરા પરમેશ્વર છો, તમારી વાત સાચી પડી,-હવે તો હું પરમેશ્વરને મળ્યો માટે તમને મુકીને મારે ઘેર પાછો જવાનો નથી;

સાધુ—અલ્યા ભાઈ! તને બૈરાં છોકરાં હશે. તે તારી વાટ જોઈ ને બેશી રહ્યાં હશે, તું જ્યારે લાકડાં કાપી ને પૈસા લાવીશ ત્યારે તારાં છોકરાનું ઉદર ભરાશે; માટે તે સઘળાં તારા વિના ટળવળીને દુખ પામશે તેથી તું તારે ઘર ચાલ્યો જા;

કઠિયારો—ઓ મહારાજ! અમારા ગાંમની ભાગોળે એક બાવો રહે છે, તે ઉધું માથુ અને ઉપર પગ કરીને બાર વરહથી માળા ફેરવે છે તો પણ એને પરમેશ્વર મળ્યા નહીં; વળી ઘેરે ઘેર

ઘીઈ અને ગોળ ઉઘરાવીને લાડુવા દર રોજ ખાય છે, એટલુંજ નહી પણ એ માહારાજ કેટલીક બાઇડીયો ને દોરા ચીઠી કરે છે એટલે તપના પ્રતાપથી છોકરા થાય છે. પણ એ આવા ને પરમેશ્વર મળ્યા નહી, અને હું ભાગસાળીને વાટે જતાં પરમેશ્વર મળ્યા માટે હવે હુંતો આપનો સંગ છોડવાનો નથી ગમેતો મને મારી નાંખો અને મારા શરીરના કકડા કરો તો પણ તમારી પાસેથી જરાએ આઘો ખસવાનો નથી;

સાધુ—( દયાદ્રષ્ટીકરીને ) ઠીક ઠીક, એનો ઠીક, પણ તું મારી સાથે ફરીને શું ખાઇશ ?

કઠિયારો—એ મહારાજ, જે તમે ખાતા હસો તે હું ખાઇસ;

સાધુ—જો તારે મારી સાથે રહેવું હોય તો જે જે આજ્ઞા હું તને કરૂ એ પ્રમાણે તારે ચાલવું પડશે;

સાધુ—એ ગરીબ પરવર? પરમેશ્વરની આજ્ઞા જે ન માને એને નરક મળે છે એવું અમારા ગામમાં ટીડા જોશી રહેતાતા તે કહેતા હતા, માટે હુંતો તમારી શેવા ચાકરી અને આજ્ઞા માન્યા વીના રહેવાનો નથી;

કડિયારાની દ્રઢશ્રદ્ધા જોઈ ને તે સાધુએ પોતાની સાથે આવવાને આજ્ઞા કરી;

માહારા વાચક સુજ્ઞ મહાશય મિત્રો! તમે એમ શંકા કરશો કે આહાવા મુર્ખને અર્થાત મુમુક્ષુ સ્થિતિએ નહિ પોહોચેલો એવા અજ્ઞાનીને તે સત્પુરૂષે પોતાની સાથે કેમ રાખ્યો કદી રાખ્યો તો તેને જ્ઞાન શી રીતે પ્રાપ્ત થશે ! તેના ખુલાસામાં એજ અર્થ નીકળે છે કે તે બ્રહ્મવેત્તા સાધુએ તે કડીયારો કેટલે દરજ્જે જ્ઞાન પ્રાપ્ત થવાને અધિકારી છે. એમ તેને જોતાંજ વિચાર કર્યો હતો. તે કડીયારામાં કીયા કીયા સાધનોનો કેટલો અંકુર રહ્યો છે તે અવલોકન કરી લીધું હતું; તે કડીયારામાં શમાદી ષડસંપત્તિનું ચિત્ર જોયું હતું.

આ કઠીયારો કેવળ નિર્ધન હતો, તેથી તેના અંતઃકરણમાં વિષયોની પ્રેરણાથી જેજે પ્રકારના વિચાર થતા હતા તે ન ચાલે તે

તે વિષયોને અનુસરી લાભ મેળવી શકતો નહોતો અને એમ થવાથી તેના મનનો અણુચાલે નિગ્રહ થતો હતો તેથી તેનામાં શમ સંપત્તીનો કાંઈક ભાગ રહેલો છે એમ તે સાધુએ માની લીધું હતું; એજ પ્રમાણે તે નિર્ધન કઠીયારાએ ઇંદ્રિયગણ અર્થાત બહિરેન્દ્રીયોને અર્થાત જ્ઞાનેંદ્રીય અને કર્મેન્દ્રીયનો વ્યાપાર ચાલતાં અન્તઃકરણમાં થતા વિચારને તે પાર પાડી શકયો નહોતો, એટલે નેત્રથી ઉત્તમ વસ્તુ જોઇ હતી તે મેળવી શકયો નહોતો, કાનેથી મોહ ઉત્પન્ન થાય તેવી વાત તેણે સાંભળી હતી યદપી તેનો લાભ મેળવી શકયો નહોતો, નાકથી અનેક સુગંધીત પુષ્પના સમુહથી મોટા મોટા બગિચા દુરથી જોયા હતા પણ તેમાં ફરીને નાશીકાને સુગંધી વીષયનો લાભ આપી શકયો નહોતો, જીન્હાએ કરીને મિષ્ટ મધુર કષાય અમ્લ ખટરસાદીક વસ્તુ જાણી શકયા છતાં તેવી વસ્તુ તેને મળી શકતી નહોતી, એટલે આ પ્રકારે બહીરેન્દ્રીયોને તેણે અણુચાલે રોકી હતી અને તે રોકવાની શકતી તેવા કારણથી વધી હતી તેથી તે મુર્ખ કઠિયારામાં દમ સંપત્તિનો અંશ થોડોક રહેલો હતો–

તે કઠિયારો જે ડાળપર ચઢયો હતો એજ ડાળ કાપતો હતો. જો કે તે અજ્ઞાનતાને લીધે આ ડાળ પડવાથી હું પણ જમીન ઉપર પડી જઇશ એવો વિવેક દ્વારાએ વિચાર કરવાને શકતીવાન નહોતો, એવા મુર્ખને આ સાધુએ કહ્યું કે તું આ ડાળની સાથે જમીન ઉપર પડી જઇશ,–થોડીક વારે જો કે તેમજ થયું; એ કઠિયારો સ્વભાવિક પોતાની બુદ્ધિદ્વારાએ એમ માનતો હતો કે આ પ્રમાણે ભવિષ્યની વાત પરમેશ્વર વિના બીજો કોઇ કહી શકતો નથી, આ પ્રમાણે તેનો દ્રઢ નિશ્ચય હતો. અને એમજ જ્યારે થયું ત્યારે તે સાધુને પરમેશ્વર છે એમ તેણે દ્રઢ વૃત્તિથી માની લીધુ–માટે આ પ્રકારથી તેનામાં શ્રદ્ધાનો અંશ છે એમ સાધુએ નિશ્ચય કર્યો હતો; તે સાથે આ દ્રઢ શ્રદ્ધાવાળા અજ્ઞને જે ઉપદેશ કરવામાં આવશે તે ઉપદેશ શ્રદ્ધાદ્વારાએ ગ્રહણ કરશે એવો સાધુનો અનુમાન હતો;

એવી શ્રદ્ધાને યોગે કરીને તેના મનનો વિક્ષેપ વિનાશ પામશે એવા અનુમાનથી તે કઠિયારો સમાધાન સંપત્તિમાં પ્રવેશ કરશે એવો નીશ્ચય થયો હતો.

તે કઠિયારો ભયંકર જંગલોમાં ગ્રીષ્મઋતુમાં તથા વર્ષાઋતુમાં અને હેમંતઋતુમાં તૃષા, તાપ ટાઢ અંગઉપર વસ્ત્ર નહી હોવાથી સહન કરીને કાષ્ઠ કાપવા માટે વીચરતો હતો. તેથી તેનામાં તિતિક્ષાનાં લક્ષણોએ નિવાસ કર્યો છે એમ ધાર્યું હતું; વળી આ સાધુને પરમેશ્વર છે એમ માનીને શ્રદ્ધાના દ્વારમાં તે કઠિયારો ઉભો રહ્યો હતો. અને પરમેશ્વર જે કહે તે સત્ય છે એવી તેની સમજને લીધે તેનામાં ઉપરામ સંપત્તિનું હવાણ હતું
જોકે તેણે વિવેક મારગથી ઉપર કહેલી ષડ સંપત્તિ પ્રાપ્ત નહોતી કરી, એ ષડ સંપત્તિ નિપુન સ્થિતિથી ન શાલે દુખ વેઠીને, મનને મારીને સહન કરી હતી તેથી માત્ર ઉત્તમ બોધનેજ આ પાત્ર છે, અને જ્યારે તે સૂર્યકાન્ત મણીરૂપી સદ્બોધ પ્રાપ્ત કરશે ત્યારે તે આપો આપ ષડ સંપત્તિને જાણીને તે મુમુક્ષુ પદનો અધિકારી થશે. એવું તે સાધુએ કઠિયારાને માટે વિચાર કરીને તેને પોતાની સાથે રાખ્યો હતો—તે કઠિયારો સત્સંગથી અજ્ઞાનને સમજી શક્યો, તે કાળે કરીને જીવન મુક્ત સ્થિતિએ આવી પોહોચ્યો; આહાહા ! સંતસમાગમનો કેવો મહિમા !





# દ્વિતિય લહર.

ત્હારામાં કોણ છે ! તેને ઓળખ્ય; શાથી ઓળખાય ! પુરૂષાર્થથી

---

श्लोक

परिच्छिन्नइवाज्ञाना तन्नाशेसतिकेवल;
स्वयंप्रकाशतेह्यात्मा मेघापायेंशुमानिव,

ભાવાર્થ

અજ્ઞાનથી આત્મા ઢંકાયેલો છે, જ્યારે અજ્ઞાન નષ્ટ ( દૂર ) થાય છે ત્યારે તે પોતે આપોઆપ પ્રકાશિત થાય છે. જેવી રીતે વર્ષાઋતુનો મેઘ ( વાદળા ) દુર થયા પછી સુર્યપ્રકાશવાન દેખાય છે તેવી રીતે અજ્ઞાનરૂપી વાદળાં ખસવાથી સુર્યતુલ્ય સ્વયંપ્રકાશી આત્મા આપોઆપ પ્રકાશે છે: તાત્પર્ય એ છે કે આત્માનો સર્વ સ્થળે વ્યાપક અદ્વિતિય છે પરંતુ અજ્ઞાનથી કલ્પના થવાથી દેહ મનુષ્યાદી શરીર છે એવા પ્રકારના ભ્રમથી પરિચ્છિન્ન અર્થાત ( ઢંકાઇ ગયેલો ) પ્રતિત થાય છે. પણ જ્યારે તત્વમસિ આદી મહાવાક્ય દ્વારા આત્મા અને બ્રહ્મ એક છે એવું જ્ઞાન જ્યારે થાય છે, ત્યારેજ અજ્ઞાનથી જે મિથ્યા ભ્રમ થયો છે તેનો નાશ થાય છે. આત્મા તો, સજાતિય, વિજાતિય અને સ્વગત એ ત્રણે ભેદ રહિત છે. કેવળ સ્વયંપ્રકાશવાન બ્રહ્મરૂપ પ્રતિત થાય છે—

---

શિષ્ય પુછે છે, કે હે મહારાજ કૃપાસિંધુ આપ સમર્થ છો; વળી ભુત ભવિષ્ય અને વર્તમાન કાળની સ્થિતિ જાણવાવાળા સર્વજ્ઞ છો. આપની નિર્મળ વાણીથી મારી શંકાઓ નાશ પામવાથી જેમ વિહંગ

( પક્ષી ) ઉડી જાય છે તે પ્રકારે નાશ પામે છે. આપના સહવાસથી રાગદ્વેશ અને ત્રીવિધ તાપનો નાશ થાય છે; હે માહારાજ એક વખતે એક પુસ્તકમાં મ્હેં દોહરો વાંચ્યો હતો તે દોહરો એવો છે કે,

દોહરો

સુઘર સંતકો દરસહિતું, કર ગિરિ કંદર ગૌન,
કૃપા પાઇ પુનિ દેખલે, હર્ષદ તુઝમેં કૌન,

વિવેક દ્વારાએ સદ્‌વિચારને જાણનાર સુઘડ સંતપુરૂષોના દર્શન માટે મોટા મોટા ગીરી ( પર્વતો ) માં પ્રવાસ કર અને ત્યાં જા, ત્યાં જઇને તેવા પવિત્ર માહાત્માની કૃપા મેળવીને તેમનાથી તું નક્કી કર કે, તારામાં આનંદ આપનાર કોણ છે. આ પ્રમાણે તે દોહરામાં ભાવાર્થ છે, હે ગુરૂ ! મારા પુર્વ સંસ્કાર સંચિતથી હું આપની પવિત્ર શેવાને લાયક થએલો અત્રે ગણાયોછું હે દિનબંધુ ! આ શરીરમા કોણ છે ! જે છે તેને શી રીતે ઓળખી શકાય ! તે કૃપા કરીને કહો;

ગુરૂ–હે મુમુક્ષુ ! ત્હેં ઘણો ઉત્તમ પ્રશ્ન કર્યો છે; તારા નિર્મળ અંતઃકરણના યોગે કરીનેજ આ પ્રશ્નનો પ્રાદુર્ભાવ થયો છે; જેઓ આત્મજ્ઞાનને જાણે છે તેઓ આ જગતને મિથ્યા સમજે છે, જગતને મિથ્યા જાણ્યા છતાં પણ જ્ઞાની પુરૂષો જે વ્યવહાર કરે છે તે વ્યવહારને મિથ્યા સમજીનેજ આગળ પગ મુકે છે; હું તને આ વિષય સંબંધી એક વાત કહુંછું તે તું સાંભળ !

એક નગરમાં બ્રાહ્મણનાં બે વિદ્વાન પુત્ર હતા, તેમાંનો એક કર્મવાદી હતો અર્થાત જે થવાકાળ હોય તે થયાંજ કરે છે છતાં પુરૂષાર્થ કરવાનું કંઇજ કારણ નથી એવું માનનારો હતો અને બીજો જે હતો તે ઉદ્યોગ અર્થાત પુરૂષાર્થ કરવાથીજ ફળ મળે છે એમ સમજતો હતો; આ બન્ને મિત્ર વચ્ચે વારંવાર વિવાદ થતો હતો, તે વિવાદ ઉદ્યોગ કર્મનો નહોતો પણ તે પુરૂષાર્થને સત્ય માનતો હતો સારા સારા ગ્રંથનું અવલોકન કરીને મહાજ્ઞાની ગુરૂ આચાર્યોનું શિક્ષણ યોગ્ય માનીને આત્માને ઓળખવાને પ્રયત્ન કરતો હતો, એક કવિત્તમા કહ્યું છે કે,

છપ્પો.

गुरु विन मिले न ज्ञान भाग्य विनु मिले न सज्जन,
तप विन मिले न राज, धांह विन हठे न दुर्जन;

ગુરૂ વીના જ્ઞાન થતું નથી, જો કે અષ્ટાંગ યોગનું જ્ઞાન થવાને માટે વીસ્તારવાળા મોટાં પુસ્તકો લખાયલાં છે; પણ નોળી કર્મ ગજકર્મ મુદ્રા, ખેચરીમુદ્રા, સમાધી વિગેરે તેમાં લખ્યા પ્રમાણે કરવા જતાં હઠયોગ મતમાં શારિરીક સંપતિને ઘણી વખતે નુકશાન પોહોચે છે-તેવા કઠિણ વિષયમાં ગુરૂ વિના અનુભવ મળતો નથી. એજ પ્રમાણે પુરૂષાર્થ વાદી જે હતો તેણે ગ્રંથનું અવલોકન કરી પોપટીયું જ્ઞાન મેળવ્યું હતું પરંતુ સપ્રમાણ દાખલા તરીકે તેણે અનુભવ મેળવ્યો નહોતો પણ તેનો પુર્વનો પુન્યશાળી સંસ્કાર હતો તેથી તેની વૃતિ આત્મજ્ઞાન સંપાદન કરવાને માટે દ્રઢ રહી હતી; હવે નશિબમાં જે થવાનું હોય તેજ થાય છે, જગત અનાદી છે. આત્મા કોઈથી સમજાતો નથી નિરાકાર વસ્તુને સાદ્દશ્ય સપ્રમાણ અને અનુભવ શિવાય સત્ય માનવામાં આવતુ નથી માટે એ બાબત પુરૂષાર્થ કરવો ઘટતો નથી એવા મતવાળો બીજો મિત્ર હતો. આ બન્ને મિત્રનો સંવાદ હરવખતે થયાં કરતો હતો પરંતુ કોઇના મનમાં શંકાનું સમાધાન થતું નહોતું; છેવટે પુરૂષાર્થ વાદિએ પ્રારબ્ધ અને કર્મ ઉપર આધાર રાખનારને કહ્યું કે શ્રીરામચંદ્રને બોધ આપનાર ગુરૂ વસિષ્ઠ પાસે આપણે ચાલો, તે આપણા બન્નેના મત્ત માટે યથાયોગ્ય ન્યાય કરશે,-આ પ્રશ્નને યોગ્ય જાણીને તે બન્ને જણા અયોદ્ધામાં આવી પોહોચ્યા; અયોદ્ધામાં શ્રીરામચંદ્રજી વસીષ્ઠ ગુરૂ પાસે આત્મજ્ઞાન સાંભળતા હતા, એ શિવાય ધનુર્વિદ્યાનું જ્ઞાન મેળવતા હતા, એ વખતમાં વિશ્વામિત્ર ઋષિ યજ્ઞ કરતા હતા. તે યજ્ઞનો કેટલાક રાક્ષસો ભંગ કરતા હતા. તેથી તેનું રક્ષણ કરવાને માટે શ્રી રામચંદ્રજીની માગણી કરવી એવી વાટાઘાટ વિશ્વામિત્ર ઋષિના મનમાં ચાલતી હતી, આ પ્રસંગમાં સદરહુ બન્ને બ્રાહ્મણ અયોદ્ધામાં શ્રી રામચંદ્રજીની સભામાં આવીને ઉભા રહ્યા; એ

સભામાં દશરથ રાજા બિરાજમાન થયા હતા, એક બાજુએ રાજગુરૂ વસિષ્ઠનું ઉંચુ આસન હતુ, તે વસિષ્ઠથી નિચા કનકાસન ઉપર શ્રી રામ લક્ષ્મણ ભરત અને શત્રુઘ્ન બેઠેલા હતા, આ સભામાં તપથી પરાક્રમ કિધેલા કેટલાક મુનિ અને ઋષિનો સમુદાય હતો તે શિવાય મંત્રી અમાત્ય પ્રધાન, ન્યાયાધીશ, કોશરક્ષક, સેનાપતિ, અને બીજા પદાવાળા બીરાજમાન થએલા હતા, શ્રી રામચંદ્રજી વસિષ્ઠ ઋષિ પ્રત્યે જે જે પ્રશ્ન કરતા હતા. તે પ્રશ્નનો પ્રત્યુત્તર વસિષ્ઠ ગુરૂ તરફથી આપવામાં આવતો હતો, તે પ્રશ્નનું રહસ્ય સાંભળીને સઘળી સભા વિસ્મીત થઇ રહી હતી; સઘળી સભામાં શાંતતાની ચાદર પથરાઇ ગઇ હતી, નિરંતરપણે વેદ શાસ્ત્રના વચનોરૂપી સુધાબિંદુના છાંટા સઘળા કોઇને લાગતા હતા તેથી આધી વ્યાધી અને ઉપાધીથી થતા તાપનો નાશ થતો હતો, જેવી રીતે હુતાશન (અગ્નીથી) શીત નાશ પામે છે. જેવી રીતે પ્રચંડ વાયુના વેગથી વાદળાં દુરભાગી જાય છે, જેવી રીતે કાનને બેહેર મારે તેવા અવાજથી વીહંગ (પક્ષી) સમુદાય [illegible] ઉડી જાય છે તેવી રીતે સભામાં બેસનારા ગુણી અને વિદ્વાન પુરૂષના અંતઃકરણમાંથી વિક્ષેપનો નાશ થતો હતો; શ્રી રામચંદ્રજીની શાન્ત કાન્તી સર્વના અંતઃકરણને શાન્ત કરતી હતી, [illegible] કરૂણા તે કુમાર જે સભામાં આવી બેઠેલા તેમને [illegible] ઉત્તમ સત્કાર આપ્યો તેમને બેસવાને યોગ્ય આસન આપ્યું [illegible] પછી રામચંદ્રજી પ્રત્યે વસિષ્ઠ ગુરૂનો [illegible], પછી તે [illegible] અટકાઇ રહ્યુ, એટલે વસિષ્ઠ મુનિએ [illegible] તે બીજકુમાર તરફ નજર કરીને તેમના આવવાનું કારણ પુછી લીધું તે બન્ને કુમારોના [illegible] જે વિવાદનો પક્ષ હતો તે વસિષ્ઠ મુનિને [illegible], આ બન્નેનો પક્ષ સાંભળીને દશરથરાજાને અને [illegible] થયો, આ બન્નેને માટે વસિષ્ઠ મુનિ [illegible] છે કિંવા તેમને કેવો પ્રત્યુત્તર આપે છે તે જાણવાને [illegible] હતા.—વસિષ્ઠ મુનિએ તેમને કહ્યું કે [illegible] તમે [illegible] પ્રસંગે દશરથમહારાજા બિરાજમાન [illegible] માટે તમે બન્નેના પ્રશ્નનો પ્રત્યુત્તર અત્યારે નહિ આપતાં

આવતી કાલે બપોર પછી તમને આપીશું; આજે તો જે ઉતારો દરબારશ્રી તરફથી તમને આપવામાં આવે તેમાં નિવાસ કરો. અને સુખેથી રહો; એમ કહીને મંત્રી તરફ વસિષ્ઠ ગુરૂએ દ્રષ્ટી કરી, એટલે મંત્રી વસિષ્ઠ ગુરૂની પાસે આવીને ઉભો રહ્યો, ગુરૂજીએ જે યુક્તી મંત્રીને બતાવી તે યુક્તી અને આજ્ઞા સાંભળીને તે તમામ ગોઠવણી થોડીકજ વખતમાં કરાવી નાંખી, આ વખતે રાત્રીના આઠ વાગ્યાનો સુમાર હતો, કૃષ્ણ પક્ષ હતો. તેથી અંધકારે પોતાનો અમલ સઘળી દીશાઓમાં જમાવી દીધો હતો, નિત્ય નિયમ પ્રમાણે સભા વિસર્જન થઇ એટલે પેલા બે વિપ્રકુમાર પણ ઉતારા તરફ જવાને તૈયાર થયા, એટલે એક દરબારી પટાવાળો તે બન્ને સાથે ઉતારો બતાવવાને આવ્યો, ઉતારાનો મહેલ આવ્યો એટલે પટાવાળાએ આંગળી કરીને પેલા બે વિપ્રકુમાર પ્રત્યે કહેવા લાગ્યો કે આ સન્મુખ મોટો અવાસ છે તેને તાળું વાસ્યું છે માટે આ કુંચીથી ખુલ્લુ કરીને તેમાં તમે રહો, હવે મને કાંઇ વિશેષ આજ્ઞા નથી માટે હું મારા કામે જાઉં છું આ પ્રમાણે પટાવાળાએ પેલા વિપ્રકુમારને કહીને તથા કુંચી આપીને ચાલવા માંડ્યું;–પેલા બન્ને બ્રાહ્મણ પૈકી પુરૂષાર્થવાદીએ હાથમાં કુંચી પકડીને તાળું ખુલ્લુ કર્યું અને કમાડ ઉઘાડ્યું, પછી અંદર પ્રવેશ કરતાંજ છેક અંધારૂં નજરે પડ્યું; પુરૂષાર્થવાદીએ જડમત્તવાદિને કહ્યું કે મિત્ર ? આ શું ! દરબારનો ઉતારો શું આહાવો હશે ? નથી દિવો નથી કાંઇ, આ અવાસમાં અજાણ્યા કયાં પ્રવેશ કરવો !

જડવાદી––હે ભાઇ ! આપણા નશિબમાં આહાવોજ ઉતારો મળવાનું નિર્માણ હશે;

પુરૂષાર્થવાદી—અરે એમ તે હોય કે ! શ્રી રામચંદ્રજીની સભામાં મહાતત્વવેત્તા બ્રહ્મનિષ્ઠ યોગીંદ્ર વસિષ્ઠ જે કે ત્રિકાળ જ્ઞાની છે. તે શું આપણા માટે આહાવો ઉતારો આપે ખરા કે. શું કાંઇ વિચાર નહિ કર્યો હોય !

જડવાદી—ભાવી બળ એવુંજ છે; જો કે તે ત્રિકાળજ્ઞાની છે તોપણ આપણે તેમના મિજમાન છીએ છતાં શરભરા કરવાનો

વિવેક ભુલ્યા, તો પછી તે વસિષ્ઠગુરૂ ત્રિકાળજ્ઞાની શાના ! માટે ભાવી બળવાન છે;

પુરૂષાર્થવાદી—તો શું તમે અંધારામાં પડી રહેવા ધારોછો !

જડવાદી—હા, એમાં શંકા શી,

જડવાદી તો ભાવીબળ ઉપર ભરૂસો લાવીને અંધારામાં પાથર્યા વિનાની જમીન ઉપર લાંબો થઇને સુતો,—એ જોઇને પુરૂષાર્થવાદીએ તેને કહ્યું કે અરયા ભલા માણુસ આપણે પ્રાતઃકાળના મુસાફરી કરતા કરતા આવેલા ભુખ્યા અને તરસા છીએ, પાણી વિના જીવ તલસે છે. અન્ન વિના જંપ વળતો નથી, છતાં તું તો નીરાંતે અંધારામાંજ પડી રહ્યોછું હવે તને કહેવું શું ! અલબત્ત ભાવીમાં હોય એવું થવાનું હોય તો પછી કાળજી શા માટે કરવી ! ભુખ અને તરશ મારીને પડી રહેવાનું નિર્મિત હશે તો તેમજ થશે, એમાં કોણ ફેરફાર કરવાનું છે, ! હવે તો હું અહીંથી એક ડગલુ પણ આગળ પગ મુકવાનો નથી; એ માહારો દ્રઢ નિશ્ચય છે; પુરૂષાર્થવાદીએ પોતાના સોબતીનાં વચન સાંભળ્યાં પરંતુ તેને કાંઇ રૂચ્યુ નહી; તેને બીલકુલ જંપ વળ્યો નહી; એટલામાં અનાયાસ કોઇ માણુસ આવી પોહોચ્યો તેણે આગળનું કમાડ અડકાવી દીધુ અને ચાલ્યો ગયો, આ દેખાવ જોઇને પુરૂષાર્થવાદીના મનમાં અચંબો થયો, એકાએક બારણાં કોણ વાસી ગયું હશે; તે બાબત વિચાર કરવા લાગ્યો; મનમાં મુઝાવા લાગ્યો, હવે બાહેર નીકળવાને માટે પણ માર્ગ રહ્યો નથી તેથી કદાપી બુમ મારીને કોઇને બોલાવીયે તો કોઇ પણ સાંભળી શકે તેમ નથી, ચાલ જીવ ! આ છેક હેઠળની જગોમાં ઘણું અંધારૂં છે. તે કરતાં નીસરણી ખોળી કાઢી ને મેડી ઉપર જઇશું તો બારીનાં બારણાં ઉઘાડવાથી પવનના લીધે પણ મન આનંદ રહેશે, એમ વિચાર કરીને પુરૂષાર્થવાદીએ અંધારામાં ફાફાં મારતો મારતો મેડા ઉપર ચઢવાની નીસરણી ખોળી કાઢી હળવે હળવે નીસરણી ઉપર ચઢયો દાદરો ખુલ્લો હતો તેથી મેડા ઉપર જઇ પોહોચ્યો; હાથ લાંબા કરતો કરતો ત્યાંથી આગળ ચાલ્યો એટલે તેને બારીના બારણાં હાથે અથડાયાં,—બારણાંની સાંકળો ઉઘાડીને દ્વાર ખુલ્લાં કર્યા, થોડીક

વાર બારીયે ઉભો રહ્યો, ચારે તરફ દ્રષ્ટી કરી ત્યારે તેને એમ જણાયુ કે આજુ બાજુ બાગ બગીચાનો વિસ્તાર જણાય છે; પણ તે બાગમાં કોઈ માણસ નજરે પડતુ નહોતું; તેથી નિરાશ થઇને પાછો અંધારામાં ફાંફાં મારવા લાગ્યો પણ કંઈ હાથ આવ્યું નહી છેવટે નિરાશ થઇને કપાળ ઉપર હાથ મુકીને ખુણે બેશી રહ્યો ભુખ અને તરશથી પીડા પામેલો ઘણું અકળાયો, મનમાં વિચાર કરવા લાગ્યો કે—રામચંદ્રજીની સભામાં વસિષ્ઠ ગુરૂએ અમને સન્માન આપવામાં કસર મુકી નથી, તો શુ અમને દુખ દેવાને માટે વ્યવસ્થા વિનાનો ઉતારો આપ્યો હશે ! એમતો કદી થાયજ નહી; છતાં કેમ થયુ હશે ! શું તેમનો નોકર અવિવેકી હશે ! કે અમને આ ફંદામાં નાંખ્યા ! શિવ શિવ શિવ. યાવત્ જીવ ઉદ્યોગ કર્યા વિના ફળની સિદ્ધિ થતિ નથી. એમ વિચાર કરી ફરીથી ઉભો થયો. ગોડાના દરેક ખુણેખોચરે હાથ ફેરવતો ફેરવતો ફરવા લાગ્યો. એ પ્રમાણે જમીન ઉપર પણ હાથ ફેરવ્યા કરતો હતો એમ કરતાં કરતાં એક બારણું જણાઇ આવ્યું. તે બારણાનાં કમાડને ફક્ત સાંકળ વાસેલી હતી તે તેણે ખુલ્લી કરી દ્વાર ઉઘાડીને પોતે બીજા ભાગમાં પેઠો તેમાં પણ અંધારૂં વિશેષ હતું ચારે બાજુની ભીંતો અને બોંયતળીઆના ખુણા સુધી હાથ ફેરવતો ફેરવતો બંધ કર્યો ત્યારે એક ખુણામાં પીતળનો ડબલો મુકેલો હશે તે હાથે અથડાયો,--આમ થવાથી તેને કાંઈક આશા બંધાઇ, તે ડબલો તેણે ખુલ્લો કર્યો, પછી તેમાં જોવા લાગ્યો ત્યારે માત્ર એક લોખંડની કુંચી હાથમાં આવી- કુંચી જોઇને વિચાર કરવા લાગ્યો કે આ, ડબલામાં કુંચી રાખવાનું કાંઇ પણ કારણ હોવું જોઇએ; એમ ધારીને તે કુંચી હાથમાં લેઇને દરેક ભીંત ઉપર હાથ ફેરવવો ચાલ્યો ગયો ત્યારે તેને ભીંતમા એક હાટીયું નજરે જણાઇ આવ્યું. તે હાટીયાને તાળું વાસેલું હતું—પુરૂષાર્થવાદીએ ધાર્યુંકે આ તાળાનીજ કુંચી હોવી જોઇએ, એવી કલ્પના કરીને તે કુંચીથી તેણે તાળું ખુલ્લુ કર્યું અને હાટીયાનાં કમાડ ઉઘાડ્યાં ને હાટીયામાં તેણે હાથ ફેરવ્યો એટલે તેમાં માત્ર લોખંડનો ખીલો પડી રહેલો હાથ આવ્યો; આ જોઇને તે માણસને ધીરે ધીરે હિમ્મત આવતી ગઈ, પ્રથમ ડબલામાંની કુંચી હાથ આવવાથી હાટીવાનો

ભેદ જણાયો; ત્યારે હવે આ લોખંડી ખીલાનો ભેદ આ હાટીયામાંજ હોવો જોઇએ એવી કલ્પના તેણે કરી, તેણે ચોકસ ચીત્તથી ચારે બાજુ હાટીયામાં હાથ ફેરવ્યો એટલે એક છીદ્ર છે એમ હાથની આંગળીઓથી જણાઇ આવ્યું, તે છીદ્ર ઝીણું હતું તે છીદ્રમાં હાથમાં આવેલો લોખંડી ખીલો જઇ શકે તેવો હતો; તેથી સ્વભાવિક કલ્પના થવાથી એજ ખીલો તે છિદ્રમાં જોરથી દાબ્યો; એટલે હાટીયાના ભીડણનો સંચ ખુલ્લો થયો, ખુલ્લો થતાંજ તેમાંથી પ્રકાશ માલુમ પડયો, તેણે નજર કરીને જ્યારે તેમાં જોયું એટલે એક કાચના ફાનસમાં દીપક પ્રગટાવેલો નજરે પડયો; ઉલટથી તેણે તે ફાનસ હાથમાં લીધું, અને ખુલ્લા થએલા ભંડારીયામાં વીષેશ તપાસ કરવા લાગ્યો, એટલે પાણીનો ઘડો તથા એક ચાંદીનો મોટો ડાબડો હાથમાં આવ્યો, તે શીવાય ત્રણ ચાર કોથળીયો હાથમાં આવી આ સઘળુ તેણે બાહેર કાડયું ફાનસના અજવાળાથી તમામ વસ્તુ તેને દ્રષ્ટીએ પડી, ડાબડો ખુલ્લો કર્યો, તેમાં મગદળ અને પુરીયો વીગેરે ઉત્તમ પ્રકારનાં પકવાન ભર્યા હતાં; ઘડામાંથી તેણે પાણી પીધું ફાનસ હાથમાં લઇને ચારે બાજુ તપાસ કરવા લાગ્યો એટલે ત્રીજો ભાગ હતો તેના બારણાંનું કમાડ તેણે ખુલ્લુ કર્યુ અને અંદર પ્રવેશ કર્યો, દીપકના યોગે તપાસ કરતા બે મોટા પલંગ હતા તે ઉપર મોટાં ગદેલાં પાથરેલાં હતાં, સર્વ પ્રકારની સોઇ તે ઓરડામાં કરી મુકેલી નજરે જોઇ, આ વખતે તેને આનંદનો પાર રહ્યો નહિ; તુરત હાથમાં ફાનસ લઇ છેક હેઠળ ઉતરીને જે પેલો પોતાનો મિત્ર લાંબો થઇને પડી રહ્યો હતો તેને ઉઠાડયો અને ઉપર લઇ ગયો, જે જે પ્રકારે તેણે ઉદ્યોગ કર્યો હતો તે તમામ હકીકત તેણે કહી સંભળાવી; બન્યોજણ જોડે બેસીને ભોજન કરી લીધું અને પલંગમાં નીવૃતિથી સુઇ રહ્યા;

પ્રાતઃકાળ થયો એટલે તે મકાનના અવાસના બારણાનું તાળુ ગઇ રાત્રીએ જેણે વાસ્યું હતું તે ઉઘાડીને તેમાં ઉતરનાર મુસાફરોને ખબર આપીને ચાલતો થયો-જતી વખતે એ બન્યો વિપ્રકુમારને કહેતો ગયો કે પ્રાતઃકાળની શ્રી રામચંદ્રજી માહારાજની સભામાં આવવાને શ્રીવસિષ્ઠ ગુરૂએ તમને કહ્યું છે;

બન્યો વિપ્રકુમાર તૈયાર થયા, તેઓ શ્રીરામ સભામાં હાજર

થઈ ગયા, તેમને સત્કાર આપીને આસન ઉપર બેસારવામાં આવ્યા; પછી મહાત્મા વસિષ્ઠ મુનિએ તે બન્ને વિપ્રકુમાર તરફ નજર કરીને કહ્યું કે તમે ગઈ કાલે પોતપોતાના પ્રશ્નનો ખુલાસો માગ્યો હતો તે વિષે વિશેષમાં તમે શું પુછવા ધારોછો !

વિપ્રકુમાર—હે ગુરૂ ! હે મહાત્મા ! આપે શો ખુલાસો આપ્યો છે કે ! વિશેષમાં અમે બીજુ કહી શકીએ !

વસિષ્ઠ—તમને તમારા ઉતારામાંજ ખુલાસો મળી ગયો છે,

વિપ્રકુમાર—હા. એતો છુપી રહેલી વસ્તુ પ્રયત્ને કરીને મ્હેં જાતે ગોપી હાદી છે;

વસિષ્ઠ—એજ પ્રમાણે પ્રયત્ન કરીને આત્માને ઓળખવાનો છે તે તું સમજ્યો કે

પુરૂષાર્થ— હે મહાત્મા ! એ ભેદમાં મને બરાબર સમજણ પડી નથી માટે કૃપા કરીને સમજાવો,

વસિષ્ઠ— જે ઉતારો તને રહેવા આપ્યો હતો, તે ઉતારારૂપી સ્થુળ દેહ એટલે તારૂં શરીર સમજજે,-તે ઉતારામાં કેવળ અંધકાર હતો, જો કે તારા શરીરમાં પાંચ જ્ઞાનેંદ્રીય અર્થાત નેત્ર, કાન, જીભ્હા, ત્વચા, અને નાશિકા વીગેરે હતું અધર્મી અજ્ઞાનરૂપી અંધારામાં તે પાંચ જ્ઞાનેન્દ્રીયો પ્રબળ થઇ નહોતી, પરંતુ પુરૂષાર્થ કરવાને માટે જે ઉશ્કેરણી તારા અંતઃકરણમાંથી થઇ હતી તે શાથી થઇ હતી ! અને કોણે કરી હતી ! તે તું વીચાર કરીજે, વીચાર કરીશ તો જણાઇ આવશે કે તે પુરૂષાર્થ કરવાનો વિચાર તારા પૂર્વના સંસ્કારેજ પ્રાદુર્ભાવ કર્યો હતો, ઉદ્યોગ કરવાને માટે તારા સ્થુળ દેહમાં પાંચ કર્મેન્દ્રીયો છે તેથી તું પુરૂષાર્થ કરવાને સબળ હતો, જો કે તિમિરરૂપી અજ્ઞાન છતાં તે અજ્ઞાન સ્થીતિમાં ત્હેં ઉદ્યોગકર્યો ઉદ્યોગ કરવાથી સદબોધ સંત સમાગમરૂપી કુંચી તારા હાથમાં આવી ગઇ હતી, તે કુંચીથી ઉત્તમ પ્રકારના માર્ગે ચઢવાનું તને બારણું જડયું હતું તે સદ-બોધ રૂપી કુંચીથી બારણાને તું ખુલ્લું કરી શક્યો ·

પણ શરીરમાં
આત્મના જોરથી
ને સંકલ્પ
કરેલા
આવી હતી.
આત્માને
કબજે
દીપક જેમ,
માયા છે,
ત્યારે
નું
દીઠો

છે

મિત્રની સાથે રહીને મારા જીવનનું કલ્યાણ કરીશ,

વસિષ્ટ—તથાસ્તું.

બન્યો વીપ્ર કુમાર } હે ગુરૂ ! હવે અમે અમારા નગરમાં જવાને આજ્ઞા માગીએ છીએ,

તે બન્યો વિપ્રકુમાર વસિષ્ઠના ચરણમાં મસ્તક નમાવીને પોતાના ગામ તરફ ચાલ્યા ગયા-તે બન્યે વિપ્રકુમારોએ સતસંગ કરીને જીવન મુક્ત સ્થિતિએ આવ્યા.

યોગાનંદ ગુરૂ પોતાના શિષ્ય દેવશર્મા પ્રત્યે કહે છે કે હે શિષ્ય ! એ પ્રકારે પુરૂષાર્થ કરવાનીજ ખંત તારામાં કોણ છે, એ પ્રશ્નમાં તેજ અચિંત્ય અવિકારી આત્મા ઓળખી શકાય છે એજ આત્મા તારામાં છે; એજ આત્માને પુરૂષાર્થ કરવાથી ઓળખી શકાય છે; પુરૂષાર્થ એટલે ઇશ્વરના સ્વરૂપને જાણવાનો જે વિષય અર્થાત તે જાણવામાં જે સાધનો યોજવાં તેને પુરૂષાર્થ કહે છે; સંતપુરૂષોના વાકય ઉપર શ્રદ્ધા રાખીને તે જે જે આજ્ઞા કરે તે પ્રમાણે સનમાર્ગે વર્ત્તવાથી તથા આ સ્થુળ દેહમાં જે વિકૃતિયો છે તેને ઓળખીને કબજે રાખવાથી તથા એકાગ્ર મતિ કરવાથી, અને જે આત્મજ્ઞાન પ્રાપ્ત કરવા સબંધમાં પ્રનાલીકા કહી છે તે પ્રમાણે વર્ત્તવાથી આત્મ સ્વરૂપનું ભાન થાય છે; માટે હે શિષ્ય ! તું આત્માને એવી રીતે ઓળખ્ય; અને તે ઓળખવાને માટે સત્પુરૂષ જે જ્ઞાન આપે તે શ્રવણ કરીને સમજવું એજ પુરૂષાર્થ છે;



## તૃતિય લહેર.

### પ્રકૃતિ કહીને કરે છે !

---

ब्रह्माश्रया सत्त्वरजस्तमोगुणात्मिका माया अस्ति ॥
तत आकाशः संभूतः आकाशाद्वायुः वायोस्तेजः
तेजस आपः अद्भ्यः पृथिवी ॥

तत्त्वबोध.

અર્થ.

[illegible]

---

દોહરો.

[illegible] ॥
[illegible] ॥

[illegible]

---

શિષ્ય ગુરૂ પ્રત્યે કહે છે કે—

હે ગુરૂ ! આપ કહોછો કે બ્રહ્મસત્ય જગત્ મિથ્યા, તો પછી આ દેહ પણ મિથ્યા છે; એજ પ્રમાણે જ્યારે જગતને મિથ્યા માનવામાં આવે છે તો આ જગત નજરે જોતાં સાચું લાગે છે; છતાં મિથ્યા અર્થાત જુઠું કેમ કહેવામાં આવે છે ! જ્યારે જગત સત્ય લાગે છે ત્યારે તે જગતનું ઉપાદાન કારણ કોઇ વસ્તુ હોવીજ જોઇએ, માટે આ જગત શાથી ઉત્પન્ન થયું છે ! હે ગુરૂ ! જ્યારે હું આકાશમાં નજર કરૂં છું ત્યારે, અસંખ્ય તેજ પુંજ ગોળાઓ નજરે પડે છે; તે અસંખ્ય ગોળા પૈકી સુર્યનું પ્રખર તેજ આ પૃથિવી ઉપર પડે છે. ચંદ્રમા રાત્રીની વખતે શીતળ કીરણોથી આનંદ આપે છે, એવા અનેક ગ્રહો આકાશમાં જોવામાં આવે છે; તે સમગ્રને રચનાર કોણ હશે-હે ગુરૂ ! આ પૃથિવ ઉપર વનસ્પતિથી તે અનેક પ્રાણી તરફ નજર કરતા મન વાણીથી પણ સમજાઇ શકે તેવી ગહન રચના નજરે પડે છે; તેમાં મનુષ્ય દેહ સર્વથી ઉત્તમ જણાય છે; તેમાં પણ ઉંચ નીચ સ્થીતીવાળા જોવામાં આવે છે, કોઇ આનંદ કરે છે, કેટલાક શોકથી રડયાં કરે છે. કેટલાક રાજ કરે છે, કેટલાક ભીખ માગે છે કેટલાક ઉત્તમ પુસ્તકોનું અવલોકન કરીને જ્ઞાની કહેવાય છે કેટલાક મુર્ખ શઠ ચોર, લબાડ, વ્યભિચારી, દુરાચરી, લંપટ અને મિથ્યાભિમાની છે. કેટલાક મહાયોગી તત્વવેત્તા છે, કેટલાક ક્રોધી પુરૂષો પરસ્પર લડવાથી યુદ્ધ કરીને કપાઇ મરે છે; કેટલાક આશાના તરંગમાં પોતાના દેહને કષ્ટમાં નાંખે છે, કેટલાક સંતોષી છે-કેટલાક પરોપકાર કરવામાં પોતાનું નિર્મળ હૃદય દરસાવે છે; કેટલાક મરે છે. કેટલાક અવતરે છે,—હે ગુરૂ ! જેવી રીતે સ્થીર રહેલા પાણીમાં અનેક બુંદબુંદ (પરપોટા) થાય છે અને સમાઇ જાય છે એ પ્રમાણે આ જગતનો રંગ ઢંગ જોવામાં આવે છે. તે શું હશે ! તે કૃપા કરીને કહો;

ગુરૂ—હે લાયક શિષ્ય ! ત્હેં ઘણોજ સારો પશ્ન કર્યો છે; તારા ઉત્તમ પ્રશ્નથી મને આનંદ થાય છે; હે ભાઇ ! તું જે આ જગત જુવે છે તેનું ઉપાદાન કારણ પ્રકૃતિ (માયા) છે તે એવી રીતે છે કે, જ્યાં સુધી જીવ જે જે જુવે છે અને સાંભળે છે

કાચમાં મુખના ત્રણ પ્રતિબીંબો એક સાથે પડે છે. તે કેવી રીતે પડે છે! અને પ્રતિબિંબનાં ઉપાદાન કીરણો શું દરસાવે છે! તેનો વિચાર કરશો તો પ્રકાશ વિદ્યાવડે તે રહસ્ય જાણી લેશો અને તેથી પુરૂષ-પ્રકૃતિના સહવાસ સંબંધની સમજણ પડશે;-આ પ્રકૃતિનાં કાર્યો જોતાં સંસારમાં કેટલાંક નામ બોલવામાં આવે છે; જેમકે માયા, પ્રકૃતિ; અજા, કુદરત, નેચર, સ્વભાવ, શુન્ય, શક્તી, યોની, સત્તા, અવ્યક્ત, આદ્યશક્તિ, પ્રધાન, પંચતત્વ, ઇત્યાદી એના ગુણ-આકર્ષણ, વિદ્યુત, ઓરા, કિરણ, ઇથર, વીગેરેનો વિચાર કરીયે તો તે વીચારનો માણસની ઉમ્મરમાં અંત આવતો નથી;

વ્યાપક, અખંડ, સ્વયંભુ, અક્રિય, નિર્ગુણ, કલ્પનાથીપર, પરાત્પરનમ્યથો અગમ્ય, ચેતન, જેનું કેન્દ્ર સર્વ સ્થળ માની શકાય એવો અનંત એકરસ અનાદી અનંત એક તત્વ-પદાર્થ છે તેને આચ્છિત નાના સ્વરૂપાત્મક ( દેશ, કાળ, આકર્ષણ, વિદ્યુત, તૈજસ, ઓરા, ઓક્સીજન, હાઇડ્રોજન, શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ, શીતતા, ઉષ્ણુતા, પ્રકાશ, ભેદ, સંબંધ, જાતી, તમ, અભાવ, વીગરે-ઇથર, સત્વગુણ, રજોગુણ,-તમોગુણ, પંચભુત, પંચતન્માત્રા, વિગરે સમુહાત્મક ) એક પ્રકૃતિ નામથી ઓળખાતી વસ્તુ છે; તે નાના વિધ વિકારવતિ આકારમયિ છે; તે પ્રકૃતિનો પુર્ણ અંશ આદર અથવા બાગ સમાન બ્રહ્માંડમાં પ્રસરી રહ્યો છે; તે પણ એક જેવો એક સરખો નથી, પણ નાનારૂપ-આકૃતિવાન્-નાના શક્તીમાન અને હલક વાળો સ્થિતી સ્થાપક છે તેને સુક્ષ્મ ઇથર કે ગેષા કહે છે, તે તત્વ પદાર્થ એકરસ બ્રહ્મને આચ્છાદે છે, માટે તેને મહા કારણ પણ કહે છે;

તે પ્રકૃતિ-સ્વપ્રકાશ ચેતના ક્ષિત હોવાથી, તે પ્રકૃતિમાં બન્નેના સંબંધને લીધે સ્વભાવતઃ ગતી થાય છે, જો કે બ્રહ્મ અક્રિય છે તે અક્રિય ચેતન પ્રકૃતિને ગતી આપે છે એમ કેમ સંભવે! એ શંકા નો પ્રતિઉત્તર ઉપનિષદ નામક ગ્રંથોનું રહસ્ય અનુભવવાથી પોતાની મેળે સમજી શકાય તેમ નથી;

હે શિષ્ય, આ સ્થુળ શરીરમાં ત્રણ ગુણ, પંચભુત અને પંચતન્માત્રા વિગરે પ્રકૃતિ સ્વરૂપમાં જે સમાવેશ છે તે પ્રકૃતિરૂપે

[illegible] પ્રકૃતિને [illegible] છે; જેઓ જ્ઞાનવૃતિ દ્વારાએ [illegible] તે પોતાના આત્માને ઓળખે છે. જ્યાં [illegible] ઓળખી શકયા નથી ત્યાં સુધી માયાની [illegible] અનેક રૂપે જુદા જુદા રંગઢંગમાં ચઢી જાય છે;

[illegible] પ્રકૃતિને માટે મોટા મોટા વિદ્વાન [illegible] જુદી કલ્પના કરેલી છે. કેટલાક મહાર્ષિઓએ માયાને [illegible] છે, તે [illegible] ગુણ રૂપ બ્રહ્મા, વિષ્ણુ [illegible] અને બ્રહ્મને પોતાના પેટમાં અર્થાત બ્રહ્મ [illegible] એવી પ્રકૃતિને આદ્યશકતી રૂપે ગણીને [illegible] તેઓએ ભગવતિ ભાગવત ઈત્યાદિક વાર્તા [illegible]

માટે [illegible]

[illegible] કર્યો છે તે નિપંક્ષ વેદાંતના રહસ્ય

સુરૂપ [illegible] જે;

આ જગ [illegible] જીવ, બ્રહ્મ અને પ્રકૃતિને

કારણ કે [illegible] ભલે કહી કોઈ વિદ્વાન

અજ છે, [illegible] હોય, ભલે કહી

કોઈની બના[illegible] હોય તથાપી

ઈશ્વરી–અનાદ[illegible] [illegible]વેદના

હોવા છતા સ્થુળ [illegible]

સ્વરૂપ છે, તેનું મૂ[illegible]

નથી; પણ કાર્ય રૂ[illegible]

અખંડ પરમાત્માના [illegible]

છે;–બુદ્ધિમાં ન આવે.

તેમાંથી બને છે; તેનો [illegible]

અનેક નામ રૂપ ધારે છે [illegible]

એવુ આશ્ચર્ય કારક રૂપ [illegible]

આશ્ચર્ય સ્વરૂપ લખવામાં આવતુ [illegible]

સ્વરૂપ વર્ણન કરવામાં કે લખવામાં [illegible]

અનુભવી શકાય છે,

જીવ બ્રહ્મની એકયતા અને માયાના ચરિત્રનું ચિત્ર ચીતરી શકાયે છે; તેમજ એજ માયા અજ્ઞાની પુરૂષોને તેવોજ રંગ ઢંગ બતાવે છે; માટે હે શિષ્ય. એ પ્રકારે માયાનું સ્વરૂપ ઓળખીને જીવ અને બ્રહ્મને જાણવાને માટે પુરૂષાર્થ કર;





# ચતુર્થ લહર.

## સત્પુરૂષ—વચન પ્રતાપ.

---

### श्लोक.

वसंत तिलक.

पद्माकरं दिनकरो विकची करोती,
चंद्रो विकासयति कैरव चक्र वालम्;
नाभ्यार्थितो जलधरोपि जलंददाति,
संतः स्वयंपर हितेषु कृताभियोगा.
भर्तृहरि,

અર્થ.

સુર્ય સર્વ કમળોને પ્રફુલ્લિત કરે છે, ચંદ્ર સર્વ કમોદનીના જથાને પ્રફુલ્લ કરે છે. અને મેઘ પ્રાર્થના કર્યા વિના પાણી આપે છે. એજ પ્રમાણે સત્પુરૂષો પારકાં હીત કરવામાં વગર સ્વાર્થે ઉદ્યમ કરે છે;

---

શિષ્ય—હે ગુરૂ ! આપના વચન રૂપી અમૃતનું પાન કરૂણું તોપણ અતૃપ્ત રહુંછું, એવું આપનું વચન આનંદકારક ને, અન્ન પ્રાશન કર્યા પછી ઉદર તૃપ્ત થાય છે, જળ પીધા પછી તૃષાથી શાંતિ થાય છે, અત્યંત દ્રવ્ય મળ્યા પછી કુદરતી સંતોષ પ્રાપ્ત થાય છે. દીપક પ્રગટ થયા પછી અ

શુચિવ્રતને બાળીને રાજ મંદિરમાં ભાનુપ્રતાપ આવી પોહોચ્યો ચિત્ત ઉદવિગ્ન થઈ જવાથી સભામંડપ વિના એકાન્ત ઓરડીમાંજ બેસી રહ્યો. ન રાણી વાસમાં ગયો, કે ન કોઈની પાસે બેઠો-પણ એકાંત સ્થળમાં કમાડનાં દ્વાર વાસીને બેચેનીમાં આખી રાત્ર ગુજારી, પ્રાત કાળ થયો એટલે રાજ્ય પુરોહિતને બોલાવીને પોતાના પુત્રને ગાદી ઉપર બેસાર્યો, પછી ભગુરાં વસ્ત્ર ધારણ કરીને જંગલમાં નીકળી પડવાનો વિચાર ભાનુપ્રતાપે કર્યો,

આ વખતે રાજ સભા પરિપુર્ણ ભરાઈ હતી, એકા એક ભાનુપ્રતાપે વૈરાગ ધારણ કર્યો તથા રાજ વ્યવહારનો ત્યાગ કર્યો એમ જાણીને તે સભામાં જે વિદ્વાન સજ્જન પુરૂષો હતા, તેમના અંતઃકરણમાં ઘણું માઠું લાગ્યું; તે વિદ્વાન સમુદાયમાં વિજ્ઞાન શર્મા નામનો તેમનો પુરોહિત બ્રાહ્મણ હતો, તેણે ભાનુપ્રતાપ પ્રત્યે પ્રશ્ન કર્યો કે હે રાજન્ ! આમ વૈરાગ ધારણ કરવાથી શી વસ્તુ પ્રાપ્ત કરવા ધારો છો ! શું આમ કરવાથી શુચિવ્રત પાછો મળશે કે !

ભાનુપ્રતાપ—શરીર માંથી શી વસ્તુ જતી રહે છે ! ચૈતન્ય પદાર્થ શો છે ! એ જાણવાની મને જરૂર છે, જ્યારે આ પ્રમાણે મૃત્યુ થાય છે ત્યારે મનુષ્ય દેહ પ્રાપ્ત થાય પછી મુખ્ય તત્વને ન જાણી શક્યા તેથી આ જન્મ વૃથા સમજવાનો છે;

માટે જેઓ બ્રહ્મજ્ઞાનને જાણનાર મહાજ્ઞાની સંત પુરૂષો છે તેમની શેવામાંજ રહેવું એવો મારો દ્રઢ વિચાર થયો છે;

## સંવાદ

વિજ્ઞાનશર્મા-હે રાજન્! કાંઇ ત્યાગી થવાથી કે દેહેંદ્રીયોને દમન કરવાથી બ્રહ્મજ્ઞાનથી પ્રાપ્તી થતી નથી. પણ જ્ઞાન વડે કરીને મનને કાયમ રાખવાથી તથા એકાગ્ર વૃત્તિ કરીને આ શરીરમાં લક્ષ આપવાથી ચૈતન્ય સ્વરૂપ જોવામાં આવે છે, અને તેમાંજ પરમાનંદની પ્રાપ્તી થાય છે;

ભાનુપ્રતાપ-તો શું! આ જગતનો વ્યવહાર ત્યાગ કરીને સંત પુરૂષો ગીરી કંદરોનું શેવન કરીને એકાન્તમાં રહેછે તે તમે વૃથા માનો છો!

વિજ્ઞાનશર્મા-ના, તેમતો નથી--એકાંતમાં વાસ કરનારા ત્યાગી પુરૂષોનો પુરૂષાર્થ પણ સાચો છે, તેજ પ્રમાણે આ જગતમાં રહીને વ્યવહાર ચલાવનાર પુરૂષ વ્યવહારમાં રહીને પણ ઉત્તમ સાધનોથી જ્ઞાન પ્રાપ્ત કરી સદાનંદ પદને પામે છે;--હે રાજન્! તમે ક્ષત્રી ધર્મનું રક્ષણ કરનાર રાજેંન્દ્રછો, માટે તમે પોતાનો સનાતન ધર્મ ત્યાગ કરીને જંગલમાં વીચરવાની ઇચ્છા રાખોછો તે યોગ્ય નથી,--માટે રાજ્ય વ્યવહાર ચલાવો, અને બ્રહ્મ જ્ઞાનના ઉત્તમ ભેદને જાણી લ્યો;

ભાનુપ્રતાપ-એમ શી રીતે બને! મસ્તક ઉપર બેમણની ગાંસડી હોય અને તેના વજને કરીને મસ્તક બહુજ દુખતું હોય, તે વખતે જગત નિયંતા ઈશ્વરની પ્રાર્થના કે માળા એક વૃતિએ કરીને ફેરવવી કેમ બને! જ્યાં સુધી શારિરીક સંપત્તિ સારી નથી ત્યાં સુધી મનની નિર્મળ દ્રઢતા કેમ રહી શકે!

વિજ્ઞાનશર્મા-સત્ય છે, સત્ય છે--હે રાજન્! તમે રાજ્યસુખ વિલાસમાં નાના પ્રકારનું સુખ ભોગવનારા છતાં કટંક જમીન ઉપર જોડા વીના ચાલવાની ઇચ્છા રાખોછો, અન્ન વિના ફળ ખાઇને

રહેવું ધારોછો, શયન માટે સુખમલ આદીક ગદેલાં વિના કાંકરાવાળી ખરબચડી જગોમાં કિંવા સાગપત્ર ઉપર પડી રહેવા ધારોછો, સિંહ રીંછ ઇત્યાદીક ક્રૂર પ્રાણીયોના ઉપદ્રવ વાળા પ્રદેશમાં ધાસ્ની સાથે ચળવિચળ મનથી ત્યાં રહેવું તે નીશ્ચય કરોછો, આ પ્રમાણે જ્યારે ત્યાગ વૃત્તિથી તમે પોતે તેમજ કરો, ત્યારે તમારૂ મન શી રીતે એકાગ્રસ્થિતિને પામશે ! તે કરતાં ઉત્તમ છે કે. રાજ્યસુખ ભોગવીને મનને જીતીને ઉત્તમજ્ઞાન સંપાદન કરવાને અહીંયાંજ પુરૂષાર્થ કરો; સંતુષ્ટતાપ-હે બુદ્ધિવાન પંડિત ! જેટલું સુખ વૈરાગમાં છે એવું બીજા કોઇ પદાર્થમાં નથી-કહ્યું છે કે..

## શ્લોક.

भोगेरोग भयंकुले च्युतिभयं वित्ते नृपालाद्भयं
मौने दैन्यभयं बले रिपुभयं रुपे जराया भयम्
शास्त्रे वाद भयं गुणे खलभयं काये कृतान्ताद्भयं
सर्वं वस्तुभयान्वितं भुवि नृणां वैराग्य मेवाभयम् ॥ ३४

## અર્થ.

ભોગમાં રોગનો ભય, કુલિનપણામાં લાંછનનો ભય, ધન હોય તો રાજાનો ભય, મૌનમાં દૈન્યતાનો ભય, બળમાં શત્રુસમુદાયનો ભય, રૂપમાં વૃદ્ધાવસ્થાનો ભય, શાસ્ત્ર ભણવામાં વાદવિવાદનો ભય, ગુણમાં ખળ પુરૂષોનો ભય, અને શરીરને કાળનો ભય છે, ત્યારે જો કે સઘળી વસ્તુઓ માટે માણસોને ભય રાખવો પડે છે તો પછી માત્ર વૈરાગ્ય છે એજ નિર્ભય છે:

---

હે ચતુર પંડિત ! હું એવો ભાગ્યશાળી ક્યારે થાઉં કે ગંગા નદીના કીનારા ઉપર નિવાસ કરી નિવૃત્તિએ કરીને યોગ નિષ્ઠ બનું ! વિદ્વાન પંડિતોએ કહ્યુ છે કે,

शिखरिणीवृत.

स्फुरत्स्फार ज्योत्स्ना धवलित तले क्वापि पुलिने
सुखासीनाः शान्त ध्वनिषु रजनिषु द्युसरितः
भवा भोगोद्विग्ना शिव शिव शिवे त्यार्त वचसाः
कदा स्यामाऽऽनन्दो द्गत बहुल वाष्पा प्लुतदृशः

અર્થ.

વિસ્તાર પામતી ચંદ્રચાંદનીને લીધે ધવલ (શ્વત) થએલા ગંગાના પુલિનપર શાન્ત રાત્રીમા સુખથી બેઠેલા ભવના ભોગોને ભોગવ્યાથી ઉદ્વિગ્ન થએલા, શિવ શિવ શિવ એમ નમ્ર વચનથી ઉચ્ચાર કરવા વાળો આનંદ આશ્રુથી વિકળ દ્રષ્ટિવાળો હું ક્યારે થઇશ, !

---

હે પંડિત ! વૈરાગ સ્થિતિમાંજ સર્વ પ્રકારનું સુખ છે; ઉત્તમ પ્રકારની શય્યામાં શયન કરવાથી, તથા મનમોહક અત્યંત સ્વરૂપવાન તરૂણીયો સાથે વાગવિલાસ કરવાથી, કિંવા, મદનોત્તેજક ગુરૂત્વ ભોજન કરવાથી, તથા શસ્ત્ર અસ્ત્ર પકડી ક્રોધાધિન થઇને યુદ્ધ ક્ષેત્રમાં શત્રુઓને પરાજ્ય કરવાથી, તથા મૃગ રીંછ ઇત્યાદીકનો શિકાર કરવાથી, કે પંડીતોની ખુસામતના શબ્દો સાભળીને ગર્વ લાવવાથી. કે રાજ્ય સત્તાનો અભિમાન લાવવાથી વૈરાગ સ્થિર રહેતો નથી, એથી કરીને ચપળ મન જીતાતું નથી, એથી કરીને યોગાભ્યાસ થતો નથી. જે સુખ વૈરાગને સંપાદન કર્યા બાદ મુમુક્ષુ પદ મેળવવામાં આવે છે તેવું બીજે કોઇ જગોએ જોવામાં આવતું નથી હે પંડિત વર્ય ! વિદ્વાન ભતૃહરીએ કહ્યુ છે કે,

श्लोक.

मंदाक्रान्ता

गङ्गातीरे हिमगिरिशिला बद्ध पद्मासनस्य
ब्रह्मध्याना भ्यसन विधिना योग निद्रांगतस्य
किंतैर्भाव्यं मम सुदिव सैर्यत्रते निर्वि शङ्काः

संप्राप्स्यन्ते नरट हारिणाःशृङ्ग कण्डु विनोदम्

અર્થ.

ગંગા નદીના કીનારા ઉપર હીમગીરીની શીલા તળપર પદ્માસન વાળી વિધિ પ્રમાણે બ્રહ્મનું ધ્યાન ધરીને યોગ નિંદ્રાને પામેલા એવા મારા શરીરને નિઃશંક થઈને વૃદ્ધ હરણ પોતાના શિંગડા ઘસે એવા મારા ઉત્તમ દિવસો આવશે; અર્થાત ઘરડાં હરણો પોતાના શિંગડા (આ શરીર ઉપર) ઘસે તો પણ સમાધી છુટે નહી એ પ્રકારે બ્રહ્માનંદ ધ્યાન લીન થઈ યોગ નિંદ્રા પ્રાપ્ત થાય તેજ એવા દિવસો ઉત્તમ મનાય છે.

---

માટે હે દ્વિજવર્ય! વૈરાગ્યથીજ મને આનંદ થવાનો છે; અને એથી કરીને હું ઉત્કૃષ્ટ સ્થિતિએ પામીશ:

વિજ્ઞાનશર્મા—હે રાજન્ જનકવિદેહિ રાજાની પેઠે પરમ ધાર્મિક અને જીતેન્દ્રીય થાઓ; તેમણે સર્વદા બ્રહ્મ પરાયણ થઈને જે અમુલ્ય તત્વજ્ઞાન મેળવ્યું હતું, તેને માટે ઋષિમંડળે તેને રાજર્ષીના ઉપનામથી ભુષિત કર્યો હતો; તે સર્વ પ્રકારના માયિક ભોગમાં સર્વદા આસક્ત છતાં એક પક્ષે તે સર્વ ઉપર એદીવારે ઈચ્છા વિનાનોજ દેખાતો હતો; તેમજ બીજા પક્ષે કરીને પ્રજાપાલન અને કાર્ય કરવામાં કોઈ પણ રીતે દુર રહેતો નહોતો, તેણે શાસ્ત્રોક્ત ધર્મને ધારણ કર્યો હતો. તે સાથે બ્રહ્મજ્ઞાન ઉત્તમ રીતે મેળવ્યું હતું, જુવો કે તમારી પેઠે તમામ રાજ્ય ત્યાગી થઈ બેસે તો અત્યંત વિપરિત કાળ નજરે પડે, અનેક જનોએથી ભય થાય, દુષ્ટ બુદ્ધિવાળા નિર્દય રાક્ષસ પ્રકૃતિવાળા પ્રજા સમસ્તમાં શોર મચાવે, પરાઈ મીલ્કત તથા દ્રવ્યનું હરણ કરી જાય, ગાય અને બ્રાહ્મણોને પીડા આપે, વેદ વિરુદ્ધ કર્મ કરનારનો મહિમા વિસ્તાર થઈ જાય, ઠેર ઠેર હાહાકાર વર્તાઈ જાય, હે રાજા! ધર્મનું અને પ્રજાનું રક્ષણ કરવાને માટેજ ઈશ્વરે રાજ્યમાં પોતાના અંશનો અંશ મુકેલો છે, છતાં જે રાજા

ત્યારે તે વૃત્તિને નિત્યાનિત્ય વસ્તુ વિવેક કહેવામાં આવે છે;—હે રાજન્ ! એક તરફથી તેવા ઉત્તમ વિવેકને ધારણ કરીને નિશ્ચય કરવો જોઇએ-અને બીજી રીતે આ સંસારમાં લક્ષ આપીને નિત્ય એટલે સત્ય પુરૂષો જે કે વેદધર્મને માનનારા પવિત્ર મનના માણસોનું પાલન કરવું; અને અનિત્ય એટલે દુરાચારી, ખલ, ચોર, અને રાક્ષસોને ભય આપીને તેઓને સન્માર્ગે ચઢાવવા જોઇએ;

હે ભુપતિ ! એજ પ્રમાણે બીજુ સાધન જે કે લોક પરલોક વૈરાગ કહેવામાં આવે છે, તે વૈરાગ જેકે આ લોકનું અને સ્વર્ગ લોકના સુખની પણ ઇચ્છા હોય નહી તેને વૈરાગ કહે છે. એક પક્ષ તરફથી તેવી વૃત્તિ રાખીને આ જગતમાં જે વ્યવહાર છે તે વ્યવહારને મિથ્યા સમજીને પણ રાજ્ય સુખ ભોગવવામાં હુંજ સુખીછું, કિંવા હુંજ આ ઉત્તમ અધિકારને પામેલો મહા સમર્થ રાજા કહેવાઉંછું એવો અહંભેદ દુર કરવામાં આવે તો તેનેજ વૈરાગ કહેવામાં આવે છે; જે સત્તા ધારણ કરી છે તે પરોપકાર કૃત્ય કરવાને માટે તથા ધારૂં દુઃખ દુર કરવાને માટેજ છે એમ માનીને તત્વવેત્તા પુરૂષોનુ રક્ષણ કરવું જોઇએ; રાજ્યમદને દુર કરવો જોઇએ; પ્રજાને પ્રસન્ન રાખવી જોઇએ, પ્રજાવર્ગ તમારી ભક્તી કરે તેવો તેઓનો પ્રેમ મેળવવો જોઇએ, પોતાના સ્વાર્થ ઉપર ધ્યાન નહી આપવું જોઇએ, પ્રજાવર્ગમાં તમારા ઉત્તમ ગુણની છાયા પડવી જોઇએ, જે ઉપાધી રાજકાર્ય બોજની છે તે માત્ર ગો, વિપ્ર, સ્ત્રી, વેદ ધર્મ અને નિતીને સાચવવાને માટેજ છે એમ સમજીને તે ઉપાધીનો ભોક્તા હું નથી. એમ નિશ્ચય કર્યાથી હે રાજન્ ! તમે રાજ્ય વહિવટ ચલાવો તો પણ વૈરાગ રતિવાળા કહેરવો;

હે બુદ્ધિવાન રાજા !—શમ, દમ, ઉપરતિ, તિતિક્ષા, શ્રદ્ધા અને સમાધાનતા એ પ્રકારે શમાદી ષટ્ સંપત્તિ કહેવામાં આવે છે; તે ષટ્ સંપત્તિ રાજ્ય સુખનો ત્યાગ કરવામાં નહી આવે તો પણ ભલી રીતે પની શકાય છે, કેવળ ત્યાગી થઇને જંગલમાં ભટકવાથી કે એકાન્ત અવાસ સેવવાથી તે સંપત્તી પ્રાપ્ત થતી નથી, પણ તે સંપત્તી તો કેવળ શુદ્ધ મને કરીને વિવેકદ્વારાએ તથા સત્પુરૂષોના બોધથીજ

પૈકી.બે, હે રાજન્ ! જે ઈંદ્રિયોવડે કરીને તમને અનુભવ મળ્યો છે તે
ઈંદ્રિયોના ધર્મ સમજીને આ જગતમાં પરોપકાર કૃત્ય કરવાનું છે.

પોતાના ધર્મનું અનુષ્ઠાન કરવું અર્થાત ચેતન આદી ધર્મની
નિશ્ચ કરીને શબ્દ સ્પર્શાદિ નવ વિષયથી ચિત્તની નિવૃત્તિ કરવી
તેને ઉપરામ કહે છે.

હે રાજન્ ! શીત, ઉષ્ણ, ટાઢી, ગરમી, ભુખ, દુ ખાદી તથા
માન અપમાન ઈત્યાદિકને ધીરજે કરીને સહન કરવું, તેને તિતિક્ષા
કહે છે, હે ભુપતિ ! તે તિતિક્ષાનો તમારી રાજ્યના નીચે વસનારા
સજ્જન પુરૂષોના બચાવ સારૂ તમે પોતેજ ઉપયોગ કરો.

વસનું તથા બેઠ ધમડ તથા ગાયોનું તથા પવિત્ર સ્ત્રિયોનું
તથા સત્યવક્તાના સજ્જનોનું, તથા પોતાના પુત્રવધુ અને કુટંબનું
તથા માત પિતાનું રક્ષણ કરવાને માટે શીત તથા ઉષ્ણકાળનો પ્રખર
તાપ તરવારસાદની સરદી ચીગરેનું સહન કરીને દુર્જન ગ્રેહાયનં નસાડી
મુકવાને સારૂ હાથમાં તરવાર પકડીને દુષ્ટ કર્મ કરનારાઓને
સાથે પરોપકાર કરવામાં પોતાના અર્થનો ત્યાગ કરીને માન કે
અપમાન ઉપર લેશમાત્ર સ્પૃહા નહિ રાખો. હે ભુપતિ ! એમ કરવાથી
દેવ સંસારના દેખાવમાં આ દેના દેહથી તિતિક્ષા સંપત્તિ આપના
શરીરમાં ચકની માફક તેજ આપતી શોભી નિકળશે;

ગુરૂ અને વેદવાક્ય વિષે વિશ્વાસ કરવો, અર્થાત ગુરૂ અને
વેદાન્ત જે કહે છે તે યથાર્થ છે, એ પ્રમાણે નિશ્ચય માનવું, તેને શ્રદ્ધા
કહે છે, હે રાજન્ ! વિદ્વાન પુરૂષોના નિતિ પૂર્વક ઉચ્ચ વિચાર સાથ
કરીને તે આધારે રાજનીતિ ચલાવવી, તથા સત્પુરૂષોની સેવા કરીને
તેમના નિર્મળ વિચાર એકાગ્ર વૃત્તિથી સાંભળીને વારંવાર વિચાર
કરવો એટલે એજ તમારો શ્રદ્ધાનો ધર્મ છે;

ચિત્તની એકાગ્રતા તથા ચિત્તે કરીને વેદાંતના વચનનો પ્રિતિ
કરી સંભળાવવાં તેને સમાધાનતા કહે છે; હે રાજન્ ! વેદાંત
વિષયમાં ઈશ્વરને ઓળખવાનો માર્ગ છે, જેમાં ધર્મ, અર્થ, કામ, અને
મોક્ષનું દર્શન છે, જેમાં ઈશ્વરની નિર્પક્ષ સ્તુતિ છે; તો પછી તમારી
રાજ્યના નીચે રહેનાર એકજ ધર્મને માને, એવી ઉત્તમ પરનાજિયા ઉપર

પતિવ્રતા રાણીઓને આશ્વાસન આપ્યું; વિજ્ઞાનશર્મા ગુણજ્ઞ અને બહુ
વિદ્વાન હતો, તેથી તેના બોલવા ઉપર પૂર્ણ વિશ્વાસ તે રાણીઓએ
રાખ્યો હતો, જેમાં ભાનુપ્રતાપને ત્યાગ વૃત્તિથી વન ઉપવનમાં
વિચરવાને કલહ થાય નહી તેમ થયું હતું;

પ્રાતઃકાળ થયો એટલે ભાનુપ્રતાપ અને વિજ્ઞાનશર્મા તથા
બહુશ્રુત અને દયાળચંદ પટેલ એમ ચારે જણ ગિરીમંડળ નગરની
હદ છોડીને ગહન પર્વતોની વચમાં આવેલા રસ્તામાં પ્રવાસ કરવા
લાગ્યા; રસ્તામાં ચાલતાં ચાલતાં વિજ્ઞાનશર્મા અનેક પ્રકારના દૃષ્ટાંત
સિદ્ધાંતની વાતો ચલાવતો હતો, તેથી પ્રવાસ કરવામાં રસ્તો કપાતો
હતો, ભાનુપ્રતાપને સજ્જડ વૈરાગ પ્રાપ્ત થયો હતો, તેથી પગમાં
જોડો પણ પેહેર્યો નહોતો, અંગ ઉપર ભગવા રંગનો માત્ર ખલકો
ધારણ કર્યો હતો, મસ્તક ઉઘાડું રાખ્યું હતું; જેવો દેખાવ પરમહંસનો
હોય છે તેવાજ દેખાવવાળો તે હતો; ભાનુપ્રતાપ સાથે રહેલા ત્રણ
જણાઓનો તેવો દેખાવ નહતો, તેમણે દોરી લોટા તથા વસ્ત્ર વીગરે
સાધુનીક વસ્તુઓ પોતાની સાથે રાખી મુકી હતી, રસ્તે જતા કોઇ નગર
આવે ત્યાંથી જરૂર પુરતું અન્ન લઇને આગળ પ્રવાસ કરવા નીકળી પડતા
હતા, મધ્યાન્હકાળે જ્યાં સરોવર ઇત્યાદીક જળાશય હોય ત્યાં ઉતારો
કરીને ભોજનની સામગ્રી સાથે રાખેલાં નાહાનાં વાસણોમાં પુરોહિત
તૈયાર કરતો હતો, આજુ બાજુનાં પલાશ વૃક્ષનાં (ખાખરાનાં)
પાદડાં લઇ તેનાં પત્રાળાં કરીને તેમાં મુકીને ભોજન કરી લેતા હતા,
પુરોહિત ઘણો બુદ્ધિવાન અને ચતુર હતો માટે ભાનુપ્રતાપની સારવાર
કરવાને તથા આગળ શું બને છે તે જોવાને માટેજ સાથે રહ્યો હતો;
એટલુંજ નહિ પણ તે પુરોહિતે, પોતાના ગુરૂ પાસે આત્મજ્ઞાનનું જે
શિક્ષણ મેળવ્યું હતું, તે શિક્ષણદ્વારાએ પોતાનો મુખપ્રદ પણ કાયમ
રાખવાને, અને આત્મજ્ઞાનથી જે આનંદ અનુભવાય છે તે આનંદ
બ્રહ્માનંદમાં મગ્ન રહેનારા યોગેન્દ્રોથી. પામવાને માટે ભાનુપ્રતાપ
રાજા સાથે રેહેવાનો પ્રયત્ન કર્યો હતો;–દરરોજ રાત્રીએ કોઇ નાહાના
ગામથી. એક કોસ દુર મકાન કરીને તેઓ રહેતા હતા,–તે પ્રમાણે
આ ચારે વટેમાર્ગુઓ.–એ એક વિરાજ ટેકરી ઉપરના ચડઉતર નીચે

ઉતારો કર્યો હતો; સૂર્ય અસ્ત થવાની તૈયારીમાં હતો, દરેક આકાશમાં ગમન કરનારાં દિવસમાં મગ્ન રહેનારાં પક્ષિયો કલરવ કરતાં કરતાં વૃક્ષો ઉપર નિવાસ કરવા લાગ્યાં; આ વખતે વાઘનું ચામડું પાથરીને એક પથ્થરની શિલા ઉપર ભાનુપ્રતાપે આરામ લીધો હતો, બાકીના ત્રણ સાથીવર્ગ હતા તેઓનું પ્રતાપની પાસે રાત્રી વ્યાતત કરવાને માટે કામળા પાથરીને બેઠા હતા

## બાવો બોદલી અને ફરૂડગર.

આ ટેકરી ઉપર શિવાલય હતું, તેમજ નીચાણમાં વીસ્તારવાળું.સરોવર નિર્મળ જળથી પુર્ણ ભરેલું અનેક કમળો તથા પોયણાંથી સુશોભિત હતુ, તેથી ટેકરી ઉપરની શોભામાં મણા રહી નહોતી; આ રમણિય ટેકરી ઉપર થોડીકવાર પછી ત્રણ મુસાફરો આવી પોહોચ્યા, તે મુસાફરોમાં એક સ્ત્રી હતી, તે સાધુડી હતી, અને બીજા બે પુરૂષો હતા, તેમાં એક આંધળો હતો. આ બે પુરૂષ સાધુ હતા, દિવસે કરેલી મુસાફરીથી શ્રમ પામેલા હતા, તેઓએ આ ટેકરી ઉપર ચાર માણસોનો ઉતારો જોયો હતો. તેથી તે ત્રણે જણા ટેકરી ઉપર વિશ્રાંતી લેવાને તથા રાત્રી ગાળવાને ત્યાં બેઠા, અને તેઓની પાસે જે કાંઇ ખાવાનું હતું તે ખાઇને દરેક જણાએ પોતપોતાને બિસ્તરો પાથરીને બેઠા; આ વખતે ભાનુપ્રતાપના સાથી પૈકી જે નાસ્તિક બહુશ્રુત હતો તેણે આનંદમાં રાત્રી વ્યતિત થવાને કાંઇક મિસ કાઢીને નવિન આવેલા પેલા ત્રણ મુસાફર પૈકી એક સાધુ પ્રત્યે કહેવા લાગ્યો કે-હે મુસાફર સાધુ ! તમે કયાંથી આવોછો ! અને કયાં જાઓછો ! તમારૂ શું નામ છે !

બહુશ્રુતનું વચન સાભળીને મુસાફર સાધુએ ઉત્તર આપ્યો કે અમે ત્રણે સાધુ છીએ—મારૂ નામ રામચરણદાસ છે પરંતુ બધા લોકો મને બાવો કહે છે–આ રામડી છે તે માહારી સ્ત્રી છે તેને બધા લોકો માતાજી કહીને બોલાવે છ પણ ખરૂ નામતો બોદલી છે અને આ આંધળો સાધુ છે તે જન્મથી દેખતો નથી; તે માહારો નાહાનો ભાઇ થાય છે તેનું નામ ફરૂડગર છે; આ માતાજી ( બોદલી )નો અને માહારો તમામ સામાન ફરૂડગર ઉપાડીને ચાલે છે; ગામે ગામ, તથા

દેશ પરદેશ ફરીયે છીએ, જેઓ અમારા ભજન ઉપર આસ્તા રાખે છે તેઓ અમારી ચાકરી સારી કરે છે;

બહુશ્રુતે સાધુ પ્રત્યે પ્રશ્ન કર્યો કે—તમે સાધુ થઇને શું સાધ્યું ! રામચરણ બાવો બોલ્યો—હે ભાઇ ! જે તમને શંકા આવે તેનો જવાબ આ જન્મ અંધ ફરૂડગર માહારાજ છે તે આપી શકશે,

બહુશ્રુત—(સાધુપ્રત્યે) એમ કે ! ભલે કદી તે ફરૂડગર મહારાજ પ્રત્યુત્તર આપેતો પણ ઠીક છે.

ફરૂડગરે જાણ્યું કે હવે માહારો વારો આવી પોહોચ્યો; એમ સમજીને પોતે તુરત બેઠો થયો, નેત્રની દ્રષ્ટી આકાશ ભણી કરીને તથા મસ્તકને હલાવીને પ્રસન્ન મુખ મુદ્રાથી બહુશ્રુત પ્રત્યે ફરૂડગર બોલવા લાગ્યો કે;

હે ભાઇ ! જે સાધવાનું છે તે શરીરમાંજ છે, જેણે મનની ગતિ સાધી તેણે સર્વ સાધ્યું;

બહુશ્રુત–તો શું તમે મનને વશ કર્યું છે !

ફરૂડગર—આ શરીરમાં જે મન છે તેને વશ કર્યું છે;

બહુશ્રુત–વાહવાહ માહારાજ, તો પછી આ તામારી સાથે બાવો અને બાઇડી (રામડી) છે તેમણે પણ મન વશ કર્યું હશે; કેમ કે તે બન્નેો પણ તમારો સબળ સહવાસ ભોગવે છે; કેમ ખરૂ કે નહી !

ફરરડગરે બહુશ્રુતના સવાલ સાંભળ્યા, એટલે તે એકદમ ઉભો થયો, અને પોતાની જોડે જે બાવો અને બાઇડી હતી તેને કહેવા લાગ્યો કે, આપણે અહીયાંથી ખસીને અહીયી દુર બીજા ઝાડ નીચે મુકામ કરો, આતો આપણી નિંદા કરનારા માણસો જણાય છે, એમ કહીને બિસ્તરો વાળીને માંથે મુકવા માંડયો,

એટલે દયાળચંદપટેલ ઉભા થઇને ફરૂડગર માહારાજ પાસે ગયા અને તેમનું કાંડુ પકડીને કહેવા લાગ્યો કે ઓ મહરાજ ! તમે તો ચોકનીયા સાધુ મહારાજ સો, કહીતે બોલવામાં કાંઇ વાંધો પડયો હોય તો હું તમારો ભગતછું માટે મને બધું કહી દ્યો; આ અમારા સાથી ભાઇનો સવાલ બહું આકરો સે, માટે એથી કરીને તમે રીસાઇ જશો નહીઃ

પોતાના ગુરૂની પર્ણકુટિ આગળ આ નવિન ચાર મુસાફરો આવેલાઓને 
જોતાંજ તે શિષ્યે તેમને અભિવંદન કરીને તથા આવકાર આપીને
તેમને એક વૃક્ષઘટામાં આવેલા શિલાતળ ઉપર બેસાર્યા. મધ્યાનકાળ
વિતિ ગયો હતો તેથી તે મુસાફરોની ક્ષુધા શાન્ત થવાને માટે તે
પ્રદેશમાં સ્વાદિષ્ટ અને પૌષ્ટિક ફળ ઇત્યાદિક ઉત્પન્ન થતાં તે એકઠાં
કરીને તેમની આગળ મુકી દીધાં; તે મુસાફરોએ ફળાહાર કર્યો; અને
તે શિષ્ય પ્રત્યે આ રમણિય સ્થાનમાં સમાધિસ્થ થએલા મહાત્માની
હકીકત મેળવવાને નમ્રતાપૂર્વક પ્રશ્ન કરવા માંડ્યા;

તેમના પ્રશ્નના ઉત્તરમાં તપસ્વિ યોગીના શિષ્યે પ્રત્યુત્તર
આપ્યો કે; તમારૂં ધન્ય ભાગ્ય છે કે તમે આ બ્રહ્મવિદ્યાના જાણનારા
મહા સમર્થ યોગીના આશ્રમે આવી પોહોચ્યાછો. આ યોગીરાજનું
નામ બ્રહ્માનંદ છે; હું તેમનો શિષ્ય છું; મારી પર્ણકુટી અહીંથી
નિકટજ છે; આ ગુરૂજીએ કેટલાક દિવસથી સમાધી ચડાવી છે, તે
હવે પરમ દિવસે તેમની સમાધી ઉતરવાની છે. એટલા સારૂ હું
તેમની સેવામાં હાજર રહેવા સારૂ આવ્યો છું; આ વખતે તમને જોઈને
મને વિશેષ આનંદ થયો છે, તમે આ આનંદકંદ ગુરૂને મળવાની
ઈચ્છા રાખો છો. માટે તમે અત્રે નિશ્ચિંતથી રહો અને આ
આનંદ પ્રદ સ્થળમાં રહીને આનંદ મેળવો;

શિષ્યનું વચન સાંભળીને ભાનુપ્રતાપે તે શિષ્યના ચરણમાં
પોતાનું મસ્તક નમાવ્યું. અને તે શિષ્યનો મોટો ઉપકાર માન્યો,
બ્રહ્માનંદ યોગીની સમાધી ઉતરવા સુધી તેએ ત્યાંજ રહ્યા, ત્રીજા
દિવસના પ્રાતઃકાળમાં બ્રહ્માનંદનો શિષ્ય, ગુરૂ પાસે બેઠો હતો. આ
વખતે ભાનુપ્રતાપ આદી ચાર મુસાફરો પણ બ્રહ્માનંદ યોગી સન્મુખ
બેઠા; તે યોગીરાજની સમાધી ઉતરવા લાગી, અને નેત્રની દ્રષ્ટી ચાર
મુસાફરો તથા પોતાના શિષ્ય ઉપર ગઈ, આનંદવદનથી ધવલદિગંબર
જય સચ્ચિદાનંદ, આ પ્રમાણે શબ્દ ઉચરવા લાગ્યા,
દેવેન્દ્ર ગુરૂ સન્મુખ રહો શિષ્ય હાથ જોડીને ઉભો રહ્યો, તે શિષ્ય
પાસે બ્રહ્માનંદ યોગીએ સન્મુખ બેઠેલા ચાર મુસાફરોની હકીકત
પુછી લીધી, શિષ્યે નમ્રતાથી હકીકત જણાવી દીધી,—ચાર મુસાફરો

પોતાના ગુરુની ભ્રૂકુટિ ચઢતાં આ નવીન ચાર મુસાફરે આવેલાઓને સોંપ તે શિષ્યે તેમને આશિર્વાદ વચન કહીને તથા આવકાર આપીને તેમને એક દુકાનમાં આવેલા શિલાતલ ઉપર બેસાર્યા. મધ્યાનકાળ નિતિ થયો હતો તેથી તે મુસાફરોની ક્ષુધા શાન્ત થવાને માટે તે મેદેશમાં સ્વાદિષ્ટ અને પૌષ્ટિક ફળ ઇત્યાદિક ઉત્પન્ન થતાં હોયાં કરીને તેમની આગળ મુકી દીધાં તે મુસાફરોએ ફળાહાર કર્યો અને તે શિષ્ય પ્રત્યે આ રમણિય સ્થાનમાં સમાધિસ્થ થએલા મહાત્માની હકીકત જાણવાને નમ્રતાપૂર્વક પ્રશ્ન કરવા માંડ્યા.

તેમના પ્રશ્નના ઉત્તરમાં તપસ્વિ યોગીના શિષ્યે પ્રત્યુત્તર આપ્યો કે; તમારૂં ધન્ય ભાગ્ય છે કે તમે આ બ્રહ્મવિદના બાણુનાર મહા સમર્થ યોગીના આશ્રમે આવી પોહોચ્યા છો; આ યોગીરાજનું નામ બ્રહ્માનંદ છે; હું તેમનો શિષ્ય છું. મારી પહેલી અહીંથી નિત્યપુરમાં છે; આ ગુરૂજીએ કેટલાક દિવસથી સમાધી ચઢાવી છે; તે હવે પરમ દિવસે તેમની સમાધી ઉતરવાની છે; એટલા સારૂં હું તેમની સેવામાં હાજર રહેવા સારૂં આવ્યો છું, આ વખતે તમને જોઇને મને વિશેષ આનંદ થયો છે; તમે આ બ્રહ્માનંદ ગુરૂને મળવાની ઇચ્છા રાખો છો. માટે તમે અત્રે નિશ્ચિંતથી રહો અને આ આનંદપ્રદ સ્થાનમાં રહીને આનંદ મેળવો;

શિષ્યનું વચન સાંભળીને અનુક્રમે તે શિષ્યના ચરણમાં પોતાનું મસ્તક નમાવ્યું; અને તે શિષ્યનો મોટો ઉપકાર માન્યો, બ્રહ્માનંદ યોગીની સમાધી ઉતરતાં સુધી તેઓ ત્યાંજ રહ્યા, ત્રીજા દિવસના પ્રાતઃકાળમાં બ્રહ્માનંદનો શિષ્ય ગુરૂ પાસે બેઠો ગયો. આ વખતે અનુક્રમે આવી ચાર મુસાફરે પણ બ્રહ્માનંદ યોગી સન્મુખ બેઠા; તે યોગીરાજની સમાધી ઉતરવા લાગી, તત્ક્ષણ નેત્રની દ્રષ્ટી ચાર મુસાફરો તથા પોતાના શિષ્ય ઉપર ગઇ, આનંદપાનથી જયવિશ્વંભર જય જય સેહાનંદકંદ, આ પ્રમાણે શબ્દ બોલતા હાસ્ય, યોગેન્દ્ર ગુરૂ સન્મુખ રહો શિષ્ય હાથ જોડીને ઉભો રહો, તે શિષ્ય પ્રત્યે બ્રહ્માનંદ યોગીએ સન્મુખ જોઇને ચાર મુસાફરોની હકીકત પુછી લીધી, શિષ્યે તમામ હકીકત જણાવી દીધી,—ચાર મુસાફરોમાં



બન્યાં છે ત્યારથી. તે સુર્ય તથા ચંદ્ર અને આ ભુમિનો લય થયો હશે કે કેમ ! અને થયો હતો તો જેવી રીતે વારંવાર મનુષ્ય ઇત્યાદી પ્રાણી મર્ણ પામીને ફરીથી દેહ ધારણ કરે છે, તેમ તે સુર્ય ચંદ્ર ઇત્યાદીક ફરીથી ઉત્પન્ન થવા જોઇએ.

હે યોગેન્દ્ર માહારાજ ? વારંવાર પ્રગટ થવું અને લય થવું એવી રચના કર્તા એ શા માટે કરી હશે ' એમ કરવામાં કર્તાનો શો હેતું હશે ! ક્યારે અનંત જગત ઉત્પન્ન થયાજ નથી. અર્થાત છે અને છેજ, એટલે તેનો કર્તા કોઇ છેજ નહિ, તેમ તે જગત કોઇનું બનાવ્યું બન્યુંજ નથી, એમ ધારવામાં આવે તો તેમાં પણ મને એવી કલ્પના થાય છે કે જગત જ્યારે અચળ છે ત્યારે તેમાં રચાયલી વસ્તુ તથા દેહ ધારી પ્રાણી સમુદાય જગતની માફક કેમ અચળ રહ્યાં નથી, ! એ અચળ જગતમાં પેટા ભાગમાંના તમામ પદાર્થ નાશવંત કેમ થવા જોઇએ ! હે યોગીરાજ ! આ પ્રમાણે આ તમામ જગતને માટે મને અનેક કલ્પનાઓ થાય છે તેનું આપ નિવારણ કરશો–

પ્રકૃતિ કોઇને કરે છે.

યોગી–હે રાજન્ ! જ્યાં સુધી તું પોતાના સ્વરૂપને જાણી શક્યો નથી ત્યાં સુધી આ જગતને કે અનેક બ્રહ્માંડ અહોને શી રીતે જાણી શકીશ ! એ વિષે કહુ કે.

શ્લોક.

कोहं कथमिदंजातं कोवैकर्ताऽस्य विद्यते,
उपादानं किमस्तीह विचारः सोयमीदृशः

અર્થ.

હું કોણ છું આ જગત કેમ ઉત્પન્ન થયું આનો કર્તા કોણ છે ! આ જગતનું ઉપાદાન કારણ શું છે ' આ પ્રશ્નોનો જે વિચાર તે જ્ઞાનનું સાધન છે;

---

આ પ્રમાણે જે પ્રશ્નો છે તે પ્રશ્નોમાંના ગમે તે પ્રશ્નનો યથાસ્થિત નિર્ણય થઇ જાય તો તમામ પ્રશ્નોનો નિર્ણય થઇ જાય

હે રાજન્ ! જે તારા શરીરમાં છે તે આ દ્રવ્ય જગતમાં છે, અને આ જગતમાં જે ચૈતન્ય છે તે તારા શરીરમાં છે, માટે તું પોતાને સારી પેઠે ઓળખી લે, જ્યારે તું પોતાને જાણીશ ત્યારે તું આ જગતને જાણી શકીશ, જે જે પ્રશ્ન ત્હેં જગતની ઉત્પત્તી અને લય બાબત કર્યા છે, તે પ્રશ્નનો પ્રત્યુત્તર આત્મબોધ જ્ઞાન પ્રાપ્ત થયા પછી તું પોતાની મેળે મેળવી શકીશ; તને આત્મબોધ વિષય સમજાવતા પહેલાં આ જગતની ઉત્પત્તિ માટે ટુંકામાં સમજાવું છુ કે, જગતનું ઉપાદાન મુળ પ્રકૃતિ છે;

હે રાજન્ ! તારા સ્થુળ દેહમાં જે જીવ છે તે જીવ જે જે વસ્તુ જુવે છે સાંભળે છે, તથા આખું બ્રહ્માંડ અને જગત ઇત્યાદિક ઉપર જે લક્ષ જાય છે, તે તમામ

જેવી રીતે ઘડાનું ઉપાદાન માટી છે તેવી રીતે સઘળું જગત પ્રકૃતિનું કાર્ય છે,–હે રાજા ! સત્વ, રજ, અને તમ એ ત્રણે ગુણ સંસાર સ્વરૂપે કરીને જે વિસ્તાર પામેલા છે તે તમામને મિશ્ર કરીને એક રૂપ કરીયે તેનું નામ પ્રકૃતિ છે;–જેટલાં તત્વો અર્થાત પૃથ્વિ, જળ, તેજ, વાયુ, અને આકાશ, તેમજ સૂક્ષ્મરૂપે શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, અને ગંધ દેશ, કાળ, આકર્ષણ, વિદ્યુત, તૈજસ, ઓરા, બે પ્રકારના આકાશમા વાયુ છે કે જેના ઘર્ષણથી જળઉત્પન્ન થાય છે તેમજ શીતત્વ, ઉષ્ણત્વ, પ્રકાશ, ભેદ, સંબંધ, જાતી, તમ, અભાવ, અને પંચ તનમાત્રા, એ તમામ મિશ્ર કરતાં જે સ્વરૂપ થાય તે સ્વરૂપના મુળ બીજરૂપે પ્રકૃતિ કહેવાય છે;

તે પ્રકૃતિ જડ છે, અર્થાત તે પોતે પોતાને જાણી શકતી નથી તેમ બીજાને પણ જાણી શકતી નથી, તે ચૈતન્ય ( બ્રહ્મ પરમાત્મા ) ને આધારે રહેલી છે તે પ્રકૃતિ ઇશ્વરની શકતી કહેવાય છે; તે ઇશ્વરને આધારે રહેલી ઇશ્વરાધિન કહેવાય છે; તે અજા છે અર્થાત તેનો જન્મ નથી, તે અનાદી–એટલે જેની આદી નથી એવી હમેશાંથી છે; તે કોઇની બનાવેલી નથી. અર્થાત સ્વયંભુ છે; અનેક પ્રકારના રૂપાંતરે પ્રગટ થવું એવો તે પ્રકૃતિનો ( માયાનો ) સ્વભાવ છે, તે જો કે સુક્ષ્મ છે છતાં સ્થુળરૂપે થઇ જાય છે, તેને જાણવાને જ્ઞાનેંદ્રિયો શક્તિવાન

નથી, પણ તે પ્રકૃતિનું જે કાર્ય નેત્રદ્વારે જોવામાં આવે છે; પ્રકૃતિ એકરસ અખંડ અગોચર પરમાત્મામાં અનાદિત થઇ સમાયલી છે; વળી તે વિષે વિદ્વાન આચાર્યોનો એવો મત છે કે

શ્લોક.

वंशस्थवृत्त

अव्यक्तनाम्नी परमेश शक्ति रनाद्य विद्या त्रिगुणात्मिकापरा,
कार्यानुमेया सुधियैवमाया ययाजगत्सर्व मिदं प्रसूयते ॥

અર્થ.

અવ્યક્ત નામવાળી, અનાદિ અવિદ્યારૂપ, ત્રિગુણાત્મક, સર્વેથી પર અને તેનાં કાર્યો ઉપરથી વિચાર કરતા વિદ્વાન પુરૂષના અનુમાનમાં આવતી જે પરમેશ્વરની શક્તિ છે તે માયા ( પ્રકૃતિ ) સમજવી જેથી આ તમામ જગત ઉત્પન્ન થાય છે;

---

શ્લોક.

सन्नाप्यसन्नाप्युभयात्मिकानो, भिन्नाप्यभिन्नाप्युभयात्मिकानो
साङ्गाप्यनङ्गाप्युभयात्मिकानो महाद्भुता निर्वचनीयरूपा,

અર્થ.

એ માયા સાચી નથી તેમ ખોટી પણ નથી. અને સાચું તથા ખોટું, કે હું એ બન્ને સ્વભાવવાળી પણ નથી તેમજ આત્મથી ભિન્ન નથી. વળી ભિન્ન કે અભિન્નપણું એવા બન્ને સ્વભાવવાળી પણ નથી; સાકાર નિરાકાર પણ નથી, તેમજ સાકાર તથા નિરાકારપણું એ બન્ને સ્વભાવવાળી પણ નથી, પરંતુ મહા અદ્ભુત અનિર્વચનિય માયા છે,

---

તે પ્રકૃતિના કાર્ય ઉપરથી તેનાં નામ ઘણાં પડ્યાં છે તેને માયા, પ્રકૃતિ, અજા, શુન્ય, સ્વભાવ, શક્તિ, યોની, અવ્યક્ત, સત્તા, આત્મશક્તિ, પ્રધાન, પંચતત્વ ઇત્યાદીક કહે છે;

## પરમાત્મા કોને કહે છે ?

પરમાત્માનું તો ( શુદ્ધ બ્રહ્મ સચ્ચિદાનંદ ) (અર્થાત અસ્તિ, જ્ઞાન, ચેતન, પ્રકાશ, ભાતી, પ્રતિતસ્વરૂપ, દુઃખ રહિત આનંદ જનક ) પ્રિય સ્વરૂપ છે; તેમજ તે નિત્ય, શુદ્ધ, નિર્દોષ. મુક્ત,અનંત, વ્યાપક, એકરસ, અખંડ, અનાદિ, અજ, અવિનાશી, રાગાદિરહિત, નિર્ગુણ અને સર્વજ્ઞ છે; તે સર્વાધાર અને સુક્ષ્મતર છે, પરમાત્મમાં અનંત શક્તિ છે; તે પોતાની પ્રબળ શક્તીના યોગે અનેક જગત રચે છે; પરમાત્માથી જીવ ભિન્ન છે. જીવ જે જે કર્મ કરે છે તે તે કર્મનું ફળ ઇશ્વર આપે છે; તે ન્યાયકારી છે; તે સર્વમાં ચૈતન્યરૂપે વ્યાપક છે, તેના વિના કોઇ પણ જગો એણુમાત્ર પણ ખાલી નથી; તે સર્વજ્ઞ છે તેથી તેનું કંઇજ અજાણ્યું નથી, તે સર્વાધાર છે તેથી અનંત બ્રહ્માંડનો તે આધાર ભુત છે; તે નિરાકાર છે. એટલે તેની આકૃતિ નથી, તે નિરવય છે તેથી મન અને જ્ઞાને કરીને કથી શકાય તેવો નથી, હે રાજન! એ પરમાત્માની અદ્ભુત શક્તિ કેવળ અંતર્કર્ય છે,

ભાનુપ્રતાપ–હે માહારાજ ! તો શું, પ્રકૃતિ અને પરમાત્માથી જીવ પણ ભિન્ન છે કે !

યોગીરાજ–હે રાજન! જીવ શું છે! અંતઃકરણ શું છે અને પ્રકૃતિ શું છે એ વિષે વિશેષ વિસ્તાર પ્રસંગે પ્રસંગે કહેવામાં આવશે, કેમકે તારો પ્રશ્ન જગતની ઉત્પત્તિ વિષેનો છે તથી તે વિષયમાં જીવ બ્રહ્મનો અને પ્રકૃતિનો વિચાર કરવામા આવે તો, આ જગત શું છે તે બ્રહ્મજ્ઞાન મેળવ્યા પછી પોતેજ જાણી શકે છે; પણ તે વિષયનો વિસ્તાર લાંબો હોવાથી હાલ તને એટલું કહુંછું કે

### શ્લોક.

अज्ञान प्रभवं सर्वं ज्ञानेन प्रविलीयते,
संकल्पो विविधः कर्ता विचारः सोयमीदृशः ॥

અર્થ.

અજ્ઞાનથી સર્વ થયું છે એમ માનવામાં આવે છે અને જ્ઞાનથી તે માનવાપણાનો નાશ થાય છે. તથા વિવિધ પ્રકારના સંકલ્પ થવાન કરે છે આવો વિચાર જ્ઞાનનું મુખ્ય સાધન છે.

---

એટલે પૃથિવ્યાદિક પંચભૂતો પરમાણુવડે કરીને ઉપજે છે એમ તાર્કિક આદિ માને છે, વળિ કર્મવડે કરીને થાય છે એમ મિમાંસકો માને છે; સાંખ્ય મતવાળા પ્રકૃતિ ( માયા ) થી થાય છે એમ માને છે; એ સર્વના મતનું નિરાકરણ કરવાને એક મત એમ કહે છે કે; આ જગત આત્મસ્વરૂપના અજ્ઞાનથી ઉત્પન્ન થએલું છે; અર્થાત બ્રહ્મજ્ઞાનીયો તો જગતને અસત્ય માને છે;-જેમ સુર્યથી અંધકાર નાશ પામે છે તેમ આત્મજ્ઞાન પ્રાપ્ત થયા પછી જગતને માનવા પણાનું અજ્ઞાન નાસે છે.

ભાનુપ્રતાપ—હે માહારાજ ! આપના વચનામૃત ધરાથી મને ઘણોજ આનંદ થાય છે,—વારંવાર આપના કમળ મુખથી નીકળતા શબ્દો સાંભળવાની ઇચ્છા થયાં કરે છે; આપ શાન્ત વૃત્તિવાળા સમદરશી છો, આપના હૃદયમાં પૂર્ણ આનંદનીજ વૃષ્ટિ થયાં કરે છે; તેથી મારા મનમા જે જે પ્રકારની શંકાઓ થાય છે, તે શંકા રૂપી બીજ. આપના પવિત્ર ચરણમાં નિર્ભય થઇને મુકું છું; હે માહારાજ ! હું પુછું છું કે—આ જગત સત્ય કેમ ભાસે છે !

યોગીરાજ—હે રાજન્,

वसंततिलकवृत्त.

ज्ञानेन्द्रियाणिच मनश्च मनोमयः स्या-<br>
त्कोशो ममाहमिति वस्तुविकल्पहेतुः<br>
संज्ञादि भेदकलना कलितो बलीयां<br>
स्तत्पूर्वकोशमभिपूर्य विजृम्भ तेयः

અર્થ.

પાંચ જ્ઞાનેન્દ્રિયો અને મન મળીને મનોમય કોશ કહેવાય છે; એ કોશથીજ વસ્તુઓમાં હું અને મારાપણું એવી કલ્પનાઓ થાય છે; નામ આદિ ભેદની રચનાઓથી ભરેલો એ બળવાન્ પોતાથી પહેલાંના કોશોને પુર્ણ કરીને વૃદ્ધિ પામે છે;

---

वंशस्थ.

पंचेन्द्रियैः पञ्चभिरेवहोतृभिः प्रचीयमानो विषयाज्यधारया
जाज्वल्यमानो बहुवासनेन्धनै र्मनोमयाग्निर्दहति प्रपञ्चम् ॥

अर्थ.

પચહોતા અર્થાત પાંચહોતા અગ્નિની માફક પાંચ ઇન્દ્રિયોએ વિષયો રૂપી ઘૃતની ( ઘીઈની ) ધારાથી પ્રદિપ્ત કરતો. અને અનેક વાસનાઓ રૂપી લાકડાથી પ્રજ્વલિત થતો એ મનોમય કોશરૂપ અગ્ની, પ્રપંચને ( અસત્ય જગતને ) બનાવે છે.

---

મનોમય કોશ એ પ્રકૃતિનું કાર્ય રૂપ બીજ છે; તેથી મન વડે કરીને અજ્ઞાનદ્વારાએ અસત્યને સત્ય માનવામાં આવે છે; કહ્યું છે કે

वंशस्थ.

नह्यस्य विद्या मनसोऽतिरिक्ता मनोह्यविद्या भवबंधहेतुः
तस्मिन्विनष्टे सकलं विनष्टं विजृम्भितेऽस्मिन्सकलं विजृम्भते,

અર્થ.

અવિદ્યા ( માયા ) મનથી જુદી નથી, જે મન છે તેજ સંસારરૂપી બંધનના કારણ રૂપ અવિદ્યા છે જેકે મનનો નાશ થાય તો સઘળા પ્રપંચનો નાશ થાય છે; અને મનની વૃદ્ધિ થાય તો સઘળા પ્રપંચની વૃદ્ધિ થાય છે;

---

સંસાર રૂપી બંધનના કારણ રૂપ જે મન છે તે મનવડે કરીને અનેક સંકલ્પ થાય છે. જેમકે

श्लोक.

स्वप्नेऽथ शून्ये सृजति स्वशक्त्या भोक्त्रादि विश्वं मन एव सर्वम् ।
तथैव जाग्रत्यपि नो विशेषस्तत्सर्वमेतन्मनसो विजृम्भणम् ॥

અર્થ.

સ્વપ્નમાં બીજું કંઈ ન છતાં પણ મન પોતે પોતાની શક્તિ ભોક્તા આદિ સઘળા જગતને ઉત્પન્ન કરે છે. એ રીતે સ્વપ્નમાં જગ ઉત્પન્ન કરે છે તેવી રીતે જાગ્રતમાં પણ એજ ઉત્પન્ન કરે છે. આ સ્વપ્નમાં અને જાગ્રતમાં અધિક [illegible] ફેરફાર નથી એ માટે આ સઘળો પ્રપંચ મનની કલ્પનાથીજ છે,

---

હે રાજન્! સુષુપ્તિમાં મનનો લય થઈ જાય છે, કાંઈજ રહેતું નથી; પણ જ્યારે જાગ્રત અવસ્થામાં આવે છે સુષુપ્તિમાં લય પામેલું મન પ્રગટ થાય છે. અને એજ મનથી કલ્પિત જગતને જુવે છે,

ભાનુપ્રતાપ–હે મહાત્મા ! તો પછી આ જગતને મનવડે કરીને છે એમ માનવાથી શી હરકત છે !

યોગી–અજ્ઞાનથી ખોટી વસ્તુને ખરી માનવાથી અનેક દુઃખ વિષયોના યોગવડે કરીને તે મન વારંવાર પોતાને ક્ષણિકમાં દુ ક્ષણિકમાં સુખી, અને ક્ષણિકમાં ભય. વિશાદ ઇત્યાદીકને લે છે, એટલે અજ્ઞાન કાયમ રહે છે; માટે હે રાજન્! તું તો આત્મજ્ઞાન અને યોગાભ્યાસ લાગુ લે એટલે આ જગત તારા મનથી ખોટું માનીશ, હે રાજન્! આજના શિક્ષણને તારા હૃદયમાં મનન કર, પછી આવતી કાલે તું જે વિષ પ્રશ્ન કરીશ તેનો પ્રત્યુત્તર આપવામાં આવશે, હવે હું એકાગ્ર રોકાઉં છું.

યોગી મહારાજ એકાગ્રવૃત્તિમાં લીન થયા, અને ભાનુ આદી મુસાફરો બીજી પર્ણકુટી આગળ સુગંધી લતાઓના ભાગમાં ધવલશિલા ઉપર આનંદથી વિશ્રાન્તિ લેવા બેઠા-





# દ્વિતિય લહર.

## અદ્વૈત નિર્ણય.

---

શ્લોક.

मालिनीवृत्त.

किमपि सततबोधं केवलानंदरूपं
निरुपम मतिवेलं नित्यमुक्तं निरीहम्
निरवधि गगनाभं निष्कलं निर्विकल्पं
हृदि कलयति विद्वान्ब्रह्म पूर्ण समाधौ

અર્થ.

નિત્ય બોધરૂપ, તથા કેવળ આનંદરૂપ અને સર્વથી રીતે ઉપમા રહિત, નિત્ય મુક્ત, ક્રિયા રહિત, અવધિ રહિત, આકાશ સરખું અને કળા રહિત, વિકલ્પ રહિત તેમજ વચનથી કહિ શકાતું નથી એવું જે પૂર્ણ બ્રહ્મ છે તેનો અનુભવ વિદ્વાન પુરૂષ સમાધીમા કરે છે.

---

શ્લોક.

प्रकृति विकृति शून्यं भावनातीतभावं
समर सम समानं मानसं बंधदूरम्
निगम वचनसिद्धं नित्यमस्मत्प्रसिद्धं
हृदि कलयति विद्वान्ब्रह्म पूर्ण समाधौ

ભાનુ-હે ગુરૂ ! જીવ અને ઇશ્વરનું સ્વરૂપ કૃપા કરી મને સમજાવો,
યોગી-સર્વ શક્તિયો આનંદ અને અનુભવરૂપી પ્રકાશવડે કરીને જે
પૂર્ણ છે તે વસ્તુ મન અને વાણીવડે કરીને સમજાય તેવી
નથી. એજ બ્રહ્મપદ છે, એવી બ્રહ્મની શક્તિ અંશમાં જે નિરપંદ
પૂર્ણ છે તેમાં એક સ્પંદશક્તિ શુદ્ધ ચિન્હ માત્ર સ્ફુર્ણને પામી છે
તેમાં આ સંસારની સ્થિતિ સ્વપ્ન સહીની માફક છે, તે શુદ્ધ
ચિન્હ માત્ર શક્તિ અંશમાં પ્રકાશનો અંશ શુદ્ધ ચેતન સ્વરૂપ
છે;-તે પ્રપંચનો સાક્ષી ઇશ્વરરૂપ છે; તેને માયા શબલ ઇશ્વર
પણ કહે છે; તેમજ અપિછિન્ન આત્મા પણ કહેવામાં આવે છે;
પંચતત્વ અને ત્રણ ગુણની સમષ્ટિમાં જે સાક્ષી ચેતનનું
પ્રતિબિંબ છે; તેને ચિદાભાસ પણ કહે છે; એ ચિદાભાસને જીવ
સમજવો; તે જીવ સંકલ્પ વિકલ્પનો અભિમાની છે; તેમજ તે સાક્ષી
ચેતન છે;

જે પૂર્ણ અદ્વૈત પદનો અભિમાની છે એજ બ્રહ્મ છે; એ પ્રકારે
જ્ઞાનવાન હોય, એજ બ્રહ્મપદનો અભિમાની થાય છે; એવા જ્ઞાની
અમર બ્રહ્મરૂપ છે. એવા બ્રહ્મપદને અમે યથાર્થ માનિયે છિયે.
તે બ્રહ્મ નિરાકાર. નિર્વિકાર, અખંડ, અનંત, અસંગ,
અક્રિય, અજન્મા, અકર્તા, અવિનાશી, અને નિર્વિકલ્પ પદ છે;
એ પ્રકારે બ્રહ્મનું રૂપ સમજવું;

વળી એ કે સંકલ્પાધિન, જીવ ચિદાભાસ રૂપ છે, તે જીવ
કર્માભિમાનનો કર્તા છે; તે ભોગ અભિમાનને ભોગવે છે; જન્મ પામે
છે, મર્ણ પામે છે, અને સ્થુલ દેહનો ત્યાગ કરે છે; તે જીવ દુઃખને
અને સુખને માનીને ભય તથા સંશય યુક્ત રહે છે; એ પ્રકારે ઉપાધી
યુક્ત જીવને માન્યો છે;-પણ તે જીવનું સ્વરૂપ સાક્ષીથી નથી ભિન્ન
નથી-જેમકે સુર્યનું પ્રતિબિંબ જળમાં છે, છતાં તે પ્રતિબિંબ
સૂર્યના સ્વરૂપમાં ભિન્ન નથીઃ જળની ઉપાધીથી બીજો સુર્ય ભાસે છે,
જ્યારે જળ ઉપાધી દૂર થાય છે ત્યારે તે પ્રતિબિંબનું સ્વરૂપ
સૂર્યમાં લય થાય છે; એ પ્રમાણે અહંકારના સ્વરૂપમાં સાક્ષી ચેતનનો
આભાસ પ્રતિબિંબ રૂપ છે; તેથી દ્વૈત અભિમાનથી જીવરૂપ થયું

વ્યવહાર ચર્મદ્રષ્ટી ( અજ્ઞાન ) સ્ફુરે છે; એવી મિથ્યાદ્વૈત કલ્પના વસિને સંશય યુક્ત થવાય છે.

વળિ તું કહે છે કે, ઇશ્વર અંતર્યામિ છે--એ વિશે હું કહું છું કે અંતર્યામ્યતા બે પ્રકારની છે--એક તો જીવ અંતર્યામ્ય--અને બીજી ઇશ્વર અંતર્યામ્યતા, તે પરસ્પર એક બીજાના સંકલ્પને જાણી લે છે, તે સંકલ્પ સિદ્ધિ જીવ અંતર્યામ્યતા છે:

જ્યારે નિષ્કામ શુભ કર્મ, અને અભ્યાસ દૃઢ થાય ત્યારે વૃત્તિ એકાગ્ર થાય છે; જ્યારે એકાગ્રવૃત્તિ સાધ્ય થાય, ત્યારે જીવ અંતર્યામ્યતા પ્રાપ્ત થાય છે,--અને બ્રહ્મ તો પોતેજ પુર્ણ અંતર્યામી છે, તે પોતાની શક્તિ અંશમાં આનંદ અને પ્રકાશની પુર્ણતાનો અંતર્યામી છે; તે અંતર્યામ્યતાનું સ્વરૂપ ક્યારે પ્રાપ્ત થાય કે જ્યારે જન્મ જન્મનાં પુણ્યકર્મ એકઠાં થાય, ત્યારે નિર્વીકલ્પ પદ પ્રાપ્ત થાય છે--ત્યારેજ તે પુરૂષનો ઉદ્ધાર થાય છે. ત્યારેજ તે અમરપદને પામે છે; કર્મનો અભિમાની માણસ તે પદનો અનુભવ મેળવી શકતો નથી; પણ જ્ઞાની એને સંતપુરૂષો એકાગ્રવૃત્તિ ( ચિતનિરોધ ) નો આશ્રય લે છે.

ભાનુપ્રતાપ કહે છે કે હે માહારાજ ! મને એજ આશ્ચર્ય લાગે છે કે જ્યારે બ્રહ્મ નિરાકાર સ્વરૂપ છે તો પછી તેનો આકાર શી રીતે થયો ! જ્યારે બ્રહ્મ નિર્વીકાર છે તો તેમાં વિકાર શી રીતે થાય ! જ્યારે, તે અદ્વૈત કહેવાય છે ત્યારે તે પ્રદ્યુમ્ન કેમ થયો ! તે અજન્મા છે છતાં જન્મ ક્યાંથી થાય ! તે કે બ્રહ્મ સત્ય છે તો પછી નાશવત રૂપને પામનારો યના જન્મ ધારણ કરનારો કેમ થયો ! વળિ તે બ્રહ્મ સત્યનો અસત્ય કેમ થયો ! જ્યારે તે બ્રહ્મ નિર્વીકલ્પ થયો તો પછી તેમાંથી સંકલ્પ શી રીતે થયો ! જ્યારે તે પ્રકાશરૂપ છે ત્યારે અંધારૂ શી રીતે થયું ! જ્યારે બ્રહ્મ આનંદ સ્વરૂપ છે તો તે દુઃખ સુખરૂપ કેમ જણાય છે ! જ્યારે તે અકર્તા છે તો પછિ કર્તા ભાવ ક્યાંથી થયો ! આ પ્રકારે અભેદરૂપ બ્રહ્મથી નાના પ્રકારના ભેદ ક્યાંથી થયા ! મારા વિચારમાં તો એમ આવે છે કે, આ સંસાર માયાથી ઉત્પન્ન થયું છે; અને માયા એનો બ્રહ્મ અનાદિરૂપે સ્થિત છે. અને જીવ એનો, ગુણ

યોગીરાજે ભાનુપ્રતાપ તરફ અમૃત દ્રષ્ટી કરીને કહ્યુ કે-હે
રાજન્ ! બ્રહ્મની પૂર્ણ નિસ્પંદ શક્તિમાં એક ચિન્હ માત્ર સ્પંદ
શક્તિ સ્ફુરે છે તે સ્પંદ શક્તિમાં વ્યવહારની સર્વ શક્તિયોનો
સંસ્કાર સ્થિત છે, તે સ્પંદ શક્તિમાં સ્વયં પ્રકાશનો અંશ, શુદ્ધ
ચેતનરૂપે કરીને સ્થિત છે; તે શુદ્ધ ચિન્હ માત્ર. ચેતન સ્વરૂપ, તે
નિસ્પંદ શક્તિનો સાક્ષી ઈશ્વર સ્વરૂપ છે. વળી તે સ્પંદ શક્તિમાં
શુદ્ધ જ્ઞાન ઉત્પન્ન થઈને, પુર્ણ અંશમાં આકાશરૂપ થાય છે; સ્પર્શ
શક્તિ અંશમાં વાયુરૂપ બને છે; પ્રકાશ રૂપ આકાશમા તેજ રૂપ
થાય છે; વળિ આનંદ અંશમાં જળરૂપ થાય છે; તેમજ નિસ્પંદ
શક્તિ અંશમાં પૃથ્વિરૂપ થાય છે. હે રાજન્ ! સત્વગુણ સંસ્કારથી
વિષ્ણુરૂપ થાય છે, રજોગુણિ સંસ્કારોથી બ્રહ્મરૂપ થાય છે. તમોગુણી
સંસ્કારોથી શિવરૂપ થાય છે. એ પ્રકારે પાંચતત્વ અને ત્રણ ગુણરૂપ
થાય છે; પછી જ્યાં જ્યા પાંચતત્વ અને ત્રણ ગુણોની સમષ્ટિ થાય છે
ત્યાં ત્યાં પ્રાણ અપાનની ગતિનો સંચય થાય છે [illegible] પછી તે પાંચ
તત્વ અને ત્રણ ગુણની સમષ્ટિમા અંતઃકરણનું સ્વરૂપ થાય છે. તે
અંતઃકરણમા જે કે શુદ્ધ ચિન્હ માત્ર સાક્ષી સ્વરૂપનો આભાસ
પ્રતિબિંબરૂપે કરીને સ્થિત થાય છે. તેનુ નામ જીવ છે તે જીવ શુદ્ધ
ચિન્હ માત્રનો શુદ્ધ અંશ છે તે જીવ જે સ્વરૂપ[illegible] અભિમાનમા સ્થિત
થાય છે તે એ સ્વરૂપમાં તેજ રૂપે થાય છે. [illegible] દેહના [illegible] સ્થિત
થવાથી દેહરૂપ છે, વળિ સંકલ્પના અભિમાનમાં [illegible] સ્થિત
સંકલ્પરૂપ છે. તે શુદ્ધ સાક્ષી ચેતનના અભિમાનમાં [illegible] તે
શુદ્ધ ચેતન સ્વરૂપ છે. વળી તે પુર્ણ અદ્વૈતપદના અભિમાનમાં સ્થિત
હોય તો તે પુર્ણ અદ્વૈતરૂપ છે, જે કે તે આત્મા શુદ્ધરૂપ છે પરંતુ જે
વસ્તુના અભિમાનને ગ્રહણ કરે છે તેથી તે વસ્તુના રૂપે થઈ જાય છે.
માટે તું દ્વૈત અભિમાનનો ત્યાગ કર અને પુર્ણ અદ્વૈત પદના
અભિમાનમાં સ્થિત થા. તેથી તું મોક્ષ પદને પામીશ. હે રાજન્ !

श्लोक

समाहितान्तःकरणःस्वरूपे, विलोकयात्मानमखण्ड वैभवम् ॥
विच्छिन्धि बन्धं भवगंधगंधितं यत्नेन पुंस्त्वं सफलीकुरुष्व

સ્થિત છે; જ્યારે તે સંકલ્પ અને વૃત્તિ શુદ્ધ સાક્ષી સ્વરૂપમાં લય છે, ત્યારે તે વૃત્તિ પોતા ચીજની માફક પૂર્ણ પદમાં પૂર્ણરૂપ થઈ છે; ત્યાર પછી આ સંસારનો અભાવ થઈ જાય છે, માટે સં કલ્પના માત્ર છે. તે સંસાર વૃત્તિમાત્ર છે, તે સંસાર ભ્રાંતિ માત્ર સંસાર અજ્ઞાને કરીને મિથ્યા છતાં સત્ય ભાસે છે; માટે આ સંર શુદ્ધ સત્તામાં લય કરીને પોતાના સ્વયં પ્રકાશ પૂર્ણ અદ્વૈત સ્વરૂ સ્થિર થાઓ.

ભાનુપ્રતાપ બોલ્યો કે-હે યોગેંદ્ર મુનિ મહારાજ ! છે તે તો વૃક્ષરૂપ છે; તેમાં કર્તા, કારણ, અને કાર્ય, એ સિદ્ધ પછી આ જગતરૂપી કાર્યનું કારણ કર્તા કોણ છે ! વળી બીજથી પ્રગટ થાય છે તે કયા કાર્યની સિદ્ધિ નિમિત્તે કરીને થાય છે !

યોગીરાજે જવાબ આપ્યો કે-હે રાજન્ ! જેટલાં દ્ર આપવામાં આવે છે, તે દ્રષ્ટાંતો દ્વૈતમાંજ અપાય છે; પણ પદમાં દ્રષ્ટાંત આપી શકાતું નથી; કેમકે બીજનું સ્વરૂપ જ વળી તેથી ઉત્પન્ન થયેલું વૃક્ષ પણ જડ છે; એ પ્રકારે કારણનું પણ જડ થાય છે; તો પછી કાર્ય પણ જડ હોય છે;-જ્યારે કા સ્વરૂપ થાય છે ત્યારે કર્તા પણ કહેવામાં આવે છે; જેવી રીતે બીજ છે; તો પછી તેનો કર્તા પણ સિદ્ધ થાય છે; તો પછી કારણ અને થવાથી વૃક્ષરૂપી કાર્ય સિધ્ધ થયું; એજ પ્રકારે બીજનું કારણ કો એમ જો કે કહેવામાં આવે તો તે બીજનું કારણ વૃક્ષ છે, એ ઉ બીજ અને વૃક્ષ એ બન્નો પરસ્પર કારણરૂપ થાય છે, તેથી સ્વરૂપ સિદ્ધ થયું નથી; જેમકે સુવર્ણરૂપી કારણથી ભુષણ અ રૂપી કાર્ય સિધ્ધ થાય છે; જો કે એમ છે તો એજ અલંકાર અ જે સુવર્ણનું સ્વરૂપ છે એજ કારણરૂપ છે; પરંતુ જે આકાર-ક આવે છે, તે સુવર્ણનું કારણ થતું નથી;

એ પ્રકારે તે ભુષણોના આકારનું કારણ સુવર્ણ થયું, સુવર્ણનું કારણ કોણ છે ! એ પ્રશ્ન પ્રમાણે બીજ અને વૃક્ષનું છે,-હવે એ બન્નેનું કારણ કોણ છે ! તે વિષે એમ કહેવામાં છે કે; સુવર્ણ અને બીજ તથા વૃક્ષનું કારણ પ્રકૃતિ ; તેના માટે

કહ્યું છે તે પ્રમાણે તું ધ્યાન રાખ, એ પ્રકારે એક દિવસ વ્યતિત થઈ જશે એટલે બીજે દિવસે એ સંસાર પ્રલય થઈ જશે;

યોગીરાજના કહ્યા પ્રમાણે યોગીરાજના સન્મુખ ભાનુપ્રતાપ રાજા નેત્ર અને શ્રવણ દ્વાર બંધ કરીને હાલ્યા ચાલ્યા વિના એક દિવસને માટે બેઠો;

## વૃત્તિ પ્રલય દર્શન.

બીજે દિવસ થયો એટલે ભાનુપ્રતાપે યોગી પ્રત્યે કહ્યું કે હે મુનિ! જેવી રીતે આપે મને આજ્ઞા કરી તેજ પ્રમાણે મેં કર્યું. પરંતુ દ્વૈતરૂપ સંસાર અદ્વૈતમાં પ્રલય થતું નથી;

યોગીયે કહ્યું કે—હે રાજા! હાલે તને જે અનુભવ થયો હોય તે તમામ મને કહીદે;

ભાનુપ્રતાપ બોલ્યો—હે બ્રહ્મ વેત્તા! મને તે સ્થિતિમાં કોઈજ અનુભવ થયો નથી, માત્ર તમારા વચનનો અને ભયના સંસ્કારનો અનુભવ થઈ રહ્યો હતો; તે એવી રીતે કે રખેને કદિ મારા શરિરનો કોઈ પણ ભાગ હાલવા પામે! જો કદાપિ શરિર હાલવા માંડશે તો આપનો શિષ્ય શસ્ત્ર પકડીને ઉભો છે તે શસ્ત્રથી હાલતા અંગને કાપી નાખશે, હે મહારાજ! હું એવા ભયથી સ્થિર; રહ્યો હતો જેથી કરીને મારૂં અંગ હાલવા દીધું નથી;

યોગીરાજે જવાબ આપ્યો કે,-શરિરનો કોઈ પણ ભાગ કપાઈ જશે એમ તું સમજીને તારા શરિરને હાલવા દીધું નહિ, અને સ્થિર રહ્યો, તેજ પ્રકારે કાળના ભયથી તું પોતાની અંતર વૃત્તિને સંસારમાં ન જવા દઈશ, તું પોતે પોતાનામાં સ્થિર થઈને અચળરૂપ થા; એજ વૃત્તિનું સ્વરૂપ છે; કારણ કે જેની સ્થિતિમાં મારા વચનનું સ્વરૂપ અને ભયનું સ્વરૂપ તારા જોવામાં આવ્યું હતું, તે અંતર વૃત્તિને બાહેર જવા દેતો નહિ, તો સંસારનું સ્વરૂપ લય થઈ જશે; જ્યારે તે વૃત્તિમાં બાહેર અનુભવ સ્વરૂપ જે શુદ્ધ ચૈતન્યરૂપ છે તેમાં સુક્ષ્મ છે-જેની સ્થિતિ રહુતમાં સ્થુળ છે-અને વૃત્તિનું પ્રકાશક સ્વરૂપ પૂર્ણ છે-વૃત્તિની સ્થિતિ



# તૃતિય લહર.

## ચિત્ત નિરોધ ( વૃત્તિ નિરોધ ) શીરીતે થાય !

शार्दुल विक्रिडित वृत्त.

बीजं संसृति भूमिजस्यतु तमो देहात्मधीरङ्कुरो,
रागःपल्लव मम्बुकर्मतुवपुः स्कन्धोऽसवः शाखिकाः
अग्राणींद्रिय संहतिश्चविषयाः पुष्पाणि दुःखंफलं
नानाकर्म समुद्भवं बहुविधं भोक्तात्र जीवः खगः

અર્થ.

આત્મનું અજ્ઞાન એ સંસાર રૂપી વૃક્ષનું બીજ છે. અને દેહને આત્મા માનવો એ અંકુર છે, રાગ એ પાનરૂપ છે; કર્મ એ જળરૂપ છે, શરીર એ સ્કંધ રૂપ છે; પ્રાણોની હાની એ શાખારૂપ છે. ઇંદ્રિયોનો સમુહ એ શાખાઓના અગ્રરૂપ છે; અને વિષયો એ પુષ્પરૂપ છે; વળી અનેક પ્રકારના કર્મોથી ઉત્પન્ન થએલું ઘણા પ્રકારનું દુઃખ એ ફળરૂપ છે. અને તે ફળને ભોગવનારો જીવ પક્ષીરૂપ છે.

---

બીજે દીવસે નિત્ય નિયમ પ્રમાણે ભાનુપ્રતાપે યોગેશ્વરને પ્રશ્ન કર્યો કે-હે મહાત્મા ! તમે મને કાલે જે બોધ કર્યો હતો, તે બોધનું મનન મ્હેં સારી રીતે કર્યું છે, તેમાં વૃત્તિને બાધ્ય કરવી એ મુખ્ય હકીકત જણાઇ આવે છે, હે મહારાજ ! વૃત્તિ, એ પદાર્થ શો છે ! અને તેનો નિગ્રહ શી રીતે થાય !

યોગીરાજે ભાનુપ્રતાપ તરફ સૌમ્ય દ્રષ્ટી કરીને કહ્યું કે, હે સુપાત્ર ! સાંભળ !

वंशस्थवृत्तम्.

निगद्यतेऽन्तः करणं मनोधी, रहंकृतिश्चितमिति स्ववृत्तिभिः
मनस्तु संकल्प विकल्पनादि भिर्बुद्धिः पदार्थाध्यवसायधर्मतः
अत्राभिमानादह मित्यहंकृतिः स्वार्थानु संधान गुणेन चित्तम्

અર્થ.

પોતાની જુદી જુદી વૃત્તિયોને લીધે, મન, બુદ્ધિ, અહંકાર, અને ચિત્ત એ પ્રકારે અંતઃકરણનું ચાર સ્વરૂપ છે;

---

સંકલ્પ અને વિકલ્પ આદિ વૃત્તિને મન કહેવાય છે; પદાર્થોને નિશ્ચય કરવા રૂપ વૃત્તિને બુદ્ધિ કહેવાય છે; શરિરમાં હું છું એવું અભિમાન કરવારૂપ વૃત્તિને અહંકાર કહેછે, પોતાના વિષયનું અનુસંધાન કરવા રૂપ વૃત્તિને લીધે ચિત્ત કહેવાય છે.

હે રાજન ! જો કે અંતઃકરણનાં ચાર સ્વરૂપ કહ્યાં પણ તેમાં પ્રાધાન્ય વૃત્તિ છે, એમ તાહારે જાણી લેવું જોઈએ;

હે રાજન ! જ્યાંસુધી આ શરિરમાં પ્રાણ અપાનનો પરસ્પર સબંધ છે, ત્યા સુધી તે પ્રાણ અપાનની સંધીમાં સંકલ્પનું સ્વરૂપ સ્થિર રહે છે;-જ્યાં સુધી તે સંકલ્પ આ શરિરમાં, જ્ઞાનેંદ્રિય, અને કર્મેંદ્રિય, પ્રાણની સાથે મળીને, નાનારૂપ સંસારમાં રહીને, નાના પ્રકારના વ્યવહારને પામે છે, ત્યાં સુધી આ સ્થુળ શરીરમાં સાક્ષી ચેતન સ્વરૂપને આશરે, તે સંકલ્પ દ્વારાએ, અનેક પ્રકારના વ્યવહારોના પુરૂષાર્થથી, વ્યવહાર સિદ્ધ થાય છે;
જ્યારે પ્રાણ અપાનની સંધીમાં વિઘ્ન પડે છે, અર્થાત પ્રાણ અપાન પરસ્પર નથી મળતાં, ત્યારે તે પ્રાણ અપાન શરિરમાંથી નિકળીને, શુન્ય આકાશમાં મળે છે; તે સમયે સુક્ષ્મ શરિર આ સ્થુળ શરિરમાંથી નિકળીને સંકલ્પ અનુસાર કોઇ બીજા સ્થુળ શરિરમાં પ્રવેશ કરે છે; જ્યારે પૂર્ણ અદ્વૈત ચેતન સ્વરૂપના જ્ઞાનથી પૂર્ણઅદ્વૈત સ્વરૂપમાં સંકલ્પનો પ્રલય થાય છે, અર્થાત પૂર્ણ અદ્વૈત સ્વરૂપનું નિર્ધુવ થાય

છે ત્યારે તે સુક્ષ્મ શરિર જન્મ મરણના બંધનથી રહિત પૂર્ણ અદ્વૈત ચેતન સ્વરૂપમાં લય થઈ જાય છે, ત્યારે પોતાના સ્વયં પ્રકાશમાં વિશ્રામ પામે છે; ત્યારેજ તે અમર થાય છે;

ભાનુપ્રતાપ બોલ્યો કે હે મુનિરાજ ! આ જન્મનો ઉદ્ધાર કયું કર્મ કરવાથી થાય છે !

યોગી કહે છે કે હે ભુપાળ ! મિથ્યા દેહ અભિમાન અને મિથ્યા જગત સુખની પ્રાપ્તિની ઈચ્છાથી રહિત થઈને, અદ્વૈતવાદી જ્ઞાનવાન સંત પુરૂષનો સંગ કરવો,—મનમાં આવેલી શંકાઓનું સમાધાન કરવું; વેદાન્ત શાસ્ત્રનો અર્થ સમજવો; પૂર્ણ ભાવનાએ કરીને સંત પુરૂષના વચન ઉપર વિશ્વાસ રાખવો, એ પ્રકારે સત્સંગ સેવાથી ઉદ્ધાર થાય છે;

ભાનુપ્રતાપ બોલ્યો કે હે ગુરૂ ! આ સંસારમાં સંસારી માણસો ઈશ્વરનાં અનેક નામ કલ્પિને ભજન કરે છે, માટે કયા નામથી ભજન કરવાથી, ઈશ્વર સ્વરૂપની સિદ્ધિ મળે ! તેમજ કયા ઉપદેશથી યોગ્ય ઉપદેશક ગુરૂ કહેવાય ! તે કૃપા કરીને કહો;

યોગી કહે છે કે—જે ભજનથી આ મનરૂપી દ્વૈતનો વિનાશ થાય એજ ભજન શ્રેષ્ઠ છે; આ મનરૂપી દ્વૈતનો વિનાશ સત્ સ્વરૂપના વિચારથીજ થાય છે, તે સત્ સ્વરૂપનો વિચાર પ્રાણાયામ અભ્યાસ દૃઢ કરવાથી થાય છે; એજ પ્રાણાયામ અભ્યાસથી જ્યારે ચિત્ત નિસ્પંદ થાય છે; ત્યારે સુક્ષ્મ વિચારનું સ્વરૂપ દૃઢ થાય છે; વળી તે પ્રાણાયામની સાથે મહા વાક્યનું જે ભજન છે તે શ્રેષ્ઠ છે, મહા વાક્યનો અર્થ સારી રીતે સમજવો એજ જ્ઞાન છે;

વળી જે અદ્વૈતવાદી સંત મહાવાક્યનો ઉપદેશ કરે છે, એટલે અદ્વૈત નિશ્ચય કરાવે છે; તેજ જ્ઞાન ગુરૂ શ્રેષ્ઠ સમજવો; તેવા જ્ઞાનીના ઉપદેશથી શિષ્ય પુરૂષાર્થ પ્રાપ્ત કરે છે; અને પરમ પદને પામે છે;

કર્મકાન્ડના ઉપદેશકો અદ્વૈત જ્ઞાનના અધિકારી નથી; જેઓ અજ્ઞાની છે, જેઓ આત્મજ્ઞાનને જાણતા નથી, જેઓ અનર્થ અને અનિત્યનું કામ કરવામાં બીલકુલ વિચાર કરતા નથી તેવાઓને કર્મકાન્ડનો અધિકાર છે. અને તે કર્મનો અધિકારી કાલે કરીને આત્મજ્ઞાનનો બે-

બાહેરના આકાશનો વાયુ લેવામાં આવે છે તેને પુરક કહે છે; અંદરથી બાહેર વાયું કાડવામાં આવે છે તેને રેચક કહે છે; નાભીસ્થાનમાં પવન રોકવામાં આવે છે તેને કુંભક કહે છે; અર્થાત પ્રાણને અપાનમાં અને અપાનને પ્રાણમાં રોકી રાખવો તેનું નામ કુંભક છે;

આ પ્રકારે ત્રણ ભેદથી પ્રાણાયામ છે; આ ત્રણ પ્રકારના પ્રાણાયામમાં યોગી લોકોએ અનેક પ્રકારની રીતથી અભ્યાસ બતાવ્યો છે;

હે રાજન્ ! શંકર મહાત્મા કહે છે કે—

શ્લોક.

चित्तादिसर्वभावेषु ब्रह्मत्वेनैव भावनात् ॥
निरोधः सर्ववृत्तीनां प्राणायाम स उच्यते

અર્થ.

ચિત્ત આદી સર્વ વસ્તુઓને વિષે બ્રહ્મની ભાવના કરીને વૃત્તિમાત્રનો નિરોધ કરવો તેને પ્રાણાયામ કહેછે; કારણ કે પ્રાણ મનને આધિન હોવાથી મનના લય વડે કરીને પ્રાણનો લય થાય છે; પ્રાણના લય વડે કરીને મનનો લય જે પતંજલી માને છે તે યથાર્થ નથી. કારણ કે મન પ્રાણને આધિન નથી; એમ શંકર સ્વામી કહે છે—હે રાજન્ ! જ્યારે પ્રમુની ગતિ બંધ થાય છે ત્યારે આ સ્થુળ શરિર અચેત લાકડા જેવું પડી રહે છે,

પતંજલી ભગવાન કહે છે કે, श्वासप्रश्वासयोर्गतिविच्छेदः प्राणायामः એટલે શ્વાસ અને પ્રશ્વાસની ગતિનો વિચ્છેદ અર્થાત શ્વાસ અને પ્રશ્વાસમાં જતા આવતા વાયુની ગતિનો નિરોધ કરવો તેને પ્રાણાયામ કહે છે; એ સઘળો વિષય તને આગળ સમજાવવામાં આવશે; હે રાજન્ ! તે કાર્યને માટે જે ઉત્તમ અધિકારી પુરૂષો છે તેઓજ લાયક છે.

## ઉત્તમ અધિકારી કોણ.

ભાનુપ્રતાપ બોલ્યો કે—હે ગુરૂ. ઉત્તમ અધિકારીનાં કેવાં લક્ષણ હોય છે ?

અસંશકિત–સંકલ્પના સ્પંદ સ્વરૂપને, નિસ્પંદ સ્વરૂપમાં લય કરવો, અર્થાત સંકલ્પના સ્પંદ સ્વરૂપમાં નિસ્પંદ ભાવને જોવો, અને દ્વૈત નિરાંબય પદમાં સ્થિત રહેવું, સર્વ સંસારના વ્યવહારને તથા શરિરના સર્વ ધર્મને અને સંકલ્પના સ્વરૂપને આકાશની નિસ્પંદ સ્થિતિના સ્વરૂપમાં લય કરીને સર્વને આકાશ રૂપ કરીને નિશ્ચલ અનુભવ કરવો તેને અસંશકિત ભુમિકા કહે છે;

પદાર્થભાવિની–નિસ્પંદ ભાવમાં અર્થાત આકાશની નિસ્પંદ સ્થિતિમાં પુર્ણ આનંદ સ્વરૂપનો અનુભવ કરવો, સર્વ સંસાર તથા તેના વ્યવહાર તથા શરિર અને શરિરના સર્વ ધર્મમાં પોતાના આનંદ સ્વરૂપને પુર્ણ માનવો, અર્થાત પુર્ણ આનંદ સ્વરૂપમાં દ્વૈતનો અભાવ કરવો તેને પદાર્થ ભાવિની ભુમિકા કહે છે,

તુર્યગા-નિશ્ચલ પુર્ણ આનંદમાં સ્વરૂપના સ્વયં પ્રકાશ સ્વરૂપનો પુર્ણ રૂપે કરીને અનુભવ કરવો; અર્થાત પુર્ણ આનંદ, અને પુર્ણ સત્તાના સ્વરૂપમાં, એક પોતાનાજ પૂર્ણ સ્વયં પ્રકાશ સ્વરૂપનેજ નિશ્ચય જાણવો. તેને તુર્યગા ભુમિકા કહે છે;

એ પ્રકારે જ્ઞાનની સાત ભુમિકાઓ છે; તેનું લક્ષણ, વૃત્તિ, અને સ્થિતિ અનુસારથી સમજી લેવું, આ ભુમિકામાં બતાવેલાં લક્ષણોથી જ્ઞાની પુરૂષો અમુક ભુમિકામાં છે એમ સમજી શકે છે.

ભાનુપ્રતાપ કહે છે કે હે યોગીરાજ ! ભુમિકાનો વિષય મને સારી રીતે સમજાયો, હવે હું પ્રશ્ન કરૂછું કે, બ્રહ્મા, વિષ્ણુ અને શિવ આદિકનો જે વ્યવહાર છે તે કેવી રીતે ! તેમનું સ્વરૂપ તો જણાતું નથી; તેમજ તે ત્રણમાં શ્રેષ્ઠ હોય છે ! તેમજ તે ત્રણથી જુદુ કયું પદ છે ! તેનો ભેદ કૃપા કરીને કહો.

યોગી કહે છે કે—બ્રહ્મનિ શુધ્ધ ચિન્હ માત્ર શકિત અંશમાં, શુધ્ધ ચિન્હ માત્ર ચેતન સ્વરૂપનો શુધ્ધ આનંદ માત્ર અહંકારના સ્વરૂપનું જ્ઞાન છે, તે જ્ઞાન અહંકારના સ્વરૂપમાં સત, રજ, તમ, ભાવથી સ્થિત છે, તે શુધ્ધ ચિન્હ માત્ર ચેતનસ્વરૂપ પોતાના સત્વગુણ

અંશનો અભિમાની હોવાથી વિષ્ણુ સંજ્ઞાને પ્રાપ્ત થયો, તેમજ પોતાના રજોગુણ અંશનો અભિમાની થવાથી બ્રહ્મા સંજ્ઞાને પ્રાપ્ત થયો; અને પોતાના તમોગુણી અંશના અભિમાનથી શિવરૂપ થયો, એ પ્રકારે તે શુદ્ધ ચિન્હ માત્ર શુધ્ધ અહંકારરૂપી માયાની સાથે મળીને માયાના ત્રણ ગુણ સ્વરૂપ થયા;–તે શુધ્ધ ચિન્હ માત્રનો જે અહંકાર ભાસ પ્રાપ્ત થયો તે જ્ઞાનને સ્પંદ સત્તા કહેવામાં આવે છે; હે રાજન્! તેનેજ માયા કહે છે; તે શુધ્ધ જ્ઞાન પણ પૂર્ણ અંશથી આકાશરૂપ થયો છે; તે પુર્ણ સ્પંદ અંશમાં વાયુ રૂપ થયું છે; તે સ્પંદ અંશમાં ચેતન અંશથી તેજ રૂપ થયું છે; તે ચેતન અંશમાં આનંદ અંશથી જળરૂપ થયું છે; તેમજ તે આનંદ અંશમાં નિસ્પંદ સત્તા અંશથી પૃથ્વિરૂપ થયું છે; તે વૈરાટ સ્વરૂપથી શુધ્ધ ચિન્હમાત્ર ચેતનસ્વરૂપ ત્રણ ગુણરૂપે કરીને ઠર્યું છે; ત્યાં અંતઃકરણ થયું છે; તે અંતઃકરણમાં આભાસરૂપથી જીવરૂપ થયો છે; એ પ્રકારે જ્યારે યોગ અભ્યાસથી શુધ્ધ ચિન્હમાત્ર ચેતન સ્વરૂપમાં સંકલ્પ સાક્ષીરૂપે કરીને સ્થિતિ થાય છે ત્યારે તેને સહ વિકલ્પ સમાધી કહે છે; એવી સહ વિકલ્પ સમાધીમા જે જે પ્રકારની ભાવના કરવામાં આવે તેવુંજ સ્વરૂપ સુક્ષ્મ શરિરરૂપે કરીને સિધ્ધ થાય છે; ત્યારે તે સુક્ષ્મ શરિર દ્વારે અનેક પ્રકારના વ્યવહાર સિધ્ધ થાય છે; તો તે વિષ્ણુ, બ્રહ્મા, અને શિવ એ ત્રેણે શુધ્ધ ચેતનરૂપ એકજ છે, તેમાં કંઈજ ભેદ નથી; તેમની સ્થિતિ તો ઇશ્વર કોટીમાં થાય છે; પરંતુ સમાધી દ્વારે બ્રહ્મ કોટીના આનંદનો અનુભવ કરી લે છે; અને ઇશ્વર કોટિમાંનો સિદ્ધિ આદિક વ્યવહારની સિદ્ધિ પ્રાપ્ત થાય છે; પણ જ્ઞાની પુરૂષતો પરબ્રહ્મ કોટીમાં સ્થિત થાય છે; કેમકે તે પુર્ણ અદ્વૈત સ્વરૂપના નિશ્ચયમાં સમાધીદ્વારે ઇશ્વર કોટીના વ્યવહારનું જ્ઞાન પ્રાપ્ત કરી શકે છે; એવી બ્રહ્મકોટીને નિર્વિકલ્પ સમાધી કહે છે, બ્રહ્મા, વિષ્ણુ, અને શિવ આદિક અને સર્વ સિદ્ધ સમુદાય તે બ્રહ્મકોટીના આનંદ પદની ઇચ્છામાંજ રહેલા છે;

ભાનુપતાપે કહ્યું કે હે મહારાજ! સમાધી કહોને કહે છે! કેટલાંક પુરાણ કથાઓમાં તો હજાર વરસ સુધી મુનિ લોકો સમાધી

સદાવતા હતા એમ સાંભળવામાં આવ્યું છે; તો તે વખતે તેમની કેવી સ્થિતિ હશે ! તે વિષે ખુલાસો આપશો;

યોગીરાજે કહ્યું કે હે રાજન ! ધારણા, ધ્યાનના સંયમમાં જ્યારે મનનો લય થાય છે તેને સમાધી કહે છે; જેઓ યોગાભ્યાસને જાણતા નથી તેઓ પ્રાણવાયુને બ્રહ્મ રંધ્રમાં ઠરાવવાને પ્રયત્ન કરે છે અને એમ કરવાથી જેઓ સમાધી માને છે, એ તમામ ખોટું છે; કેમ કે તે તમામ હઠયોગ છે; જેઓ હજાર વરસ સુધી સમાધીનો અભ્યાસ કરતા હતા તેઓ રાજયોગ સમાધી કળાથી કરતા હતા; તે વખતે તેમના આયુષ્યનું પ્રમાણ હાલના વખત કરતાં વિશેષ હતું; તેથી તે રાજયોગ દ્વારાએ અરણ્ય અને ઉત્તમ ફલદ્રુપ વનમાં નિવાસ કરીને ચિત્તનો નિરોધ કરતા હતા; તે કેરીરીને સમાધીનો અભ્યાસ કરતા હતા તે સાંભળ;

હે રાજન્ પ્રથમ આકાશની પૂર્ણ સ્થિતિની ધારણા કરિને તે ધારણામાં પૂર્ણ ચેતન સ્વરૂપનું ધ્યાન, પછી તે ચેતન સ્વરૂપની ધારણા અને ધ્યાનના સંયમમાં સંકલ્પનો લય કરવાનો અભ્યાસ શરિરે કરીને સર્વ કરતા હતા, એ પ્રમાણે અભ્યાસ કરતાં જ્યારે, પૂર્ણ અદ્વૈત ચેતન સ્વરૂપમાં દ્વૈત નિશ્ચયનો અભાવ થઇ જાય છે, ત્યારે પુર્ણ અદ્વૈત સ્વરૂપના નિશ્ચયમાં સ્થિત રહીને નિર્વિકલ્પ પદને પ્રાપ્ત થાય, ત્યારે આ સંસારમાં શરિરે કરીને સર્વ વ્યવહાર કરતા છતાં નિર્બંધન સ્થિતિ આવે, એ પ્રકારે પૂર્વે યુગોમાં યોગીજન સમાધીનો અભ્યાસ કરતા હતા, તે સમાધી અભ્યાસ ક્યારે થાય છે કે જ્યારે પ્રથમ વૃત્તિ અભ્યાસ દ્વારે વા. પુર્વ કાળના અભ્યાસનું ફળ વૈરાગ્ય દ્વારે એકાગ્ર થાય છે;-

હાલ કળિયુગના આયુષ્યનું પ્રમાણ જાણીને એક વરસ પર્યંત એકાગ્ર ચિત્ત થઇને સમાધીનો અભ્યાસ કર્યો જાય તો નિઃસંદેહ નિર્વિકલ્પ પદ પ્રાપ્ત થાય-

ભાનુપ્રતાપ કહે છે કે-હે મહારાજ ! વૈરાગ્યનું જ્ઞાન શા પરથી પ્રાપ્ત થાય !

યોગીરાજે કહ્યું કે હે મહાબાહુ રાજા! સાંભળ,-વૈરાગ બે

લયનું સ્વરૂપ સિદ્ધ થાય છે; તે સર્વ સંકલ્પ માત્ર, સંસારૂપી દ્વૈત, તાહારી ચિન્હ માત્ર સ્પંદ શક્તિ અંશમાં સ્થિત છે; વળિ તું, આ સ્પંદ શક્તિનો સાક્ષી પોતે પોતાનામાં પૂર્ણરૂપે કરીને રહેલો છું; જેવી રીતે આકાશમાં અનેક પ્રકારની ચેષ્ટા થાય છે; તેમજ અનેક પ્રકારની ઉત્પત્તિ અને લય થાય છે પરંતુ આકાશ તો પોતાના પૂર્ણ પણામાં જેવોને તેવોજ નિશ્ચળ છે; અર્થાત તે આકાશમાં સ્પંદત્વ પ્રાપ્ત થતો નથી, સ્પંદ ભાવને પ્રાપ્ત થવાનો વાયુનો ધર્મ છે; આકાશના સ્વરૂપમાં વાયું આકાશ સ્વરૂપ છે; એ પ્રકારે આ નાના પ્રકારના વ્યવહાર તારી સ્પંદ શક્તિ અંશમાં સ્પંદ શક્તિરૂપ છે; એજ ત્હારી સ્પંદ શક્તી નિસ્પંદ શક્તિ અંશમા નિસ્પંદ રૂપ છે. એ પ્રકારે આ સ્પંદ માત્ર દ્વૈતમાં નિસ્પંદ ભાવને તું જો; અને તું આ સ્પંદ અને નિસ્પંદના સ્વરૂપનો સાક્ષી અકર્તા, અભોક્તા, અજન્મ, અને અવિનાશી છે, તેમજ તું પુર્ણ અદ્વૈતરૂપ સર્વદા કાળ એક રસ સ્થિત છે;

ભાનુપ્રતાપ બોલ્યો કે–હે પરમ સુખ આપવા વાળા પ્રકાશવેત્તા મુનિશ્વર !–પુર્ણ અદ્વૈત સ્વરૂપની સત્તા અંશમાં અદ્વૈત સંકલ્પની ઉત્પત્તિ અને લયનું શું કારણ છે તે કહો;

યોગેશ્વરે કહ્યું કે હે રાજન્ ! પૂર્ણ અદ્વૈત સ્વરૂપની સત્તા અંશમાં શુદ્ધ ચિન્હ માત્ર ચેતન સ્વરૂપનું આનંદ પણથી અહં સ્વરૂપનું જ્ઞાન થએલું છે; તે અહં સ્વરૂપનું જ્ઞાન પોતાના ચિન્હ માત્ર સ્વરૂપમાં નાના પ્રકારની સ્ફુરતીને પ્રાપ્ત કરનાર છે; તે ચિન્હ માત્ર જ્ઞાન પણ ઉત્પત્તિ અને લયનું કારણ છે; તે ચિન્હ માત્ર, શક્તિનો સ્વભાવ છે; જ્યારે તું પોતાની નિર્વિકલ્પ સમાધિ વિષે સત્તા અંશને જોઇશ, ત્યારે તને ચિન્હ માત્ર અંશમાં કોટી કોટી સ્ફુરણોની ક્ષણ ક્ષણમાં ઉત્પત્તિ અને લય થતું જોવામાં આવશે; તે જ્યારે યોગની સમાધિદ્વારા પ્રાપ્ત થાય છે, ત્યારે તે પુરૂષ તેવા યોગને સમ્પૂર્ણ જાણો થાય છે;

ભાનુપ્રતાપે કહ્યું કે હે મુનિશ્વર ! આપના વચને કરીને મારૂં [illegible] શાન્ત થયું, આપ કૃપા કરીને હવે વૃત્તિનિરોધનું મુખ્યત્વ જે [illegible] યોગ છે, તે યોગાભ્યાસનું વિવેચન કૃપા કરીને અમને બતાવશો,

યોગીરાજે કહ્યું કે હે ભુપાલ ! આજ જે ઉપદેશ તને કર્યો છે તે ઉપદેશનું મનન કરો, પછી આવતી કાલે તને યોગાભ્યાસનો ઉપદેશ કરવામા આવશે.

આટલું કહીને નિત્ય નિયમ પ્રમાણે યોગીરાજ એકાગ્રવૃત્તિમાં નિમગ્ન થયા, અને ભાનુપ્રતાપે ગુરૂના ચરણ કમળમાં મસ્તક નમાવ્યું. પછી ત્યાંથી પોતાની પર્ણકુટીમાં જઈને પોતાના સાથી વર્ગ સાથે પ્રવેશ કર્યો;—





# ચતુર્થ લહર.

## યોગાભ્યાસ.

---

### શ્લોક.

घटं जलं तद्गत सूर्य बिंबं विहाय सर्वं विनिरी क्ष्यतेऽर्कः
तटस्थ एतत्त्रित यावभासकःस्वयं प्रकाशो विदुषा यथा यथा
देहं धियं चित्प्रति बिम्बमेवं विसृज्य बुद्धौ निहितं गुहायाम्
द्रष्टारमात्मानमखण्ड बोधं सर्व प्रकाशं सद साद्वि लक्षणम्
नित्यं विभुं सर्वगतं सुसूक्ष्म मन्तर्बहिःशून्यमनन्यमात्मनः
विज्ञाय सम्यङ्निजरूपमेतत् पुमान्विपाप्मा विरजो विमृत्युः
विशोक आनंदघनो विपश्चि त्स्वयं कुतश्चिन्न बिभेति कश्चित्
नान्योऽस्तिपन्था भवबन्धमुक्ते र्विना स्वतत्त्वावगमं मुमुक्षोः

### અર્થ.

ઘટ, જળ, અને તેમાં રહેલું સૂર્યનું પ્રતિબિંબ એ સર્વને છોડી દઇ જેમ ત્યારે, એ સર્વેને પ્રકાશ કરનાર અને સ્વયંપ્રકાશ સૂર્ય જોવામાં આવે છે; તેમ દેહ બુદ્ધિ અને બુદ્ધિમાં રહેલા ચૈતન્યનો આભાસ એ સર્વને છોડી દઇ ત્યારે દ્રષ્ટા, અખંડ બોધરૂપ, સર્વને પ્રકાશ આપનાર, કાર્ય અને કારણથી જુદો નિત્ય વ્યાપક, સર્વમાં રહેલ અત્યંત સૂક્ષ્મ, પોતાથી અભિન્ન અને જેથી બહાર કે અંદર બીજો કોઈ પદાર્થ નથી, એવું, સ્વરૂપ મુમુક્ષુ સારી રીતે અનુભવમાં આવે ત્યારે વિજ્ઞાન પુરુષ પાપરહિત થાય છે તથા રહિત થાય છે; મૃત્યુરહિત થાય છે; અપાંરિત

થાય છે. તેમજ કોઈથી પોતે ભય રાખતો નથી; મુમુક્ષુને પોતાના આત્માનું તત્વ જાણ્યા શિવાય બીજો કોઇ સંસારના બંધનમાંથી છુટવાનો માર્ગ નથી:

---

નિત્ય નિયમ પ્રમાણે બીજે દિવસે ભાનુપ્રતાપ યોગેશ્વર પાસે આવીને પ્રશ્ન કરે છે કે; હે પરમ ગુરૂ! મન બુદ્ધિ ચિત્ત, અને અહંકાર. એ ચારે વૃત્તિનું સ્વરૂપ છે; એ વિગેરે હકીકત આપે કૃપા કરીને મને સમજાવી છે; હવે વિજ્ઞપ્તિ કરૂછું કે યોગ કહોને કહે છે!

## યોગ કહોને કહે છે?

યોગીરાજ બોલ્યા કે હે રાજન્! ભગવાન પતંજલીએ કહ્યું છે કે, **योगश्चित्त वृत्ति निरोधः**-યોગ એટલે ચિત્તની વૃત્તિનો નિરોધ; જ્યારે ચિત્તનો નિરોધ સંપૂર્ણ અંશે થાય છે ત્યારે દ્રષ્ટા (જીવાત્મા)ની પોતાના રૂપમા સ્થિતિ થાય છે; પરંતુ એ વિનાનો આત્મા ચિત્ત (વૃત્તિ) સ્વરૂપ થાય છે, માટે યોગ માર્ગની ઇચ્છા રાખનારાઓ એ કિંવા યોગ જાણનારાઓ એ ચિત્તની જેટલી વૃત્તિયો હોય તે બધી જાણીલઇ ચિત્તનો નિરોધ કરવાનો અભ્યાસ કરવો જોઇએ જ્યારે એ પ્રકારે નિરોધ સારી પેડે થાય ત્યારેજ યોગ સધાય છે;

હે રાજન્! બે વસ્તુનું એક થવું એનું નામ યોગ છે, નાનારૂપ સંસારના સંકલ્પમાં લય થવાનું નામ અંતર્યોગ છે, હે ભુપ! તારી ચિન્હમાત્ર શકિત નાના પ્રકારના બહિર્યોગ સ્થાનમાં છે;

પુર્ણ અદ્વૈત સ્વયં પ્રકાશ તે સર્વ શકિતયોના યોગનું સ્થાન છે; તેને અંતર્યોગ કહે છે; તેનો ભેદ કરૂછું તે તું સાંભળ;

પાંચ જ્ઞાનેંદ્રિય દ્વારાએ તારૂં ચિત્ત નાના રૂપે કરિને આ સંસારમાં રહેલું છે; તે સંસારને પાંચ ઇન્દ્રીયોના સ્થાનમાં એવી રીતે લય કર કે. શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ, એમ પાંચ રૂપે કરીને અનુભવ કર,-તે પાંચ ઇન્દ્રીયોને ચિત્તના સ્વરૂપમાં લય કર, એ પ્રકારે જ્યારે તું એકાગ્રચિત્ત થઇને દ્રઢતામાં રહિશ ત્યારે બહિર્યોગ સિદ્ધ થશે;

જ્યારે ચિત્તનાસ્વરૂપને સાક્ષી શુદ્ધ ચિદ્રુમાત્ર ચેતન સ્વરૂપમાં લય કરીશ. તથા જ્યારે શુદ્ધ ચિન્દ્રુમાત્ર ચેતન સ્વરૂપને પુર્ણ અદ્વેત પદમાં લય કરીશ, ત્યારે અંતર્યોગ સિદ્ધ થશે,–જે પુરૂષ વિચાર દ્વારાએ યોગ પદને સિદ્ધ કરે છે તે ઉત્તમ છે; તેણે પોતાના અમુલ્ય જન્મને સફળ કર્યો છે; માટે તું પણ આ સર્વ દ્વૈતને મિથ્યા બ્રાંતીમાત્ર નિશ્ચય કરીને એ પદની ભાવના કર; જે માણસ યોગાભ્યાસ વિચાર દ્વારાએ સિદ્ધિયોગમા બધાયમાન થાય છે; તેને જો કે સિદ્ધિ પ્રાપ્ત થાય છે, પણ તેથી કરીને તેનો અમુલ્ય જન્મ સફળ થતો નથી; કેમ કે જગતની સિદ્ધયો માત્ર જગત રૂપ છે, તે જગત નાનારૂપે કરીને આગળથીજ સિદ્ધ છે; માયા વૃત્તિરૂપ ભ્રમમાત્ર છે; બુદ્ધિવાન પુરૂષ એજ છે કે, ભ્રમસ્વરૂપનો નાશ કરવાને અને પોતાના નિરાકાર સ્વરૂપને સિદ્ધ કરવાને ઉપાય કરે છે;

હે રાજન્ ! હઠયોગ–લયયોગ,, મંત્ર યોગ, અને રાજયોગ એવી રીતે ચાર પ્રકારના યોગ છે.

## હઠયોગનો હેતું.

હે રાજન્ ! પ્રાણ અને અપાનને પ્રાણમાં સમ કરવો. તેને હઠયોગ કહે છે; હઠયોગ વિદ્યાના મુળ પ્રવર્તક આદીનાથ શંકર કહેવાય છે ત્યાર પછી મત્સ્યેન્દ્રનાથ, શાબર, આનંદ ભૈરવ ચૌરંગી, મીનનાથ, ગોરક્ષનાથ, વિરૂપાક્ષનાથ, બિલેશય, મંથાન ભૈરવ, સિદ્ધિ, બુદ્ધ, કોરંટક, સુરાનંદ, સિદ્ધપાદ,ચર્પટી, પુજ્યપાદ. નિત્યનાથ. નિરંજન. કપાલી. બિંદુનાથ, કાકચંડી, પ્રભુદેવ, અલ્લામ, ભાનુકી, નારદેવ, ખંડકપલિક, તારાનાથ, વિગેરે ઘણા યોગેશ્વરો હઠયોગ વિદ્યાને સાધ્ય કરનારા અને તેમાં મસ્ત રેહેનારા પૂર્વે થઈ ગયા છે; હઠયોગ વડે કરીને પોતાના દેહ અને પ્રાણને સ્વાધીન કરીને તથા સ્વતંત્ર થઈને પોતાની ઇચ્છાનું સાર આકાશમાં ગમન કરવાની શકતી વાળા તેઓ હતા, તેઓ ક્ષણ માત્રમાં પવનની માફક બ્રહ્માંડમાં વિચરતા હતા;

યોગી યાજ્ઞવલ્ક્ય પણ હઠયોગ નિષ્ઠ હતા. તે મહાયોગી

જે અહિંતધારી જ્ઞાનવાન સંત છે, તેના વચન ઉપર જે વિશ્વાસ
રાખે છે, તથા તન મન અને ધને કરીને તેવા ઉત્તમ સંતની સેવામાં
જે તત્પર રહે છે, તથા સત્ય શાસ્ત્ર વેદવચન ઉપર શ્રદ્ધા રાખે છે તેવા
પુરૂષને સત્સંગ કહે છે,

ઉપર કહેલા યમમા પાંચ ભેદ છે—

તે એવી રીતે કે-હિંસાનો ત્યાગ કરવો અને અહિંસા ગ્રહણ
કરવી-અસત્યનો ત્યાગ કરવો અને સત્ય ગ્રહણ કરવું-અશુદ્ધિનો
ત્યાગ કરવો અને શુદ્ધિનુ ગ્રહણ કરવું-વિશેષ આહારનો ત્યાગ કરવો
અને મિતાહાર રાખવો-વિષયની લિપ્તતાનો ત્યાગ કરીને વિર્ય સાચવવું
એ રીતે પાંચ પ્રકારના યમ સમજવા-તે પાંચ યમ જે કે-અહિંસા
સત્ય-શૌચ-મિતાહાર-બ્રહ્મચર્ય છે.

અહિંસા-એટલે મન વાણી અને શરીરે કરીને કોઇનુ પણ અંતઃકરણ
દુખવવુ નહિ.

સત્ય—એટલે જે વસ્તુ નેત્રથી જોઈ તથા કાનવડે કરીને હકીકત
સાંભળી તે હકીકત તેવે સાચી કહેવી.

શૌચ—એટલે જળવડે કરીને સ્નાન કરવાથી શરીર ઉપરની શુદ્ધિ
થાય છે અને સત્સંગ વિચારદ્વારાએ મનની શુદ્ધિ થાય છે;

મિતાહાર એટલે રૂચિપુર્વક આહાર કરતા પણ થોડું ભૂખ્યું રહેવું,

બ્રહ્મચર્ય-વિર્ય સાચવવું, વિદ્યા ન થવુ નહિ અને કામને જીતવો;

નિયમ અંગ.

મિથ્યા વ્યવહારમા નિવૃત્તિ અને સત્ય વ્યવહારમા પ્રવૃત્તિ
તેને નિયમ કહે છે તે નીયમ જપ, તપ, દાન, વેદાન્ત શાસ્ત્ર શ્રવણ;
સંતોષ આ રીતે પાચ પ્રકારનો છે;

જપ એટલે પ્રાણ અપાનની સાથે મહા વાક્યનો મન વડે કરીને
વિચાર કરવો, અર્થાત પ્રાણ અપાનની સુક્ષ્મ ધ્વનિની સાથે મહા
વાક્યની સુક્ષ્મ ધ્વનિને મેળવવો;

તપ એટલે મનના વેગને રોકવાને માટે શરીરને કષ્ટ આપીને પણ
એકાંત સ્થાનમાં રહેવું.

દાન એટલે અન્ન, વસ્ત્ર, દ્રવ્ય, યોગ્ય અધિકારીને દેવું—

[illegible] અધિષ્ઠાન રૂપ છે, તે
[illegible] તે શુદ્ધ ચિન્હ
[illegible] નો અભાવ થાય છે,
[illegible] નિર્વિકલ્પ પદ છે;
[illegible] કે વૈરાટ રૂપે કરીને
[illegible] ચક્રના સ્થાનમાં
[illegible] છે;
[illegible] મુલાધાર ચક્રમાં
[illegible] શક્તિમાં વાયુ રહે
[illegible] ચક્રથી માંડીને
[illegible] સમાન રૂપે
[illegible] પર્યંત ઉદાન રૂપે
[illegible] છે;

[illegible]

જે દસ નાડીયો કહી, તેમાં સર્વથી શ્રેષ્ઠ ત્રણ નાડીયો કહેવામાં
છે તે કયા પ્રકારની તે કૃપા કરીને સમજાવશો, (ર

યોગી બોલ્યો--કે- ડાબી નાશિકામાં જે નાડી છે તેને ઇડા
છે, જમણી નાશીકાની નાડીને પિંગલા જાણવી,--તે બન્યોના મધ્ય
ની જે નાડી છે તેને સુષુમણા કહે છે;- તે સુષુમણાનાડી નાભીની ની
રહેનારી કુંડલીની શક્તી કહેવાય છે. તે

## ત્રણ નાડી. (અને દસ નાડી.)

ની હકીકત કહું તે સાંભળ, ડાબા ભાગમાં ઇડા, અને જમણા
ભાગમાં પિંગલાને ધારણ કરી રાખ્યું છે; તે ત્રણ નાડીયો અભ્યાસને
માટે અતિ ઉત્તમ છે;—જમણા નેત્રમાં જે નાડી છે; તેને હસ્તિની
કહે છે-અને વામ નેત્રમાં જે નાડી છે, તેને ગાંધારી કહે છે; તે
યશસ્વિનીછે;—મુખમાં જે નાડી છે તેને અલંબુષા કહે છે વળી, લિંગમાં
જે નાડી છે તેને કુહુંકા કહે છે, ગુદામાં રહેલી નાડીને શંખિની કહે
છે; એ પ્રકારે દસ નાડીયો છે; હવે તને

## પ્રાણાયામ.

પ્રાણાયામનું સ્વરૂપ અને તેનો ભિન્ન ભિન્ન અભ્યાસ કહું છું
તે સાંભળ-હે રાજન ! શરીરની અંદર કુંડલીની શક્તિથી વાયુ,
બાહેર આકાશમાં આવીને બાર આંગળમાં ચાલીને લય થાય છે; તે
ઉષ્ણ સૂર્ય રૂપ છે; અને બાહેરનો આકાશનો વાયુ નાશિકા દ્વારાએ
પેટમાં જાય છે તે શીતળ ચંદ્રમા રૂપછે, એ પ્રકારે શરીરમાં કુંડલિની
શક્તિમાં સૂર્યનું મંડલ છે; અને નાશિકાના અગ્ર ભાગમાં બાર
આંગળ પર્યંત જે આકાશ છે તે ચંદ્રનું મંડળ છે; તે બન્યોને એક
કરવું તેને પ્રાણાયામ કહે છે; તે પ્રાણાયામમાં પૂરક, કુંભક, અને રેચક
.એમ ત્રણ પ્રકારના ભેદ છે-બાહેરથી નાશિકા કિંવા મુખ દ્વારાએ જે
પવન લેવામાં આવે છે તેને પ્રાણપૂરક કહે છે;-શરીરની અંદરથી
વાયુ બાહેર કાઢવામાં આવે છે, અર્થાત બાહેરના આકાશમાં
(લય) મળી જાય છે તેને અપાન પૂરક કહેછે; એજ પ્રમાણે અંદરનો
પ્રાણવાયું બાહેર આવે છે ત્યારે તેને પ્રાણ રેચક કહેવાય છે;--બાહેરનો

ભ્યાસ કરવાથી ગાલાચાર હાથ કપડું પ્રવેશ થતાં ખેંચવ થયે, આ પ્રકારે કાર્ય કરવાથી તેને નાલીકર્મ કહે છે, કે દાત ઙક યોગ્ય છે, એવો ક્રિયા સાધકના અધિકારી છે તેઓએ આ થાકે છે, આમ કરવાથી શારિરીક સંપત્તિ વ્યાધિ રહિત રહે મનની વૃત્તિઓ પણ શુદ્ધ રહે છે, આ પ્રમાણે પોતી કર્મને વેરો રાખનારને કાસ, શ્વાસ, પ્લીહા, જલોદર, કોઢ અને કફન રહેતા નથી. તેમજ કંઠના તથા મસ્તકના કેટલાક રોગ નાશ છે;

## બસ્તીકર્મ.

છ આંગળ પાવળી, માફ વાંસની સીરી નળી ચાર આંગળ ગુદામાં પ્રવેશ કરે-અને બે આંગળ બાહેર રાખે, પછી નિર્મળ જળની અંદર ડુંટી ડુબાય તેટલી ઉંડાઈમાં બન્ને એડીઓ ઉપર ગુદાનો ભાગ રાખીને બેસવું; પછી તે નળિકાને રસ્તે બાહેરનું પાણી શુદ્ધ ઉદરમાં ખેંચવું; પછી પેટુના નળ ખુબ હલાવીને આપણે અંગે નીચેથી પવન ઉંચો ખેંચી લઈએ ઢીલો એવો પ્રયત્ન કરવો, એટલે પાણી આંતરડામાં જશે, ત્યાર પછી તે બધું મળવાળું પાણી બાહેર કાઢી નાખવું એ પ્રકારે એક મહિના સુધી અભ્યાસ કરે તો તે ક્રિયા સાધ્ય થાય છે; આ ક્રિયાથી, ગુલ્મ, પ્લીહા, અજીર્ણની વ્યાધી, તથા વાતપિત્ત અને કફથી ઉત્પન્ન થતા રોગો નાશ પામે છ, આથી કરીને વિર્યની વૃદ્ધિ થાય છે જ્યારે મળશુદ્ધ રહે છે, જ્યારે નિર્મળ થાય છે, ત્યારે વૃત્તિ પણ નિર્મળ રહે છે, જ્યારે મળદોષ પ્રાપ્ત થાય છે ત્યારે મસ્તકમાં વિભ્રમના, શરીરમાં આળસ, અજીર્ણ, જ્વર, ખાંસી, મસ્તક પીડા, વીર્યમાં બગાડ, રક્તમાં ઉષ્ણતા, અને વાત પિત્તનો પ્રકોપ વધે છે–તે તમામનો નાશ થવાથી. સ્વચ્છ કાચ પ્રમાણે શરીર અને વૃત્તિ રહે છે. પોતી અને બસ્તી કર્મ કરનાર અભ્યાસીએ જ્યાં સુધી સદરહુ બે કર્મ કરે ત્યાં સુધી દુધ અને ઘીનું થોડું થોડું સેવન કરવું જોઈએ;

છે કે, ગરદનને નીચે વાળીને બન્ને ઢીંચણ ઉપર બન્ને હાથ મુકી શ્વાસનું રેચન ( પેટમાંથી વાયુ બાહેર કાઢવો ) કરવું, પછી પેટ બન્ને નળને ડાબા જમણી જલદીથી હલાવે તેને નેઃલી કહે છે. યોગ પુરૂષો એને નોલી ક્રિયા કહે છે, આ ક્રિયાથી. પેટના તમામ રોગની નિવૃત્તિ થાય છે, જઠરાગ્નિ વધે છે, વળિ ધોતી તથા બસ્તિની ક્રિયા પણ આથીજ થઇ શકે છે; આ ક્રિયાનો ઉપયોગ યોગાભ્યાસિયો કરે છે;

## કપાલભાતી.

લુહારના વચમાં લુહારના ધમણની માફક શ્વાસો શ્વાસનું રેચક પુરક જલદી જલદી કરે, તેથી કપાળમાં વાયુ સ્પર્શ કરે છે, એ પ્રકારે ખટકર્મ નાડીયોને શુદ્ધ કરે છે. જે વૈરાગ્યવાન્ પુરૂષ છે તે પ્રાણ અભ્યાસથીજ શુદ્ધ રહે છે;

ભાનુપ્રતાપે યોગીરાજ પ્રત્યે વિનંતી કરી કે હે મુનિ ! કૃપા કરીને આઠ પ્રકારના કુંભક પ્રાણાયામનો ભેદ કહેશો— યોગેશ્વરે કહ્યુ કે હે રાજન્ !

## પ્રાણબંધ ( દસ મુદ્રા ) અભ્યાસ મુદ્રા,

જેમાં પૂરક રેચક અને કુંભકનો અભ્યાસ બંધપુર્વક કરવો પડે છે તેથી હું પ્રથમ પ્રાણબંધ ભેદનું વરણ કરૂ; કેટલાક યોગીયો આ પ્રાણબંધ અભ્યાસને દસ મુદ્રા નામથી કહે છે; તેમાં પાંચ પ્રાણ બંધ મુદ્રા, અને પાંચ અભ્યાસ મુદ્રા છે; તે પૈકી પાંચ પ્રાણ બંધ મુદ્રાનો ભેદ કહું છું.

## મુળબંધ મુદ્રા.

લીંગ સ્થાનના નીચે અને ગુદ દ્વારથી ચાર આંગળ ઉપર જે મધ્ય શિવની અર્થાત જેને યોનીસ્થાન કહે છે, તેને પગની એડીથી અંદર દબાવીને સરળ શરીરથી રહેવું; તે વખતે ગુદાના દ્વારથી જોર કરીને વાયુ અંતર્માર્ગને ખેંચી રાખવામાં આવે તેથી. પ્રાણ બંધ થશે, આ પ્રકારે પ્રાણ બંધ દૃઢ કરવો જોઇએ;

## ઉડ્ડીયાન બંધ-મુદ્રા.

નાભીના નીચે અને ઉપરના ભાગને બળથી પાછળના પીઠ

કરવા જે કોઈ મચી પડે છે તેઓ અનેક પ્રકારની વ્યાધીમાં ફસાએલા નજરે પડે છે; હવે પાંચ મુદ્રાઓ અભ્યાસની કહીછે તે તું સાંભળ.

## અભ્યાસ મુદ્રા.

### વજ્રોલી મુદ્રા.

ચાંદીની સાફ ધાતુની મંજુલ નળિકા ઇંદ્રિના છિદ્રમાં જાઇશ તેવી પાતળી બાર આંગળ લાંબી હોય તેને નિત્ય પ્રતિ એક એક આંગળ ઇંદ્રીના છિદ્રમાં ચઢાવવાનો અભ્યાસ રાખવો જોઇએ—જ્યારે દસ આંગળ લાંબી નળિકા ઇંદ્રીના છિદ્રમાં ચઢી જાય, ત્યારે ઇંદ્રી દ્વારે જળ ખેંચવાનો તથા જળ કાઢવાનો અભ્યાસ કરવો જોઇએ. આથી કરીને વિર્ય ખેંચી લેવાનો, તથા શારીરિક પુષ્ટી માટે ઇંદ્રિયના છિદ્ર દ્વારાએ પ્રવાહી ઔષધ ચઢાવવાની જરૂર પડે તો તે આ મુદ્રાએ સેહેલ છે. આ મુદ્રાથી શરીરમા બળ વધે છે;

## શક્તિચાલન મુદ્રા,

ઉડ્ડયાન બંધની માફક ઘણા બળ સાથે અંદરથી વાયુ બાહેર લાવવામાં આવે છે, તે વાયુને બન્ને નાશિકાને બંધ કરીને મધ્યનાડી સુષુમણામાં ભરવામાં આવે; અને મુળાધાર ચક્રથી લઇને સુષુમણા પર્યંત નાડીમાં ધ્યાન સ્થિર રાખવામાં આવે, તે વખતે સુઈ રહેલી કુંડલીની શક્તિ જાગ્રત થશે; અને મુળાધાર ચક્રથી સુષુમણા પર્યંત સરળ થઇ જશે; ત્યારે શરીરની સર્વ નાડીયો જાગી ઉઠશે—એથી શરીરમાં સુખ થાય છે; તેથી ચિત્તની શાન્તી પણ થાય છે;

## માહાવેધ મુદ્રા,

મુળ બંધની માફક આસન ઉપર સ્થિર રહેવું; એકાગ્ર ચિત્ત થઇને પ્રાણનો પૂરક કરે અને જાળંધર બંધની માફક કુંભક કરે તે વખતે બન્નો હાથ પૃથ્વિ ઉપર રાખીને જાળંધર બંધના બળથી ઉપરથી ઉઠે ત્યારે ધીરે ધીરે નાશિકા દ્વારે રેચક કરતા જવું. આ પ્રકારે મુદ્રાનો અભ્યાસ કરવો;

## વિપરિત મુદ્રા,

બન્નો હાથ કટિ (કમર) ઉપર ધારણ કરીને પૃથ્વિ ઉપર માથું

ત્યારેજ તે પુરૂષ સમાધિને અધીકારી ગણાય છે; માટે આ પ્ર
અભ્યાસ કરવાની જરૂર છે;

## અષ્ટ પ્રકારના કુંભક અને પ્રાણાયામ.

હવે આઠ પ્રકારના કુંભક અને પ્રાણાયામનો ભેદ સાંભળ, અ
શરીરમાં પ્રાણાયામ કરવાને માટે નાસિકા, હૃદય, કંઠ, મુખ,
જીવ્હાનું મધ્યસ્થાન, ઓષ્ટ, અને તાળુ મળીને અષ્ટ ભેદ કુંભક
પ્રાણાયામનો ભેદ છે; તે એવી રીતે કે-૧ સૂર્ય-૨ ઉજ્જાઇ-૩ સિત્કારી
૪ શીતળી-૫ ભસ્ત્રિકા-૬ ભ્રમરી-૭ મુર્છા-૮ પ્લાવિની એ પ્રકારે
આઠ વિષયના ભિન્ન ભિન્ન ભેદ છે;

## સૂર્ય.

મુળબંધ માફક આસન ઉપર સ્થિર રહિને જમણી નાસિકા
પિંગળા દ્વારે પુરક કરવામાં આવે, અર્થાત જમણી નાસિકાથી બાહેરનો
વાયુ અંદર ખેંચવામાં આવે તેને પુરક કહે છે; પુરક કર્યા પછી
અંતમાં જાલંધર બંધ માફક મસ્તકમાં કુંભક કરવામાં આવે-અને
કુંભકના અંતમાં ઉડ્યાન બંધ માફક ડાબી નાસિકા ઇડા દ્વારાએ
રેચક કરવામાં આવે એ રીતે આઠે પ્રકારના કુંભક પ્રાણાયામમાં
પુરકથી પેહેલાં મુળબંધ, અને કુંભકથી પેહેલે જાલંધર બંધ, અને
રેચકમાં પેહેલાં ઉડ્યાન બંધ માફક પ્રાણાયામ અભ્યાસ આવે;-આ
સૂર્ય કુંભક પ્રાણાયામથી ઇડા અને પિંગળા દ્વારાએ અભ્યાસ કરવામાં
કરવો; આમાં સ્પષ્ટ કરણ સાથે તને સમજાવું છું કે આપણા નાકને બે
નસકોરાં છે તેમાના જમણા નસકોરાને પિંગળા (સૂર્ય) કહે છે અને
ડાબી બાજુના નાકના ધીરને ઇડા કહે છે એ બન્નેમાંથી અનુક્રમે સુર્ય
અને ચંદ્ર પ્રાણ ( પવન ) વહે છે, બાહેરના વાયુને પ્રથમ જમણા
નસકોરાથી ધીરે ધીરે જેટલું બળ હોય તેટલા બળથી વાયુને
ખેંચીને તેને યથાશક્તિ પ્રમાણે શરીરમાં રાખવો અર્થાત કુંભક
કરવો, પછી ઇડા વાટે એટલે ડાબા નસકોરેથી ધીરે ધીરે રેચન
( બાહેર કાહડવો ) કરવો, એને સૂર્ય ભેદન કહે છે-આ પ્રાણાયામ
વારંવાર કરવા યોગ્ય છે આમ કરવાથી મરતાની વૃદ્ધિ થાય છે કૃમિ

બંધ રાખવું; જેવી રીતે લુહાર ધમણ ચલાવે છે તેવી રીતે વ
અંદર લેવો અને બાહેર કાઢવો. તેને ભસ્ત્રિકા કુંભક કહે છે, તે
રીતે કે છાતી. કંઠ અને કપાળ સુધી ડાબા નાકથી વાયુ ભ
તુરતજ જમણા નસકોરામાંથી રેચક કરીને, ફરી પાછું ડા
નસકોરામાંથી પુરક કરીને તુરતજ જમણા નસકોરાથી રેચક કરે
એમ વારંવાર જલદી જલદી રેચક પુરક કરતાં કરતાં જ્યારે થ
લાગે ત્યારે જમણા નાકમાથી પુરક કરીને યથા શક્તીએ કુંભ
કરવો, પછી ડાબા નસકોરાથી રેચક કરવો.–પછી બંધ કરવું; આ
ક્રિયાને ભસ્ત્રિકા કુંભક કહે છે; આ અભ્યાસથી ત્રિદોશ નાશ પામેછે,

## ભ્રામરી કુંભક.

જેવી રીતે ભમરો ગુંજારવ કરે છે તેવી રીતે ડાબી નાશિકાથી તાલુવાના બળથી બાહેરના વાયુને અંદર ખેંચી લેવો. પછી શકતી પુર્વક કુંભક કરીને જે પ્રમાણે ભમરો ગુંજારવ કરે છે તે પ્રમાણે ગણ ગણાટ થાય તેવી રીતથી જમણા નાકમાથી ધીમે ધીમે વાયુને બાહેર કાઢી નાખવો–આમ કરવાથી ભ્રામરી કુંભક થાય છે; આ કુંભકથી ચિત્તવૃત્તિ સ્થિર થાય છે;

## મુર્છા કુંભક.

તાળુ, હૃદય, કંઠના બળથી પ્રથમ જમણા નાકથી પુરક કરી પછી ચાળ ધર બંધ મારેક કંઠમાં બંધ કરીને, પછી યથાશક્તિએ કુંભક કરીને તે પ્રાણ વાયુને આસ્તે આસ્તે રેચક કરવાથી મુર્છા કુંભક થશે, આ કુંભકથી મન મુર્છા પામે છે; સાત્વિકની પ્રાપ્તી થાય છે;

## પ્લાવિની કુંભક.

પદ્માસન વાળી પુર્ણ પેટ ભરાય એવી રીતે બાહેરના વાયુને નાકથી ખેંચી લેવો, આ વખતે છાતીને બહાર કાઢી માથા ભણી બન્ને હાથ લાંબા કરીને બન્ને હાથના અંગુઠાના એક બીજા સાથે વળગાડીને બેસવું, પેટમાં વાયુ ભરવાથી શરીર દ્રઢ થાય છે, હલકું થાય છે, જેમ જળમાં કમળ તરે છે તેમ આ કુંભકથી યોગી લોકો

સૂક્ષ્મ યુક્તિયો પુસ્તકમાં લખાયેલી જોવામાં આવતી નથી,--માત્ર જેઓ અદ્વૈતવાદી યોગનિપુણ પુરૂષો છે તેઓજ બતાવી શકે છે;

## સમાધી કળા. ( ૩ )

## પ્રત્યાહાર. ( ૪ )

ઉપર કહ્યા પ્રમાણે આસન અને પ્રાણાયામના અભ્યાસથી ધારણા કરવાને યોગ્ય ચિત્ત થાય છે; વૈરાગ્ય થાય છે; અને સર્વે ઈન્દ્રીયોને કાબુમમાં રાખે છે ત્યારે તેને પ્રત્યાહાર કહે છે--જ્યારે વિચારદ્વારાએ આ નાનારૂપ સંસારમાં, શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ, માત્ર નિશ્ચય કરીને પાંચ જ્ઞાનેંદ્રીયોમાં લય કરે, વળી તે પાંચ જ્ઞાન ઈંદ્રીયોને મન વિષે લય કરવામાં આવે, ત્રીજુ એ છે કે મનને જ્ઞાન અંશ વિષે લય કરવામાં આવે, ચોથું એ જ્ઞાન અંશને શુદ્ધ સાક્ષી સ્વરૂપ વિષે લય કરવામાં આવે, અર્થાત આ નાનારૂપ સંસારનું તથા પાંચ તત્વ અને ત્રણ ગુણોનું પોતાના એક શરીર વિષે પ્રત્યાહાર કરવામાં આવે, ત્યારે સ્થુળ વૈરાટ સ્વરૂપ સીદ્ધ થશે; પછી તે જ્ઞાન અંશને શુદ્ધ ચિન્હ માત્ર સાક્ષી સ્વરૂપમાં પ્રત્યાહાર કરવામાં આવે ત્યારે મહાકારણ ત્રિગુણાતિત ચેતન પુરૂષ સીદ્ધ થશે, ત્યારેજ નિર્વિકલ્પ સમાધી પ્રાપ્ત થશે; એમ ચારે પ્રકારનો પ્રત્યાહાર છે; તેમજ ચાર પ્રકારનું શરીર છે; તેમજ ચાર પ્રકારનું આકાશ છે; વળી નિર્વિકલ્પ સમાધીમાં ચાર પ્રકારની સ્થિતિ છે; તેનો ભેદ આગળ કહેવામાં આવશે; આ પ્રત્યાહારનો નિયમ, નાના પ્રકારના અભ્યાસનો છે, તે જ્યારે અભ્યાસની દ્રઢતાથી વૃત્તિ એકાગ્ર રહે છે તથા વિચારનું સ્વરૂપ દૃઢ થાય છે ત્યારે, તે વિચાર દ્વારાએ પ્રત્યાહાર સિદ્ધ થશે; તે સહેજે અભ્યાસ, તથા પ્રત્યાહાર, ધારણા, ધ્યાન, સમાધી, એ નિર્વિકલ્પ પદની પ્રાપ્તી કરે છે;

જ્યારે નિર્વિકલ્પ પદની પ્રાપ્તી થઈ ત્યારે પૂર્ણ અદ્વૈત પદ દેખ રેહે--ત્યાગ ગ્રહણ. અને અભ્યાસ તથા સમાધીમાં કોઈ પણ ભેદ રહે નહી, એવો નિર્વિકલ્પ પદ જેને પ્રાપ્ત થાય છે, તે સુખને તેજ જાણે છે, તે સુખ મન વાણી વડે કરીને કહિ શકાતું નથી; કેમકે જે વસ્તુ છે તેનું સુખ અને તેનો વિષય મન વાણી વડે કહીને

હૃદયમાં જોવી; તેમ ચંદ્રમાની સ્થિતિ નાસિકાના અગ્ર ભાગમાં જોવી

## ત્રીજો અભ્યાસ.

એવો છે કે- બાહેરના અપાન વાયુને અંદરના પ્રાણ વાયુમાં સ્થિત કરીને પ્રકાશનું ધ્યાન રાખવું; અને અંદરના પ્રાણ વાયુને બાહેરના આકાશ ( અપાન ) વાયુમાં અંધારાના સ્વરૂપનું ધ્યાન રાખવામાં આવે;

## ચોથો અભ્યાસ.

એવો છે કે,-બાહેરથી જ્યારે અપાન વાયુ અંતર માર્ગમાં ખેંચવામાં આવે, ત્યારે નાસિકાના અગ્રભાગમાં અપાનની ઉત્પતી અને પ્રાણનો લય જોવો, અને જ્યારે હૃદય આકાશથી વાયુ ખેંચીને બાહેર કાઢવામાં આવે ત્યારે હૃદય આકાશમાં પ્રાણની ઉત્પતિ અને અપાનના લયને જોયો જોઇએ;

## પાંચમો અભ્યાસ.

નાસિકાના અગ્રભાગમાં સૂર્યના ગોળ સ્વરૂપમાં દ્રષ્ટી રાખવી જોઇએ, અને ભ્રુકુટિના મધ્યમાં ચંદ્રમાના ગોળ સ્વરૂપમાં દ્રષ્ટી દૃઢ રાખવી જોઇએ;

## છઠ્ઠો અભ્યાસ.

એવો છે કે-શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ એ પાંચેના સ્વરૂપમાં સૂક્ષ્મ ભેદનો વિચાર કર્યા કરવો;

## સાતમો અભ્યાસ.

મુખ અને નેત્ર બંધ કરીને તથા નાસિકા અને કર્ણ બંધ કરીને, નેત્રના અંદરની પુતળીઓ ઉપર ચઢાવીને, તે સાથે એકાગ્રચિત્ત કરીને દશમા દ્વારમાં દશ શબ્દો અતિ સૂક્ષ્મ અને મધુર છે તે શબ્દ સાંભળવા જોઇએ, જ્યારે તે દશ શબ્દોનો અનુભવ થાય છે, ત્યારે તે દશ શબ્દોના સ્વરૂપમાં મન લય પામે છે; તે દશ શબ્દો સાંભળવાનો અભ્યાસ દૃઢ થવાથી એકાગ્રવૃત્તિ થઇ જાય છે, હે રાજન્! સિંહ રૂપી મનને વશ કરવાને માટે એ બે પ્રકાર અભ્યાસના મેં તને કહ્યા તેજ અભ્યાસ છે, જેમ અવસ્થામાં જ્યારે સ્વરૂપને જાણવાની દૃઢ ઇચ્છા

થાય છે ત્યારે આ મન રૂપી સિંહને રોકીને પોતાના સ્વરૂપને જાણી લેવામાં આવેછે; પોતાનું જે નિર્વિકલ્પ સ્વરૂપ છે, તે પ્રાપ્ત થાય છે ત્યારે તે શક્તિમાત્ર આનંદ સ્વરૂપનેજ ભાસે છે; દ્વૈતરૂપ મને કરીને ભલે જ્ઞાની પુરૂષ હોય તોપણ તે પોતાના સ્થુળનેજ જોઇ શકે છે; માટે મનના નિર્વિકલ્પ વિષે શક્તિ અંશમાં પ્રત્યાહાર કરવો જોઇએ,

## ધારણા.

કોઇ પણ સ્વરૂપને મનવડે કરીને ધારવામાં આવે તેને ધારણ કહેછે; તે ધારણા, ધ્યાન, સમાધી એ ત્રણે અંગનો સંયમ તેનેસમાધી કહે છે; જ્યાં ધારણા છે ત્યાં ધ્યાન અને સમાધી સ્થિત છે, તે ધારણા ચાર પ્રકારના આકારમાં, ચાર પ્રકારની છે તેનો ભેદ કહુંછું તે સાંભળ.

## ધારણાનો પ્રથમ પ્રકાર,

પાંચતત્વની ધારણા એવા પ્રકારની છે કે, પગથી લઇને સાથળ પર્યંત પૃથ્વીતત્વની ધારણા કરવી જોઇએ-સાથળથી લઇને સ્વાદચક્રથી લઇને હૃદય આકાશમાં અનાહત ચક્ર સુધી તેજ તત્વની ધારણા કરવી જોઇએ, અનાહત ચક્રથી લઇને ભ્રકુટિના મધ્ય ભાગમાં આજ્ઞાચક્ર પર્યંતવાયુ તત્વની ધારણા કરવી. ભ્રકુટિના મધ્યથી લઇને દસમા દ્વાર પર્યંત આકાશ તત્વની ધારણા કરવી અર્થાત્ પૃથ્વિ તત્વના સ્થાનમાં ભારી પણાની ધારણા કરવી, તેજ તત્વના સ્થાનમાં ઉષ્ણની ભાવના કરવી, વાયુતત્વના સ્થાનમાં ઉત્પતીના સ્વરૂપની ભાવના કરવી, આકાશતત્વના સ્થાનમાં લયની ભાવના કરવી, આ પ્રકારે પાંચ તત્વની ધારણા કરવી જોઇએ; પછી એક એક તત્વમાં સત, રજ, તમ, એ ત્રણે ગુણના સ્વરૂપની ધારણા કરવી, ત્યારે પંચતત્વ અને ત્રણ ગુણની ધારણામાં નાના રૂપ સંસારની ધારણા કરવી જોઇએ. આ પ્રમાણે નિત્ય પ્રતિ પાંચ ઘટિકા પર્યંત અગર જેટલું થઇ શકે એટલું એકાગ્ર ચીત્તથી અભ્યાસ કરવો, આ પ્રમાણે અભ્યાસ કરતાં જ્યારે ધારણા દ્રઢ થાય ત્યારે સ્થુળ વૈરાટ સ્વરૂપની ધારણા સિદ્ધ થશે; જ્યારે તે સિદ્ધ થશે ત્યારે નાના પ્રકારની સિદ્ધિયોનું સ્વરૂપ સ્ફુરશે; અને પોતાના વૈરાટ સ્વરૂપમાં પ્રવેશ થવાને શક્તિ પ્રગટ થશે;

જોઈએ; રંગનું કે કેવળ અધારાનું કે પ્રાણ અપાનનું તથા પ્રાણ અપાનમાં મહા વાયુનું ધ્યાન કરવું. તથા છ ચક્રોમાં છ દેવતાઓનું સ્થુળ શરીરની કલ્પના કરીને ધ્યાન કરવું જોઈએ; એ પ્રકારે ધ્યાનનો અભ્યાસ દ્રઢ થવાથી વૈરાટ સ્વરૂપનો અભિમાન પ્રાપ્ત થશે; હે રાજન્! સ્થુળ સ્વરૂપના ધ્યાનને પદસ્થ કહે છે;

## પિંડસ્થ ધ્યાન

સ્થુળ વૈરાટ સ્વરૂપને સંકલ્પના સ્વરૂપમાં લય કરીને, સંકલ્પના સુક્ષ્મ સ્પંદ માત્રનું ધ્યાન કરવામાં આવે અર્થાત સ્થુળ વૈરાટને સ્પંદ માત્ર માનવામાં આવે, તથા સંકલ્પની ઉત્પત્તિના સ્વરૂપનું તથા તેના લયના સ્વરૂપનું ધ્યાન ધરે, તથા સુક્ષ્મ સુખ દુઃખ, ક્ષુધા, તૃષા, ના સ્વરૂપનું ધ્યાન કરે; પ્રાણ અપાનની ઉત્પત્તિ તથા તેના લયના સ્વરૂપનું તથા પાંચ જ્ઞાનેન્દ્રિયમાં સુક્ષ્મતાના સ્વરૂપનું તથા કર્મના સુક્ષ્મ સ્વરૂપનું ધ્યાન કરે; એ પ્રકારે ધ્યાન કરવાથી સુક્ષ્મ શરીરનું ધ્યાન દ્રઢ થશે; અને ત્યારેજ સુક્ષ્મ શરીર જોવાને સામર્થ્ય થશે;

## રૂપસ્થ ધ્યાન.

ઇંદ્રિયોમાં જે જ્ઞાન અંશ છે તેના સ્વરૂપનું, તથા સુખ દુઃખાદિક જ્ઞાન અંશ સ્વરૂપનું, તથા ક્ષુધાતૃષાના જ્ઞાન અંશ સ્વરૂપનું, તથા વિચાર સ્વરૂપના જ્ઞાન અંશના સ્વરૂપનું, તથા કર્મમાં અને ભોગમાં જે જ્ઞાન અંશ છે તે અંશ સ્વરૂપનું ધ્યાન કરવું, અર્થાત આ શરીરમાં જે જ્ઞાન અંશનું સ્વરૂપ રહેલું છે, જે કે સર્વ વ્યવહારનું કારણ રૂપ રહેલું છે તેનું ધ્યાન કરવામાં આવવું જોઈએ; એ પ્રકારે તે જ્ઞાન અંશનું સ્વરૂપ દ્રઢ થાય, ત્યારે આ મિથ્યા શરીરમાં આસક્ત નહિ રહે, અર્થાત આ મિથ્યા શરીર પ્રત્યે નિર્ભાવના રહેશે;

## ચોથું રૂપાતીત ધ્યાન.

જ્ઞાન ઇંદ્રિયોના સ્વરૂપમાં જે જ્ઞાતા, જ્ઞાન, અને જ્ઞેયના સ્વરૂપને ભિન્ન ભિન્ન કરીને [illegible] સાક્ષી ચેતન સ્વરૂપછે, તેનું ધ્યાન કરવુ જોઈએ;-તેમજ કર્મ ઇંદ્રિયોમાં કર્તા, કર્મ અને ક્રિયાને ભિન્ન ભિન્ન સ્વરૂપમાં જાણવા વાળો સાક્ષી ચેતન સ્વરૂપ છે તેનું ધ્યાન કરવું

ચાથી તેજ તત્વની સમાધી થાય છે-વાયુ તત્વની ધારણા અને વાયુના સ્વરૂપનું ધ્યાન જે સંબધમાં છે તેમાં મનનો લય થવાથી. તત્વની સમાધી થાય છે,-આકાશ તત્વની ધારણા અને આકાશના સ્વરૂપનું ધ્યાન એ બેનો જે પરસ્પર સંબધ છે, તે સુક્ષ્મ ધમાં મનનો લય કરવાથી આકાશ તત્વની સમાધી થાય છે; હે ૧! એ પ્રકારે પાંચ તત્વની સમાધી છે;

સૂર્યની ધારણા અને સુર્યના સ્વરૂપમાં ધ્યાન ધરવાથી. મનનો લય કરવામાં આવે તો સૂર્ય સમાધી થાય છે;- એજ પ્રકારે ચંદ્રમા અને તારા ગણ આદિકમાં સમાધિ થાય છે; એ પ્રકારે જે સ્વરૂપની ધારણા અને ધ્યાનના સંબધમાં મનનો લય થાય ત્યારે તે સ્વરૂપમાં સમાધિનું સ્વરૂપ સિદ્ધ થાય છે; એ પ્રકારે ધારણા અને ધ્યાન તથા મનનો લય, અભ્યાસ દ્દઢ હોય છે ત્યારે સમાધિનું સ્વરૂપ દ્દઢ થાય છે, એ પ્રકારે પોતાના વૈરાટ સ્વરૂપની ધારણા, અને વૈરાટ સ્વરૂપનું ધ્યાન દ્દઢ થાય, થઈ તે ધારણા અને ધ્યાનના સુક્ષ્મ સંબધમાં જ્યારે મનના લયનો અભ્યાસ દ્દઢ થાય જાય ત્યારે વૈરાટ સ્વરૂપની સમાધી સિદ્ધ થાય છે, ત્યારેજ તે સ્થુળ ધારણા દ્વારએ વૈરાટ સ્વરૂપ વિચરવાને સામર્થ્ય થાય છે.

## મનોજય બીજો પ્રકાર.

જ્યારે સુક્ષ્મ જ્ઞાનેંદ્રિયોના સ્વરૂપની ધારણા અને ધ્યાનના સંબધમાં મનનો લય કરવામાં આવે ત્યારે તે જ્ઞાન ઇંદ્રિયોમાં સમાધિ થશે-જ્યારે ઉત્પત્તિ અને લયના સ્વરૂપની ધારણા અને ધ્યાનના સંબધમાં મનનો લય થાય ત્યારે ઉત્પત્તિ અને લયના સ્વરૂપમાં સમાધી થશે;-જ્યારે સંકલ્પના સ્વરૂપની ધારણા અને ધ્યાનના સંબધમાં મનોલય કરવામાં આવે ત્યારે સંકલ્પમાંજ સમાધી થશે, એજ પ્રમાણે વિચારના સ્વરૂપની ધારણામાં વિચારના સ્વરૂપમા સમાધી થશે;-એજ પ્રકારે સુક્ષ્મ સ્વરૂપની ધારણા અને ધ્યાનના સંબધમાં મનનો લય કરવાનો અભ્યાસ દ્દઢ થઈ જાય, ત્યારે સુક્ષ્મ શરીર જોકે સ્વપ્ન અવસ્થામાં દુર દેશોમાં વ્યવહાર કરનો કરનારો છે તે

મનના લયનો અભ્યાસ દ્રઢ થાય ત્યારે તે પુરૂષ જીવન મુક્ત પદને પ્રાપ્ત થએ, હે રાજન્! તે ધારણા, ધ્યાન, તથા સમાધીનો જે સંયમ છે તેજ સમાધી છે એ સમાધી સવિકલ્પ, અને નિર્વિકલ્પ એમ બે પ્રકારની છે; પ્રથમ હું તને સવિકલ્પ સમાધીનો ભેદ કહુછું તે સાંભળ

## સવિકલ્પ સમાધી.

શુદ્ધ ચિન્દ્દમાત્ર સાક્ષિ સ્વરૂપમાં શુદ્ધ જ્ઞાન જ્યારે સ્ફુરે છે, ત્યારે તે શુદ્ધ જ્ઞાન સુક્ષ્મ અને સ્થુળ ભાવને પ્રાપ્ત થાય છે. તેથી શુદ્ધ ચિન્દ્દમાત્ર ચાર પ્રકારના આકાશ કહેવામાં આવે છે; તે ચાર પ્રકારના આકાશમાં ચાર પ્રકારનાં શરીર કહ્યાં છે—એમ કે સ્થુળાકાશ, સુક્ષ્માકાશ કારણાકાશ, અને મહાકાશ કહેવામાં આવે છે; તેમાં જે સ્થુળાકાશ છે તેને ભુતાકાશ પણ કહે છે તેમા સ્થુળ પાંચ તત્વનું શરીર પાંચ ભુતાત્મક નામે કરીને કહેવાયું છે,– જે સુક્ષ્માકાશ છે તેમાં સુક્ષ્મ દેવતાઓનાં શરીર છે; તેથી તેને ચિત્તાકાશ પણ કહે છે;–કારણાકાશ જે કહેવામાં આવે છે તેમાં જ્ઞાન માત્ર માયાનું શરીર છે તેને ચિદાકાશ પણ કહે છે; તેમને માહાકાશ છે તેમાં ચેતન શરીર છે;–એમ ચાર પ્રકારનાં આકાશ અને ચાર પ્રકારનાં શરીર છે,—સાક્ષી શુદ્ધ ચેતન શરીરમાં મહદાકાશ છે,– ત્રણ પ્રકારનાં આકાશ અને ત્રણ પ્રકારનાં શરિર એ સ્પંદ માત્ર છે; એવા શુદ્ધ ચેતન સ્વરૂપમાં સ્થિત થઈને સ્પંદતાને ધારણ કરે તેનું નામ સવિકલ્પ સમાધિ ચાર પ્રકારના આકાશમાં વિતર્કાનુંગત, વિચારાનુગત, આનંદાનુંગત, અને અસ્મિતાનુગત એમ ચાર પ્રકારની છે, તે સવિકલ્પ સમાધિમાં મનની ચાર અવસ્થા કહેલી છે;—વિતર્કાનુગત સમાધિમાં મનની વિતર્ક અવસ્થા થાય છે; વિચારાનુંગત સમાધિમાં મનની અવસ્થા વિચાર રૂપે કરીને થાય છે; આનંદાનુંગતમાં મનની અવસ્થા આનંદ માત્રને અનુભવે છે; અને અસ્મિતાનુંગત સમાધિમાં મનનો લય થાય છે; એટલે મનનો લય થવાથી ચેતન અવસ્થા થાય છે હવે તે સવિકલ્પ સમાધિનો ભેદ કહુછું તે તું સાંભળ—

ભવિષ્ય અને વર્તમાનને વિચારાનુગત સમાધી કરીને, જોવામાં આવે છે;—એજ પ્રકારે સંકલ્પની ઉત્પત્તિ અને લયના સ્વરૂપમાં વિચાર સંસ્કાર અનુસારે નાના પ્રકારનો સુક્ષ્મ વ્યવહાર સિદ્ધ થાય છે,

## આનંદાનુંગત સમાધિ,

શુદ્ધ ચેતન સ્વરૂપમાં રહિને આનંદના સ્વરૂપને ધારણ કરે, તે આનંદના સ્વરૂપમાં વિચાર સંકલ્પ અનુસાર યોગીજનો દુઃખ રૂપ સ્થાન જે કે અગ્નિ અને પર્વતાદિક છે તેમાં પણ સુખે કરિને વિચરેછે;

## અસ્મિતાનુંગત સમાધિ.

પોતાના ચેતન સાક્ષી સ્વરૂપમાં સ્પંદ ભાવમાં, નિસ્પંદ ભાવને જોઈ લેવામાં આવે ત્યારે મનની ચેતન અવસ્થા થશે; અર્થાત જ્યારે સ્પંદભાવ રહિત મન થાય, અને નિષ્પંદ ભાવને પામે, ત્યારે મનની અચળ અવસ્થા થશે; ત્યારે તે મન લય સંજ્ઞાને પ્રાપ્ત થશે.— જ્યારે મનની લય સંજ્ઞા થાય ત્યારે નિર્વિકલ્પ સમાધી પ્રાપ્ત થશે;

હે રાજન્ ! એ પ્રકારે સવિકલ્પ સમાધિના ચાર પ્રકાર છે હવે નિર્વિકલ્પ સમાધીનો વને ભેદ કહું તે સાંભળ—

## નિર્વિકલ્પ સમાધિ.

ઉપર કહેલી ચાર પ્રકારની સવિકલ્પ સમાધિને શુદ્ધ ચિન્હ માત્ર સાક્ષી સ્વરૂપમાં લય કરવામાં આવે અર્થાત સર્વ સંસારને ત્રણ આકાશમાં લય કરવામાં આવે; પછિ તે ત્રણ આકાશને શુદ્ધ ચિન્હ માત્ર સ્વરૂપમાં લય કરવામાં આવે; પછિ તે શુદ્ધ ચિન્હ માત્રને પુર્ણ અદ્વૈત પદમાં લય કરવામાં આવે ત્યારે પુર્ણ અદ્વૈત સ્વયં પ્રકાશ સ્વરૂપજ શેષ રહેશે; તે પદ ચાર સ્વરૂપે કરીને પોતે પોતાનામાંજ સ્થિત છે;—ચિત-આનંદ, અને સ્વયં પ્રકાશ અને પૂર્ણતા એ રીતે ચાર પ્રકારની પુર્ણ સમાધિનું નામ નિર્વિકલ્પ પદ છે, તેમાં દ્વૈત પણ નથી, તેમાં અદ્વૈત પણ નથી તેમ અદ્વૈતનો ભાન નથી, તેમ નથી જ્ઞાન કે નથી અજ્ઞાન; નથી અંધારૂં કે નથીપ્રકાશ, નથી સત્ય કે નથી અસત્ય; તે તો સર્વ શબ્દથી રહિત નિર્વિકલ્પ પદ છે; ત્યાં મન અને વાણીને પણ ગમ્ય નથી; તે પુર્ણ અચળ અને આનંદજ સ્વયંપ્રકાશ રૂપે કરીને રહે

આથી પુર્વ કુંડલિની શક્તિને સુષુમણામાં પ્રવેશ થાય; તે સમયે વૃત્તિની સુક્ષ્મતાને અંતર્મુખ જોવું. એ પ્રકારે દૃઢ અભ્યાસ થવાથી તે શબ્દ અનુભવ થશે, ત્યારે તે નિર્વિકલ્પ સમાધિનો અધિકારી થશે—

હે રાજન્! વૈરાગ્ય અને અભ્યાસ એ નિર્વિકલ્પ સમાધીનાં મુખ્ય બે સાધન છે;—જગત અને જગતના સુખને મિથ્યા જાણવું, એને વૈરાગ્ય કહે છે, વૈરાગ્યથી ઉદાસ ચિત્તવાળા થઈને સત્ સ્વરૂપની ઈચ્છામાં દૃઢ નિશ્ચય રહેવું; વેદાંત શાસ્ત્રના વિચારમાં અને યોગાભ્યાસમાં તત્પર રહેવું તેને અભ્યાસ કહે છે; એ પ્રકારે નિર્વિકલ્પ સમાધીનાં બે સાધન છે, એ નિર્વિકલ્પ સમાધિની પ્રાપ્તી માટે અદ્વૈત પદના નિશ્ચયમાં રહીને યોગનો અભ્યાસ કરવો જોઈએ; યોગ અભ્યાસ દૃઢ થવાથી અદ્વૈત પદનો નિશ્ચય દૃઢ થઈ જાયે; તે અદ્વૈત પદનું નિશ્ચય થવું તેને નિર્વિકલ્પ સમાધિ કહે છે; હે રાજન્! આ પ્રમાણે યોગાભ્યાસ કરવાથી બળ, બુદ્ધિ, પરાક્રમ, અને કાંન્તી વધે છે, તેમજ આયુષ્યનો વધારો થતાં ચિત્ત નિરોધ થાય છે; આ જગત કેવળ વૃત્તિમાત્ર છે એવો નિશ્ચય થતાં બ્રહ્મ સત્ય અને જગત્ મિથ્યા એમ સમજાઈ આવે છે, તેમજ આત્માનંદમાં મગ્ન રહીને પોતાના જન્મને સફળ કરે છે; હે રાજન્! આ યોગાભ્યાસના ભેદને નિરંતર મનન કરો, હવે હું નિત્ય કર્મ કરવામાં રોકાઉં છું—

આ પ્રમાણે કહીને યોગીરાજે પોતાની પર્ણકુટિમાં પ્રવેશ કર્યો, અને અનુક્રમે પોતાના સાક્ષીવર્ગ સાથે, પોતાના વિશ્રામમાં ચાલ્યો ગયો.



અર્થ.

વિશ્વામિત્ર, પરાશર, પ્રભૃતિ ઋષિઓ, કે જેઓ વાયુ, જળ અને સુકાપત્રનું ભક્ષણ કરીને નિર્વાહ કરતા હતા, તેઓ પણ સ્ત્રીનાં સુલલિત સુખ કમળ જોઇને મોહ પામેલા છે. ત્યારે જે માણસો ઘી, દુધ, દહીં અને અન્ન ખાય છે, તેઓની ઇન્દ્રિયોને નિગ્રહ થાય તો વિધ્યાચળ પર્વતને સાગર તરવા જેવું થાય, અર્થાત વિંધ્ય પર્વતને સમુદ્ર તરવો જેટલું કઠિન છે, તેમ મનુષ્યોએ ઇંદ્રિયનો નિગ્રહ કરવો એ પણ દુર્ઘટ છે;

---

નિત્ય નિયમ પ્રમાણે ભાનુપ્રતાપ રાજા, મહાત્મા યોગીશ્વર મહારાજની સન્મુખ શ્રદ્ધા પૂર્વક બેઠો, યોગીરાજના ચરણ કમળમાં મસ્તક નમાવીને વિનંતી કરવા લાગ્યો કે હે માહારાજ ! આપે મારા ઉપર કૃપા કરીને યોગાભ્યાસનું જ્ઞાન આપ્યું; તેથી મને પરિપૂર્ણ આનંદ થયો છે; હે માહારાજ ! આપ સમર્થ છો, તેથી હું આપને શું પ્રશ્ન કરી શકવાનો હતો ! આપ મહાત્મા છો, તેથી મારા હિતને માટે જે જે પ્રકારનો યોગ્ય બોધ હોય તે કૃપા કરીને મને દેશો;

યોગીરાજે કહ્યું કે હે રાજન્ ! આ સ્થુળમાં છ પ્રકારના જે વિકાર છે, તે વિકારનું સ્વરૂપ તાહારે જાણવું જ જોઇએ, માટે એ વિષે એક રસમય વારતારૂપે તે વિકારનું ચિત્ર તારા હૃદયમાં ચિતરૂં તો તને તેથી મોટો લાભ થશે; માટે હે રાજા. હવે હું કામદેવનું ચિત્ર ચીતરૂંછું તે તું અવલોકન કર, અને વાત સાંભળ—

## કામ દર્શન.

### વિદ્વાન દુરાચારીની વાત.

#### ગુપ્ત અવાસમાં પ્રવેસ કરનાર મુસાફર.

સૂર્ય માથા ઉપર આવી ગયો હતો, જેમ અગ્નિની જ્વાળા લાગવાથી શરીર તપે છે, તેમ પ્રખર ગ્રિષ્મ ઋતુનો તાપ પડતો હતો, તેથી પરસેવાથી શરીરનાં કપડાં લદબદ થઇ ગયાં હતાં; આ પ્રકારનું દુઃખ સહન કરતો, ઘાટા જંગલમાં પ્રવેશ કરતો, એક સ્વાર અનેક પ્રકારના વિચારમાં લીન થએલો, રસ્તો કાપતો હતો; પોતાનો ચિર-

[illegible] કર્યા કરતો હતો;
[illegible] તેમાં ખરેખરા પ્રેમના
[illegible] એવા એક બોદી
[illegible] કે જેનું અંત કરવું કેવળ
[illegible] કદર કરવા વાજું છે.
[illegible] સુધાનુ
[illegible] આનંદમાં મસ્ત
[illegible] પરિશ્રમ પામેલો
[illegible] ઉપર મજબુત લોહ કવચ
[illegible] પેહેરી લીધેલ હતો;
[illegible] મલમલના અતિ
[illegible] જેવી હતી
[illegible] મુસાફર ભયંકર
[illegible] નગર
[illegible] એક ઘડિકા
[illegible] થઇ ગએલો
[illegible] જંગલમાં, કે
[illegible]
[illegible] મુસાફર
[illegible] થડમાં
[illegible]
[illegible]
[illegible] સુધી
[illegible] મુસાફરની
[illegible]

વિતર્ક સિંહના રાજકોષમાંથી દ્રવ્ય ખરચાઈને પુરૂં કર્યું છે;" આ શબ્દ વાંચીને આશ્ચર્ય પામતો તે મુસાફર એકદમ ત્યાંજ ઠરી રહ્યો; પછી એકાએક બોલવા લાગ્યો કે અહાહા ! આ વિસ્તાર વાળી વાવ માહારા માહારાજા સાહેબની પાંચમી પેઢી ઉપર થએલા દાદાના દાદાએ બનાવી છે; અરે ! આ માર્ગનો અને આ ભેદ ભરેલા સ્થાનનો હું શા કારણથી અજાણ્યો રહ્યો હઇશ ! આ મોટા વિસ્તાર વાળી અદભુત વાવની રચના તથા આ રમ્યભુમિ શું ! માહારા રાજાજી નહિ જાણતા હોય ! જો કે તે જાણતા હોય તો આ છુપી જગોનો તે પોતેજ જુદી રીતે ઉપયોગ કરત અથવા રાજ્યના રક્ષણને માટે દ્રવ્યકોષ રાખી મુકવાને આ સ્થાન પસંદ કરત, અથવા શત્રુના ભયથી જ્યારે નાશી જવાનો પ્રસંગ આવે ત્યારે આ સ્થાનમાં નિર્ભયપણે રહેવાને મોટી આશા રાખત; આ અદભુત સ્થાન ઘણુંજ ઉપયોગનું છે એમ જાણીને પોતે કોઇને પણ આ સ્થાનની વાત કરત નહી; જો કે તે રાજા ગંભીર સ્વભાવથી આ ભુમિની વાત કોઇને કહે નહિ; તો પણ પોતે છુપી રીતે આ સ્થાનમાં આવીને તેની સારૂ સુધી રાખ્યા વિના રહે નહી; પણ તેમની ઉમ્મર અત્યાર સુધીમાં લગભગ પચાસ વરસ ઉપરાન્તની થઇ છે તો પણ આ સ્થાન બાબત તે તરફ કંઇ પણ હીલચાલ જણાતી નથી, હું ખાત્રીથી કહુંછું કે આ ગુપ્ત પાતાળ આવાસની રાજાને કંઇજ ખબર નથી; તેમજ હું રાત્ર દિવસ તેમની પાસેજ રહેનારો છું; તેથી મારૂ અજાણ્યું રહિ શકે તેમ નથી; હું રાજાજીનો સાળો થાઉંછું તેથી જેટલો મારા ઉપર તેમના શરીર રક્ષણ માટે વિશ્વાસ છે તેટલો બીજા ઉપર ભાગ્યેજ હશે; એમ વિચાર કરીને તે મુસાફરે તે પથ્થરનો લેખ એક કાગળ ઉપર ઉતારવા માંડ્યો; તે શિલા લેખ ઉપરના અક્ષરે અક્ષર ઉપર જ્યારે તેણે બારીક દ્રષ્ટીએ જોયું ત્યારે તે શીળાના મધ્ય ભાગમાં એક છિદ્ર નજરે પડ્યું; શિળા લેખમાં છિદ્ર હોયજ નહિ, અને કદિ હોય તો કોઇ પ્રકારનો ભેદ હોવો જોઇએ, એ પ્રકારે પેલા મુસાફરે વિચાર કર્યો; તે મુસાફર ઘણો અનુભવિ હતો, તેણે દંત કથાથી, અને ભાટ ચારણોના મુખથી અદભુત રસની કથાઓ ઘણી સાંભળી હતી; તેથી તેના આધારે તેના

મનમાં અનેક શંકાઓ આવવા માંડી, તેથી તે મુસાફર પાસે લોખંડી શરીયાની એક પાતળી ગેડી હતી તે ગેડીને પેલા છિદ્રમાં જોરથી દાબવાનો પરિશ્રમ કર્યો, એટલે તે છિદ્રમાં દબાણ થયું, તેમ થતાંજ તે શિલા લેખનું પાટીયું. એકદમ ભિંતના સાંધામાં ખરરર કરીને ઉતરી પડયું; આમ થવાથી તે મુસાફર એકદમ ચમકયો; અને સાવધ થયો; તે સાથે તેને ભેદ ભરેલું કારણ જણાઈ આવ્યું; વળિ તે ભેદ જોવાને તે ખરેખરો ઉમેદવાર થયો; તુરતજ તેણે તે ગુફામાં દ્રષ્ટી કરી એટલે તેમાં ઉતરવાનાં પગથીયાં જણાયાં; આ વખતે પોતાના ઘોડાને ધીચ ઝાડીમાં કોઇને ખબર પડે નહી તેવી જગોએ બાંધીને પેલી ગુફામાં તેણે પ્રવેશ કર્યો; પ્રવેશ કરતાંજ પહેલે પગથીએ જેવો તે ઉભો રહે છે એટલે તેજ વખતે તુરતજ એવું કૌતુક બન્યું કે, પેલું ખેરી ગએલું શિળા લેખવાળું પાટિયું ભીંતના સાંધામાંથી એકદમ નીકળીને વસાઈ ગયું, આમ થવાથી છેક અંધારૂં થઈ ગયું, મુસાફર એકદમ મુંઝાઈ જવા લાગ્યો, એકા એક સાહસ કરીને પ્રવેશ કર્યો તેના માટે અનેક પ્રકારના તર્ક વિતર્કને આધિન થઈને પસ્તાવા લાગ્યો; પણ તે ઘણો બહાદુર અને હિમ્મતવાન હતો તેથી ભય પામ્યો નહોતો, પણ આ પાટીયું શા આધારથી વસાઇ ગયું ! તે વિષે અનેક પ્રયત્ને કરીને જોવા લાગ્યો ઘણીક વાર સુધી તે આમ તેમ મથી ચુકયો; ત્યારે એમ જણાઇ આવ્યું કે પ્રવેશ કરતાંજ અંદરના પેહેલા પગથીયા ઉપર વજન થવાથીજ આ ખુલ્લું થએલું દ્વાર વંસાઈ જાય છે; અને આ દ્વાર એટલે શિળા લેખની પાછળ વજન દઇને લોખંડી ઠડું તાણવાથી ખુલ્લું થઇ જાય છે; દ્વાર સંબધી આટલો ભેદ જાણવામાં આવ્યો તેથી તેને આનંદ થયો; ત્યાંથી ધીરે ધીરે આગળ ચાલ્યો; પણ રસ્તો ત્રણ હાથ પોહોળો અને બંન્ને બાજુ આરસ પહાંણથી જડીત્ર કરેલી ભીંતો જણાઇ, અંધારૂ એટલું બધું હતું કે કંઇ પણ જોઇ શકાતું નહોતું; તો પણ તે મુસાફર સરાસરી એક કોસ સુધી એવી ઢબના રસ્તાએ ચાલ્યો ગયો; ત્યારે છેવટે એક ભીંતની સાથે તે મુસાફર ભટકાયો; એક કોસ સુધી લંબાઇ વાળા નાળીયા માટે તે મુસાફર ઘણું વિસ્મય પામ્યો; તેમાં પણ છેવટે ભીંત

આવવાથી નિરાશ થયો; થોડીક વાર સુધી હેરાન રહ્યો; કેટલીક વાર સુધી વિચારમાં રોકાયો–વિચાર કરતાં કરતાં એવા નિશ્ચય ઉપર આવ્યો કે આટલી બધી લંબાઈ વાળું સાંકડા રસ્તાનું આરસ પહાણથી જડિત કરેલું નાળીયું છે તો તે કામ નિરર્થક નજ હોવું જોઈએ; ભલે કદિ ભીંત આવી છે, પણ તે ભીંતમાં કે આજુ બાજુના ખુણામાં કોઈ પણ ભેદ હોવોજ જોઈએ; અહાહા! આની મુસાફરી અત્યંત વિચિત્રતાની જણાય છે; એ પ્રકારે વિચાર કરીને અંધારામાં બે બાજુની ભીંતો ઉપર હાથ ફેરવવા લાગ્યો; પણ કંઈ પત્તો લાગ્યો નહિ; વારંવાર આમ તેમ અંધારામાં આથડ્યો, પછી છેવટે નિરાશ થઈને ત્યાંજ બેસી રહ્યો, વળી વિચાર સુઝી આવ્યો કે ઉદ્યોગતો કરવોજ જોઈએ, મારા મનની ધારણા કદિ પણ ખોટી પડે તેમ નથી; એમ ધારીને ફરીથી પ્રયત્ન કરવા લાગ્યો; હાથ ફેરવતાં ફેરવતાં લોખંડનો ખીંટો ભીંતમાં જોડેલો હતો તે સાથે સ્પર્શ થયો; એટલે તે ખીંટાને આમ તેમ જોરથી ખેંચવા લાગ્યો; એટલે એકદમ ચિત્રાનું પાટીયું ખરરર કરીને ભીંતમાં ઉતરી ગયું; એટલે અજવાળાનો ભાસ થયો; કરેલો પરિશ્રમ સફળ થયો એમ જાણીને તે મુસાફરે તેમાં પ્રવેશ કર્યો, એટલે એક મોટું ચોગાન નજરે પડ્યું; તેમાં અનેક પ્રકારની વનસ્પતિઓનાં અને પુષ્પનાં કુંડાં ગોઠવી રાખેલાં હતાં; બાજુ ઉપર દસ બાર ઓરડા હતા, તે તદન ખુલ્લા હતા, તે દરેક ઓરડામાં તેણે જ્યારે જોયું ત્યારે એકમાં અન્ન જાતના મેવા વીગેરે પદાર્થ ભરી મુકેલા હતા, બીજામાં અમુલ્ય સુવર્ણ અને ચાંદીની બનાવેલી વસ્તુઓ જેમકે થાળી, વાટકા, ટાટ, પવાલાં, લોટા, અને મનને આશ્ચર્ય પમાડે તેવી વસ્તુઓ યોગ્ય યોગ્ય જગોએ ગોઠવેલી હતી, ત્રીજામાં ઉત્તમ પ્રકારની સેજ હતી, જેમાં દસ બાર પલંગ ગોઠવેલા હતા. તેમાં મુખમલની તળાઈઓ પાથરેલી હતી; અને બાજુએ ગાદી તકીયા ગોઠવેલા હતા, ચોથામાં પાકશાળા હતી જેમાં ઠેર ઠેર હાંડિઓ ને લાકડાં હતાં, તે લાકડામાં ચાંદી (રૂપા) ના ઘડ કળશ અને પાત્ર જડેલાં હતાં, છતાં ને હાંડીઓ તમામ ખુલ્લાં હતાં; એ પ્રકારે ખંત વેપારથી ભરપુરવાળો કુમ આરામ આ મુસાફરે જોયો, તે

સઘળું જોતાંજ આશ્ચર્ય પામ્યો, અને સંકલ્પ વિકલ્પના સપાટામાં એકદમ સમાધિસ્થ થઇ ગયો;–વારંવાર વિચાર કરવા લાગ્યો કે, આ ગુપ્ત અવાસમાં કોઇ પણ માણસ જણાતું નથી; છતાં આ જગો એટલી બધિ સ્વચ્છ છે કે, હરરોજ વાળી ઝુડીને કોઇપણ સાફ કરતું હોય, અહાહા ! આ સ્થળમાં એવું શું કૌતુક હશે ! અથવા તો કોઇ રાક્ષસ રહેતો હશે કે શું ! તેમ નહિ તો કોઇ કૃત્યાઓ રહેતી હશે કે કેમ ! એક વાતે આ અવાસ ભય બતાવનારો છે; કેમકે આ ગુપ્ત અવાસ નિર્જન અને ગાઢા જંગલમાં બનાવેલો છે; તેથી મનુષ્ય વર્ગ આ સ્થળમાં સુખ ભોગ માટે રહિ શકે એવો તો સંભવ જણાતો નથી; આમ વિચાર કરતો કરતો તે મુસાફર સઘળા ઓરડાઓ તપાસીને વિશેષ જાણવાને માટે બીજી બાજુએ ફર્યો; ત્યારે તેણે એક વિશાળ ચોક જોયો; તે ચોકની ચારે બાજુ સફેત સંગેમરમર પથ્થરના સ્થંભ ખડા કરેલા હતા, તે સ્થંભ ઉપર જડીત્ર અવાસ હતો; ચોકના ઉપરના ચારે તરફના ભાગમાં આરસ પહાણ પથ્થરથી જડીત્ર કરેલી પડાળીયો હતી, તે પડાળીની ચારે બાજુ મળીને વીસ ઓરડા હતા, તે તમામ ઓરડા અનેક પ્રકારની શુશોભિત વસ્તુઓથી શૃંગારેલા હતા, તે સઘળા ઓરડા તે મુસાફરે જોયા; તેમાં એક ઓરડામાં ખીંટી ઉપર અંગરખું ભરાવી મુકેલું હતું; તે અંગરખું તેણે તપાસ્યું, ત્યારે તે અંગરખાના ગુંઝામાંથી એક પત્ર નિકળી આવ્યો, તે પત્ર તેણે વાંચ્યો, પત્ર વાંચતાંજ તે મુસાફર એકદમ ચકરી ખાઇને જમીન ઉપર પડી ગયો; તેનાં બન્યે નેત્ર લાલ ચોળ જેવાં થઇ ગયાં; આખું શરીર ધ્રુજવા લાગ્યું, કમરમાં તલવાર લટકતી હતી તે તલવાર મ્યાંનમાંથી કાઢીને સંગેમરમરના પથ્થર ઉપર ત્રણ ચાર ફટકા કર્યા તેથી તલવારના બે ટુકડા થઇ ગયા; હોઠ ફડફડવા લાગ્યા; વારંવાર ઉભો થઇ થઇને તે અંગરખું હાથમાં લઇને તપાસવા લાગ્યો; ત્યારે તેને એટલું નક્કી થયું કે આ કીમતિ અંગરખું અમુક સરદારનું છે. અને તેનાજ ગુઝામાંથી નિકળેલો આ પત્ર છે, અહાહા ! એમ શી રીતે બન્યું હશે ! જે પરમહંસ જેવો મહા જ્ઞાની છે તેવા પુરૂષના પેટમાં મળ શી રીતે હોય ! જેને સઘળું નગર કેવળ પવિત્રરૂપ ગણે

છે તેવા પવિત્રનું અહિયાં અંગરખું શી રીતે હોય ! અરે ! મ્હેં સાહસ કર્યું ! ક્રોધાધિન થઈને મ્હેં મારી કિમ્મતી તલવારના બે કકડા કર્યા; પણ તમામ વિચાર કરતાં એજ આશ્ચર્ય લાગે છે કે આ પત્ર, આ શુભ અવાસમાં, આ અંગરખાનું ધારણ કરનાર કોઈ મનુષ્ય પાસે શી રીતે આવ્યો, હે પ્રભુ ! તારી ગહનગતિ છે; હે પ્રભુ ! ત્હેંજ મને આ રસ્તો બતાવ્યો છે; અને તારીજ કૃપાથી આ બાબતનો ભેદ આગળ જતાં જણાઈ આવશે, આ પ્રમાણે મુસાફર શાન્ત થયો, અને પેલા ભેદ ભરેલા પત્રને સાચવીને પોતાના ગુજામાં મુકી દીધો; પછી તેને પોતાના ઘોડાને માટે તથા જે નગરમાં જવું છે ત્યાં પોહોચવાને માટે કાળજી થઈ; તેથી તુરતજ એ શુભ અવાસમાંથી નીકળવા લાગ્યો; જે ખુબીથી નાળીયાની અંદરનું મોટું બારણું ખુલ્લું થયું હતું તે રચનાથી માહીત થઈને તેણે તે દ્વાર બંધ કર્યું પછી તે એકકોસ સુધી ભયંકર અંધારા વાળી નેળમાં ચાલવા લાગ્યો, કેટલીક વારે તે શિલા લેખની આગળ આવી પોહોચ્યો, તે શિલાલેખ દ્વારને ખુલ્લું કરીને વાવની અંદર ઉતરી પડ્યો; એટલે શિલાલેખનો પથ્થર જેમ હતો તેમ વસાઈ ગયો; પછી તે સ્વાર વાવમાંથી નીકળીને પોતાના અશ્વ ઉપર બેશીને રસ્તે પડ્યો—

## વિળાસાનંદ કોણ !

ચારે બાજુ ગગન ચુંબિત મોટા પર્વતોના મધ્ય ભાગમાં પ્રભાનગર અત્યંત લક્ષ્મિ નિવાસે કરીને તથા સારા વિદ્વાન પુરૂષોના વાસથી અને અનેક ઉદ્યોગથીજ સુશોભિત હતું; તેમાં પ્રમત્ત સિંહ નામનો રાજા રાજ્ય કરતો હતો, તેનું રાજ્ય ઘણું બહોળું હોવાથી શ્રેષ્ટ પ્રધાનો રાજ્ય કાર્યભાર ચલાવતા હતા: તે સઘળા કામદારો ઉપર દેખરેખ રાખનાર વિલાસાનંદ નામનો શ્રેષ્ટ ગુણનો બ્રાહ્મણ હતો. વિલાસાનંદ એ નગરના રાજાના મુછનો વાળ હતો, તે જેટલું પાણી પાય તેટલું પાણી રાજા પીતો હતો, અર્થાત વિલાસાનંદ ઉપર પ્રમત્ત સિંહ રાજાએ પૂર્ણ વિશ્વાસ રાખ્યો હતો: તે વિલાસાનંદની વિચિત્ર ચાલ કોઈના કલ્પનામાં આવી શકે તેવી નહોતી; તે મહાગંભીર અને

અને અધર્મની જ્વાલાઓનો બોધ કરાવતો હતો,-તે થયા પછી.
નંદબોધાલય, એ નામના ભવ્ય મકાનમાં વિલાસાનંદના આવતા
માં સેંકડો તરૂણ, બાલા, અને વૃદ્ધ યુવતિયો વિલાસાનંદનો બોધ
ળવાને હાજર રહેતા હતા-તેવા મકાનમાં વિલાસાનંદ સ્ત્રીસમુ
પતિવ્રત ધર્મ પાળવા માટે અસરકારક બોધ કરતો હતો—
ામ અટપ્યા પછી, રાજદ્વારમા જતો હતો, છતાં ત્યા પણ રાજ
રમાં રાણી વાસમાં તમામ રાણીયોને જેની જેટલી યોગ્યતા અને
જેટલો વિદ્યાનો સંસ્કાર હતો તે પ્રમાણે વિલાસાનંદે દરેકને
ના પુસ્તકોનો અભ્યાસ કરાવ્યો હતો, જ્યારથી વિલાસાનંદે
યોને ઉત્તમ બોધના માર્ગમાં પ્રવેશ કરાવ્યો ત્યારથી દરેક
નો વિવેક તથા પતિવ્રત ધર્મના અંકુર ફુટેલાં જોઈને રાજાને
. પાર રહ્યો નહોતો. વિલાસાનંદની સર્વ કાર્યમાં કુશળતા જોઈને
. તેની ત્યાગવૃત્તિ જોઈને તેના માટે સઘળા પ્રકારે નિશ્ચયપણું
ના મનમાં રહ્યું હતું. તેના ઉપર હદથી જાદે કૃપા હતી, તેને
: પીસ્તાર વાળો રાજ્ય મહાલ જુદો રહેવાને માટે આપ્યો હતો,
ાં લાખો રૂપીયાની જુવન દોલાને માટે વસ્તુઓ ગોઠવેલી હતી,
જ તેને જે અધિકાર આપ્યો હતો તે તમામ રાજાની સત્તા
હતો; યદ્યપિ તે સત્તાનો સંક ઉપયોગ કરતો હતો, તે વિલાસા
ની ભી મર્ણ પામી હતી ત્યાર પછિ રાજાનો આગ્રહ ફરીથી લગ્ન
વવાને માટે હતા છતાં પણ નહિ માનતાં બ્રહ્મચર્ય વ્રત પાળતો.
, જેટલી અધિ રાજ સમૃદ્ધિ હતી છતાં બ્રહ્મચર્ય પાળીને શયન
તો હતો, પછી જ્યારે તે એકાન્તમાં જતો રહેતો હતો ત્યારે તેના
વિષે કોઈને કંઈજ ખબર પડતી નહોતી, તે અત્યારસુધી
ારે સુધી તેનો પત્તો લાગતો નહોતો, તે શયન. ઠેકાણે તે
ાન્ત આવાસમાં દ્વાર બંધ કરીને પ્રવેશ કરે, પછી આવતીકાલ
ી સુધ તેઃ પણ બહાર નીકળે નહિ નિત્ય નિયમ પ્રમાણે
ન કરવા આવનારાઓએ, વિલાસાનંદનું શયન સ્થાનનું
. . . અટકાવમાંથી જુદુ કરીને અને તેમાં પ્રવેશ કરીને જ્યારે
. . . ત્યારે તે સ્થળે પણ જોવામાં આવે નહીં, તેથી કરીને

સખત મતિ આવી; કેમકે પ્રમત્ત સિંહરાજ દરરોજ વારા ફરત
રાણીને ઘેર જતો હતો તેથી દરેક રાણીને સોળમે દીવસે તે રાજન
સેવા ઉઠાવવાને વારો આવતો હતો; તેથી વિલાસાનંદને મન માન્યુ
વર્તવાને લાગ ઠીક મળતો હતો, તેમાં પણ વધારે નિર્ભયપણે સુખ
ભોગવવાને વિલાસાનંદે વાવ તરફનો છુપો આવાસ ઘણોજ પસંદ કર્યો
હતો; તે છુપા આવાસમાં ઘણા વરસથી રાજાની રાણીયો સાથે એટલે
જ્યારે વારા વાળી રાણી રાજાની સેવામાં જે રાત્રી રોકાય ત્યારે પંદર
રાણીઓ નિર્ભય થઇને તથા એક સંપ કરીને રાણી વાસમાંથી ચંદ્ર
ભાગના ભોંયરામાં થઇને ગુપ્ત રસ્તે થઇને વિલાસાનંદના મહેલમાં,
જે કે સમાપી ચકાવવાની ઓરડી વીલાસાનંદે કરાવી હતી તે
ઓરડીમાં આવીને હાજર થઇ જતી હતી,

## દુર્ગાષ્ટમિ કુતુહલ.

છુપી રીતે શાક્ત ધર્મને માનનારો વામ માર્ગી વિલાસ ક્રિયામાં મસ્ત રહેનાર વિલાસાનંદે આજ જુદી પ્રકારની રચના અનેક વસ્તુઓ જોડીને તે છુપા આવાસમાં કરી હતી; કોઇને ખબર પડે નહી એવી રીતે શાક્ત ધર્મના હઠહઠ્યા કર્મ કાન્ડમાં અનુભવિ અને પૂર્ણ વિશ્વાસુ તથા કેટલાક વૃદ્ધ બ્રાહ્મણોને વિશેષથી પરભારે રસ્તેથી બોલાવીને હોમાત્મક ચંડી પ્રયોગ કરવાને ગુફામાં તેમને પ્રવેશ કરાવ્યો હતો; તેઓએ મોટા વિસ્તારવાળા ચોકમાં વેદી કરી હતી, અને તે વેદીની ચારે બાજુ શ્વેત વસ્ત્ર પેહેરીને (કુંડ) વૃદ્ધ બ્રાહ્મણોએ બીજ મંત્રથી હોમમાં આહુતિ આપવાને શરૂઆત કરી હતી; તે વેદીની ડાબી બાજુએ જરાક દુર એક પાડાને વધ કરવાને માટે સ્ફટિક પથ્થરના થાંભલે બાંધી મુકયો હતો; ધીરે ધીરે શાર્દુલસ્વાહા, શબ્દનો ઉચ્ચાર થઇ રહ્યો હતો, બીજી બાજુએ એક શૃંગારેલ ઓરડામાં એક વિદ્વાન બ્રાહ્મણ સૌ ચક્રની પુજા સાંગોપાંગ પદ્ધતિ પ્રમાણે ત્રિકોણ ષટ્કોણાદિ યંત્ર કાઢીને તે ઉપર મધપાત્ર જોડીને કરી રહ્યો હતો; ત્રીજી બાજુએ પાકશાળામાં કેટલાક માણસો, આસવ ભક્ષ વસ્તુઓ પાક કરવાને માટે ટહેલે લાગેલા હતા; તેમાં

અનાયાસ હથિયાર બંધ બે માણસો આવીને ઉભા રહ્યા; આ વખતે વિલાસાનંદની દ્રષ્ટિ નવિન આવેલા શખ્સ બે માણસો ઉપર ગઇ. વજ્રદત્ત નામનો મહા બળવાન બ્રાહ્મણ હતો તેના તરફ જોઇને ઇસારો કર્યો એટલે તે વજ્રદત્ત તુરત ઢાલ તલવાર હાથમાં પકડીને ઉભા રહેલા બે માણસોની પાસે જઇ પોહોંચ્યો; વિલાસાનંદે મલમલનું ઉપરણું ઓઢયું હતું, તે પણ સત્વરથી ત્યાંજ ઉભો રહ્યો. બધી જગોએ દીપકનો પ્રકાશ હતો તેથી પુર્ણચંદ્રના અજવાળાની માફક તમામ જગોએ અજવાળું હતું; વિલાસાનંદને જોતાંજ એક શખ્સ ધારી એ સિંહ ગર્જના કરી; અને મ્યાનમાંથી તલવાર બાહાર કાઢીને વિલાસાનંદના મસ્તક ઉપર જેવો ઉગામવા જાય છે તેવોજ વજ્રદત્તે તલવારનો ઝટકો તે જુવાન ઉપર એવો કર્યો કે તુરતજ જમીન ઉપર ગબડી પડયો; તેની જોડે બીજો હતો તે કોણ છે! એ વિષે વિલાસાનંદે સારી પેઠે જાણી લીધું હતું; તે પ્રમત્તસિંહ જેકે વિલાસાનંદનો રાજા, શિરછત્ર, અને બીજી રીતે શિષ્ય હતો; અને જે માણસ તલવારના ઝખમથી મર્ણ પામ્યો, તે પેલો મુસાફર જે કે વાવની અંદર આવેલો આ ગુપ્ત આવાસનો ભોમિયો થએલો અને પોતે અંગરખામાંથી એક કાગળ લઇ ગયો હતો તે હતો; વિલાસાનંદે હોઠ હલાવ્યો કે અરે અધમ! દુષ્ટ! પરવાનગી વિના આ અમારા આવાસમાં હેં શા માટે પ્રવેશ કર્યો તું ન્યાય કરનારો રાજા છતાં ચોરી કરનાર અધમ માણસોની માફક ચોર થઇને શા માટે આવ્યો! અમે યોગનિષ્ઠ માણસો ગમે તે સ્થાનકમાં ગમે તે હાલમાં રહેતા હોઇએ છતાં તું અમારી રહેણી અને ઢંગ જોવાને માટે શા માટે પ્રયત્ન કરે છે!

પ્રમત્તસિંહે પોતાનાં હથિયાર જમીન ઉપર ફેંકીદઇને વિલાસાનંદ પ્રત્યે બે હાથ જોડીને કહ્યું કે હે ગુરૂ મ્હેં આપને ગુરૂ કરીને માન્યા છે, આપે મારા રાજ્યમાં ઉત્તમ પ્રકારનો સુધારો કર્યો છે મને આપે આત્મજ્ઞાન આપ્યું છે એટલુંજ નહી પણ મારી તમામ પ્રજા વેદ ધર્મને માનનારી સદાચરણ વાળી થઇ છે, એ તમામ આપનું કર્તવ્ય હું ભુલી ગયો નથી, જે ઉત્તમ ગુણ આપનામાં છે તે ગુણનું

સાંભળ્યું કે તમને દુઃખ નદિઠ તમે જ પણ રાજ મંદિર તરફ ચ
તમે કોઈ રસ્તે થઈને આવ્યા છો તે સઘળો માર્ગ બતાવો,–એમ
પ્રમત્તસિંહનું સમર્થ વચન સાંભળી કુમુદા રાણીએ રાજાના ચરણ
મસ્તક નમાવીને કહ્યું કે. હે મહારાજ ! આ શુભ આવાસમાં મ
અમે જ એક આવીએ; આપે વિલાસાનંદને ગુરૂ માન્યો છે, તે
માટે અમે પણ ગુરૂ માનીયે છીએ, શાસ્ત્રમાં કહ્યું છે કે ગુરૂ આ
તે પ્રમાણે વર્તવું જોઈએ માટે હે રાજન્ ! આજે અષ્ટમીની પુ
હતી તેથી ગુરૂજીએ અમને આ સ્થાનમાં આવવાને કહ્યું હતું; તેમના
આજ્ઞા માથે ચઢાવીને અમે અહિંયાં આવ્યા છીએ; માત્ર અમારો
ગુન્હો એટલોજ છે કે આ સ્થાનમાં આવવા પહેલા અમે આપની
પરવાનગી લીધી નથી;

પ્રમત્તસિંહે ધીરજ રાખીને કહ્યું કે–ઠીક ઠીક તેની કંઈ
ચિંતા નથી. ગુરૂજી જેમ કહે તેમ ચાલવું જોઈએ, ભલે કરી તેમ કર્યું
તો કાંઈ કારણ નથી, પણ હવે અહિંથી રાજ મંદિરમાં ચાલો અને
જે રસ્તે થઈને તમે આવ્યા છો તે રસ્તો બતાવો;

રાજાનું વચન સાંભળીને સઘળી રાણીઓ ઉભી થઈ તેમાંથી
કુમુદા રાણી આગળ થઈ ચાલવા લાગી. તેની પાછળ સઘળી સ્ત્રીઓનું
ટોળું હતું. તેની પાછળ પ્રમત્તસિંહ પોતાના શુરા સિપાઈઓ સાથે
તથા દેરાસરની બારીમાંથી વિલાસાનંદને લઈને અને બાકીના બ્રાહ્મણોને લઈને
રસ્તો કાપવા લાગ્યા; કેટલીકવાર થયા પછી તે ભોંયરાનો માર્ગ છોડયો
અને સર્વે માણસો વિલાસાનંદ જ્યાં પદ્માસન વાળીને એકાન્ત
ઓરડામાં બેસતો હતો તે ઓરડામાં સઘળાં આવી પહોંચ્યા;
વિલાસાનંદના આવાસમાંથી તમામ માણસો બાહેર નીકળ્યા, રાણીઓ
ને માટે મ્યાના તૈયાર હતા તેમાં સઘળી રાણીઓ બેઠી પછી
પ્રમત્તસિંહે વિલાસાનંદના મહેલને તાળું વસાવીને તેને લઈને પોતાના
વીર યોદ્ધાઓને લઈને દરબારમાં ચાલ્યો ગયો; અને વિલાસાનંદને
કારાગ્રહમાં મોકલી દીધો;

બીજે દીવસે વિદ્વાન પંડીત અને અષ્ટ પ્રધાન તથા પ્રજા
વર્ગમાંથી સાધુ શેઠ શાહુકાર વીગેરેથી સભા ભરી, તે વખતે

આનંદ કરીયે પરમેશ્વર એવો દયાળુ ! છે કે એવો દીવસ આ
કોઈ વેળા પણ બક્ષિસ કરશે. તથાસ્તુ.

આપની દાસી.

હે બાઇયો ! આ વિલાસાનંદને શુભ અવાસમાંથી મારી ચંદ્રસા
રાણીયો સાથે રહું પકડયો છે;—જે વિલાસાનંદે આત્મબોધ
સત્ય બ્રહ્મ અને જગત મિથ્યાનું પ્રતિપાદન કરાવીને, મુમુક્ષ
સ્થિતિમાં લાવવાને માટે ષટ્ સંપત્તિ શમાદી સાધન સાધ્ય કરવા
મને અને તમને સર્વને ઉપદેશ કરતો હતો, તે વિલાસાનંદ વાગમા
પ્રવર્તક થઈને પાડાનો વધ કરીને હોમ કરાવતો હતો,—જે વિલાસાન
પ્રાતઃકાળમાં પદ્માસન વાળીને એકાન્ત ઓરડામા અડગ ધ્યાન ધરતો
હતો, તે વિલાસાનંદે લાવણ્યવતિ પરસ્ત્રી સાથે લંપટ પણે વર્તવાન
ધ્યાનમાં મગ્ન રહેનારો નજરે પડયો,—જે વિલાસાનંદે સ્ત્રી સિસણુ
માટે પતિવૃત્ત ધર્મનું પ્રતિપાદન કરવાને સૌમ્ય ચેહેરાથી તથા નિર્મળ
નેત્રને જમીન ઉપર રાખીને ઉત્તમ ભાષણ કરતો હતો, તે વિલાસાનંદ,
નવ નવિન તરૂણ સ્ત્રીયોના ટોળામા રહિને શૃંગાર ઉદ્દિપનની વાતો
કરતો હતો; જે વિલાસાનંદ રાત્રી વખતે આત્મપુરાણ, પંચદશી,
તથા ભગવત્‌ગીતા ઇત્યાદિક અધ્યાત્મ જ્ઞાનનાં પુસ્તકો વાંચીને
શ્રોતાઓનાં મન શુદ્ધ કરતો હતો, તે વિલાસાનંદ તરૂણ લલનાઓ
ના ટોળામાં બેશીને કોકશાસ્ત્રની વાત સાંભળાવતો હતો; જે આ
વિલાસાનંદ આયુર્વેદ મતને અનુસરીને તથા વૈદિક શાસ્ત્રને મળિને
શારીરીક સંપત્તિ સુધારવાને માટે મદ્ય માંશનો નિરસ્કાર કરીને શર્કરા
મિશ્રિત દુગ્ધ પિવાને માટે મત આપતો હતો, તે વિલાસાનંદ મદ
મસ્ત થએલી અત્યંત સ્વરૂપવાન સ્ત્રીને વામભાગે બેસારીને શ્રી ચક્ર
યંત્રનું પુજન કરાવીને મદના પ્યાલા ગટગટાવી જતો હતો, તથા
આમશ્રાભક્ષ કરતો હતો; તો શું ! ચંદનથી ચાર્ચિત કરેલા કપાળવાળા
આવા દંભને યોગ્ય માનવો ! નહિ નહિ, જેનું અંતઃકરણ શુદ્ધ છે
એવા પવિત્ર આત્મા સાદુંશ્ય છે; અને દંભીને ફાંદું છે કે.

હે રાજન્ ! આ વાત ઉપરથી તને સમજવું પડી હશેજ કે જેના શરીરમાં કામનું વિશેષ આવર્ણ હોય છે તે ભલે કદી વિદ્વાન હોય તો પણ તે આવર્ણના સપાટામાં ફસાઈને તેવાં કામ કરે છે; સામાન્ય પુરૂષના અંતઃકરણમાં આ વિવેક, નિર્લજ્જતા, નિર્દયતા, સાહસ કૃત્ય, ક્રોધાવેશ, અને સ્વાર્થ, એટલા વિકાર નવિન ઉત્પન્ન થાય છે, આ વાતમાં સ્પષ્ટ જણાઈ આવે છે કે વિવેકાનંદે જેનું અન્ન ખાધું, અને જેને પોતાનો પિતાતુલ્ય માનવો જોઈએ છતાં અવિવેક દ્વારાએ રાણીયોનું મન હરણ કરીને અનાચાર રીતે વર્ત્યો; એજ સુસ અવાસમાં પ્રમત્તસિંહ આવેલો છતાં લજ્જાનો ત્યાગ કરીને નિતિ વિરૂદ્ધ બોલવા લાગ્યા હતા. એજ પ્રમત્તસિંહના સાળાને નિર્દયતા વાપરીને મર્ણ પમાડયો. હતો; પોતાનો માલીક અન્નદાતા છતાં તેના અવાસમાં દંભકાર્ય બનાવીને પ્રવેશ કર્યા પછી જે કાંઇ કાર્ય કર્યું તે તમામ સાહસનું દર્શન છે.-જો કે તે ઉપર ઉપરથી મિષ્ટ વાણી બોલતો હતો પણ જ્યારે પોતાના મનનું ધાર્યુ થતું નહોતુ ત્યારે તેને ક્રોધ ચઢતો હતો, તે સઘળું કામ વિકારના આવર્ણનું દર્શન છે;

## ક્રોધ.

હે રાજન, ! જેના અંતઃકરણમાં ક્રોધનું વિશેષ આવર્ણ છે, તેને કદી પણ જ્ઞાન પ્રાપ્ત થતું નથી; ક્રોધને જ્યારે પ્રકોપ થાય છે ત્યારે વિવેક નાશ પામે છે; શારીરિક સંપત્તિ ઉપર બીલકુલ પરવા રાખવામાં આવતી નથી; જેમ જ્વાલાગ્રાહી પદાર્થને ગમી સ્પર્શ કરે છે તેમજ ક્રોધ આવર્ણમાં ડુબી ગયેલો અર્થાત ક્રોધાંધ થએલો પોતાના શરીરને જેવી રીતે અજ્ઞાન દ્વારાએ પતંગીયો દીપકમાંપડીને ભસ્મ થાય છે તેવી રીતે તે ક્રોધાથી મર્ણની બીક નહિ રાખતાં યુદ્ધ કરીને નાશ પામે છે; કેટલાક શસ્ત્રવડે કરીને આત્મ હત્યા કરે છે, કેટલાક પોતાની સ્ત્રીને કિંવા પુત્રને, કિંવા પીતાને કિંવા માતાને, કે, અગનીને મારી નાંખે છે; ક્રોધી માણસના અંતઃકરણમાં સાહસકર્મનો નિવાસ થાય છે; ક્રોધનું જ્યારે આવણુ થાય છે ત્યારે નિર્દયતા પ્રાપ્ત થાય છે; દરેક શબ્દો વજ્ર તથા બાંણ જેવા નીકળ્યાં કરે છે; ક્રોધાતુર માણસથી સજ્જન પુરૂષોની કે વિદ્વાન જનોની સોબત થતિ નથી;

